

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رضی اللہ عنہ એટલે

# રાહતુલ કુલૂબ

સંપાદક

رضی اللہ عنہ
મહબૂબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા

અનુવાદક

પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)


પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ઓફિસ ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૪૨ | આવૃત્તિ–૨ | પ્રત : ૩૦૦૦ |
| ૨૦–સફરુલ મુઝફ્ફર | હિ.સ. ૧૪૪૦ | નવેમ્બર–૨૦૧૮ |

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અનુક્રમણિકા


| વિષય | ક્રમ |
|---|---|
| પ્રકાશકના બે બોલ... | 07 |
| હઝરત ફરીદુદ્દીન ગંજ શકર رحمۃاللہعلیہનો ટૂંક પરિચય | 09 |
| પીરની વાણીને લખવાનો અજ્ર | 16 |
| દુરવેશી કોને કહેવાય છે ? | 17 |
| દુરવેશનો મક઼ામ | 20 |
| દુરવેશની સખાવત | 21 |
| સાચા દુરવેશ આવા હોય છે ! | 23 |
| દુનિયાની મહોબ્બત વિશે | 26 |
| તે દુરવેશ નથી બલ્કે તરીક઼તનો મુર્તદ છે ! | 29 |
| સૂફીપણાની ગોદડીને પાત્ર કોણ ? | 30 |
| શબે મેઅરાજની ફઝીલત | 33 |
| સમાઅની હક઼ીક઼ત અને સાચો વજ્દ | 37 |
| બુઝુર્ગોનો બયઅતનો તરીક઼ો | 40 |
| રાહે સુલૂકનો મુસાફિર શું કરે ? | 45 |
| નમાઝમાં ઈસ્તેગરાક઼ (અતિશય તલ્લીનતા) | 48 |
| બીમાર તથા ગરીબોના આખેરતના દરજાઓ | 49 |
| દુરવેશોની કરામતોનું પ્રદર્શન | 51 |
| ગુનાહ પ્રતિ મૂકાયેલ પગ કાપી નાખ્યો ! | 52 |
| વલીની કરામતનો કમાલ ! | 53 |
| નાની સરખી લાકડીનો કમાલ | 54 |

| | |
|---|---|
| વલીના તીરનો કમાલ ! | 55 |
| દુકાળમાં વલીની દુઆથી તરત જ વરસાદ થયો ! | 55 |
| શયખ અબુલ ગયષની વફાતનો હાલ | 56 |
| મૂસા علیہ السلام અને મલકુલ મૌતનો બનાવ | 56 |
| ઈશ્કવાળાની કૈફિયત | 57 |
| હજારો બીમારોને શિફા મળી | 59 |
| એક ખ્વાબની તઅબીર | 60 |
| ૨૦ વર્ષે પુત્ર ઘરે પરત આવ્યો | 61 |
| વિર્દો વઝાઈફ છૂટી જવાનાં નુકસાનો ! | 62 |
| મુરીદને અઝાબથી બચાવી લીધો ! | 63 |
| બુઝુર્ગોના સફરના અનુભવ | 64 |
| દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોની જડ | 65 |
| બુઝુર્ગની નસીહત તથા કરામત | 66 |
| અનોખા સફરની અનોખી દાસ્તાન | 67 |
| માહે રમઝાનની ફઝીલત | 69 |
| રમઝાન આવતાં ખુશ થવાનો બદલો | 70 |
| રોજ તરાવીહમાં બે વાર ખત્મ ! | 70 |
| નદીનું સર્વ પાણી છાસ બની ગયું ! | 72 |
| હવામાં ઉડતો જાગી ઈમાન લાવ્યો ! | 73 |
| દુનિયા તથા તેના માલથી બેપરવાઈ | 76 |
| નબી صلی اللہ علیہ وسلم ની તા'ઝીમ અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما | 77 |
| બુઝુર્ગ પોતાની કરામતને છુપાવે છે | 79 |

| | |
|---|---|
| હઝરત ઉમરના અદ્લનો બનાવ | 80 |
| હઝરત ઉમરના જલાલનો પ્રભાવ ! | 81 |
| અક઼લ તથા ઈલ્મ વિશે | 82 |
| ઈલ્મની ફઝીલત વિશે | 84 |
| ગાફેલ ઉલમા વિશ | 85 |
| મઅરેફત વિશે વર્ણન | 86 |
| તર્કે દુનિયા વિશે | 88 |
| ઝુહદ વિશે ચર્ચા | 89 |
| અલ્લાહની બુઝુર્ગી વિશે | 90 |
| યાદે ઈલાહીથી ગાફેલ મુર્દા છે | 91 |
| દાઢી અને તંગદસ્તીથી નજાત ! | 92 |
| એક કાંસકીનો ઉપયોગ બીજા ન કરે | 93 |
| ઝિક્રે ઈલાહીની બરકતો | 93 |
| ઝિક્રે ઈલાહીની બરકતો | 94 |
| દુઆની ફઝીલત | 95 |
| ઝિલ્ હજ્જની ફઝીલત | 96 |
| ઝિલ્ હજ્જના અશરા (૧૦ દિવસો)ની ફઝીલત | 98 |
| અરફાની રાતના અમલો | 100 |
| મઝહબ (મસ્લક)ના બારામાં ચર્ચા | 104 |
| ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો મક઼ામ તથા મર્તબો | 105 |
| બુઝુર્ગોની ઈબાદત તથા તેમનું ઈમાન | 106 |
| મઝહબના શજરાની પણ જાણકારી રાખો | 107 |

| | |
|---|---|
| દર્દમાં સપડાવાનો સબબ | 108 |
| ઘરમાં શૈતાન નથી આવતો | 108 |
| ગરીબી દૂર કરવાનો ઈલાજ | 109 |
| આયતે કરીમાની ફઝીલત તથા ફાયદા | 109 |
| ગમ દૂર કરવાનો ઈલાજ | 110 |
| દરેક પ્રકારના નુકસાનથી બચવાનો ઈલાજ | 111 |
| કોઈના ડર તથા ધોકાથી બચવાનો ઈલાજ | 112 |
| માશા અલ્લાહ કલમાની ફઝીલત | 113 |
| કબ્રના અઝાબથી છૂટકારાનો અમલ | 113 |
| ત્રણ નેઅમતો અર્પણ થશે | 115 |
| દુરૂદ શરીફના વઝીફાની બરકત | 116 |
| વઝીફો છૂટવા પર અફસોસ ! | 116 |
| દુરૂદ શરીફ પઢી ફૂંક મારવાની બરકતો | 118 |
| દુરૂદ શરીફની ફઝીલત | 119 |
| આયતુલ કુર્સીની બરકતો | 121 |
| વિવિધ અકસીર દુઆઓ | 122 |
| દિલ ઈમાનથી મુત્મઈન કરવાનો ઈલાજ | 124 |
| અલ્લાહના દોસ્તોથી મળવાનો અમલ | 124 |
| નેક પુત્ર મેળવવાનો અમલ | 125 |
| કયામતમાં નેકોની સફમાં જગા મેળવો | 126 |
| જાલિમોની ચુંગાલથી બચવા માટે | 127 |
| રોજીમાં બરકત તથા રહમત પામો | 128 |

| | |
|---|---|
| જાલિમોથી બચવાનો અમલ | 129 |
| શૈતાન જિન તથા શિર્કથી બચવાનો અમલ | 130 |
| કાફિરોના પ્રભાવથી બચવા માટે | 131 |
| જન્નતી થવાની દુઆ | 132 |
| બલાઓથી બચવાની દુઆ | 133 |
| ઝહેર પણ અસર કરશે નહીં ! | 134 |
| દુઆની કબૂલિયતની શરતો | 135 |
| મુહર્રમની ૧લી તારીખની ફઝીલત | 136 |
| છ રકાત નફલ નમાઝની ફઝીલત | 137 |
| આશૂરાના રોઝાની ફઝીલત | 139 |
| જે હાજત માગશે તે પામશે | 139 |
| કફનચોરની ઝબાની કબ્રોવાળાઓની કહાની | 140 |
| બેનમાઝી તથા નાફર્માનની કબરનો મન્ઝર ! | 141 |
| આશૂરામાં નમાઝ પઢવાની બરકત | 142 |
| મુજાહિદાના વિશે ચર્ચા | 142 |
| બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો મુજાહિદો | 145 |
| ઈસ્લામનો વિરોધી યહૂદી મુસલમાન બની ગયો | 147 |
| બાયઝીદ رحمۃ اللہ علیہનો જનાઝો અર્શે ખુદા છે ! | 149 |
| ખ્વાજા કુત્બુદ્દીનનો જનાઝો ફરિશ્તા ઉઠાવીને જતા જોયા | 149 |
| વિસાલ વેળા પણ હુઝૂરની ફિક્રે ઉમ્મત | 151 |
| નઝમનો ભાવાર્થ | 154 |
| મનકબત | 156 |

# બુઝુર્ગોની વાતો વાંચવી એ એમની મેહફિલ સમાન

## *પ્રાસંગિક બે વાતો...*

بسم الله الرحمن الرحيم

સારી સોહબત માણસને નેક બનાવે છે અને બુરી સોહબત માણસને બુરાઈઓમાં સપડાવી દે છે. એટલા માટે અલ્લાહના નેક બંદાઓ, અવલિયાએ કિરામની, બાઅમલ ઉલમાની સોહબત અપનાવવાની સદા કોશિશ કરવી જોઈએ. ''વલી તે જેને જોવાથી ખુદા યાદ આવી જાય.'' જેની સોહબતથી માણસમાં રબ તઆલાની ફર્માબરદારીનો જઝબો જોશ મારે અને ખુદાનો ડર દિલમાં એવો બેસી જાય કે ગુનાહોથી નફરત અને નેકીઓથી મહોબ્બત થઈ જાય, ઈશ્કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم માં દીવાનગીનો આલમ પેદા થાય. તો એવાઓની સોહબતથી માણસ જન્નતી બની જાય છે અને બુરા લોકોની સોહબતથી માણસ જહન્નમી બની જાય છે.

જો કોઈ વલી કે બાઅમલ આલિમની સોહબત શક્ય ન હોય તેમના માટે તેમની કહેલી વાતો તથા તેમની લખેલી કિતાબોનું સતત વાંચન એ પણ તેમની મેહફિલમાં બેસવા સમાન જ છે. અને એ જ આશયથી અત્રે ''હશ્ત બહિશ્ત'' કિતાબમાંથી ચિશ્તી બુઝુર્ગોનાં કથનો તથા મલ્ફૂઝાતની સીરીઝ આપણે પ્રસિધ્ધ કરી રહ્યા છીએ. અત્યાર સુધીમાં આપણે (૧) અનીસુલ અરવાહ

(૨) દલીલુલ આરિફીન (૩) ફવાઈદુસ્સાલિકીન કિતાબો અનુક્રમે હઝરત ઉષ્માન હારૂની رحمۃاللہعلیہના મલ્ફૂઝાત હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃاللہعلیہ થકી, હઝરત ગરીબ નવાઝ رحمۃاللہعلیہના મલ્ફૂઝાત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃاللہعلیہ થકી, કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃاللہعلیہના મલ્ફૂઝાત હઝરત ફરીદુદ્દીન ગંજશકર رحمۃاللہعلیہ થકી, રજૂ કર્યા અને અત્રે **"રાહતુલ કુલૂબ"** નામથી હઝરત ફરીદુદ્દીન ગંજશકર رحمۃاللہعلیہના મલ્ફૂઝાત મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃاللہعلیہ થકી રજૂ કરી રહ્યા છીએ.

પ્રસ્તુત કિતાબમાં સાચા દુરવેશની, સાચા સૂફીની ઓળખ, બીમાર તથા ગરીબોના આખેરતમાં દરજાઓ, વલીના કમાલો, શબે મેઅરાજની, માહે રમઝાનનની ઝિલ હજ્જની ફઝીલત, હઝરત ઉમર رضی اللہ عنہના અદબ વિશે, ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો મકામ તથા મર્તબો, કલમાની, દુરૂદ શરીફની ફઝીલત ઉપરાંત વિવિધ અમલો તથા તેના ફાયદા વગેરે દિલની સફાઈ કરી દે તેવી વાતો આપના મલ્ફૂઝાતમાં રજૂ કરીલી છે.

ઉમ્મીદ છે કે દીની ભાઈઓ બહેનો પ્રસ્તુત કિતાબનો અભ્યાસ કરશે અને બુઝુર્ગ હસ્તીઓના મલ્ફૂઝાત વાંચીને ફયઝયાબ થશે. રબ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلمના સદકામાં નેક અમલની તૌફીક બખ્શે. ગુનાહોથી નફરત અને નેકીઓથી આકર્ષણ આપણા દિલમાં પેદા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

**લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## હઝરત ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہનો ટૂંક પરિચય

**બરકતે ઈશ્તેમાલ, હરીકુલ મહબ્બત, બુરહાનુલ આશિક઼ીન હઝરત ખ્વાજા ફરીદુલ હક્ક઼ વલ્ મિલ્લત વદ્દીન મસઊદ ગંજ શકર અજોધ઼ની رحمۃ اللہ علیہનો ટૂંકમાં જીવન પરિચય** : આપનુ નામ મુબારક મસઊદ બિન સુલૈમાન છે. આપ ક઼ૌમ શયખે ફારૂક઼ી એટલે બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہની ઔલાદમાંથી છે. આપનો વંશવેલો સત્તરમી પેઢીએ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને જઈને મળે છે. હઝરતનાં વાલિદાનું નામ બીબી કુરસમ ખાતૂન બિન્તે મૌલાના વજીહુદ્દીન ખજંદી છે. આપ અઅ્ઝમુન્નિસા આરિફાતમાંથી છે. આપનું વર્ણન મોટાભાગની સિયરની કિતાબોમાં વિગત સાથે થયેલું છે.

**લક઼બ શરીફ અને તે મળવાના કારણો** : આપનો લક઼બ શરીફ ફરીદુદ્દીન ગંજ શકર તથા હરીકુલ મહબ્બત છે, કેમ કે ઈશ્ક઼ો મહબ્બતે ઈલાહીની આગે આપના વજૂદમાં પોતાની જાતના જલ્વા સિવાય અન્ય કાંઈ છોડયું ન હતું.

બીજુ કારણ આપનું "ફરીદુદ્દીન" લક઼બ અતા કરવાનું એ છે કે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ "તઝકિરતુલ અવલિયા"ના લેખક છે. અને એક રિવાયતમાં છે કે આ લક઼બ

આપને ગયબના પર્દાથી હાંસલ થયો હતો અને "ગંજે શકર" લક઼બ મળવાના ત્રણ કારણો સિયરની કિતાબોમાં વર્ણવ્યા છે.

૧. એકવાર આપે દિલ્હીમાં રોઝો રાખ્યો હતો. નિશ્ચિત સમયે ઈફતાર કર્યો. કોઈ ચીજ એવી આપને એ સમયે ન મળી કે આપને સુકૂન થાય, લાચાર થઈને અડધી રાત વીતતાં આપે ખૂબ જ કમજોરીને લઈને હાથ જમીન પર માર્યો તો થોડાક કાંકરા તે વખતે હાથમાં આવ્યા. આપે એને ઉઠાવીને મોઢામાં રાખી લીધા, તો એ પથ્થરના ટુકડા આપના મોઢામાં ખાંડ(શકર) બની ગયા ! જ્યારે આ ખબર આપના પીર રોશન ઝમીર હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને થઈ તો આપે ફર્માવ્યું કે ફરીદ "ગંજે શકર" છે.

૨. આપ એકવાર હઝરત ખ્વાજા શહીદુલ મહ઼બ્બત رحمۃ اللہ علیہમાં હાજરી આપવા માટે રહેઠાણની જગાએથી રવાના થયા તો રસ્તામાં કેટલાયે સ્થળો સુધી આપને ખાવા માટે કાંઈ ન મળ્યું. એક રોજ ખૂબ જ કમજોરીના કારણે આપ જમીન પર ગબડી પડયા, અને જે માટી આપના મોઢામાં પહોંચી તે ખાંડ (શકર) બની ગઈ. જ્યારે આ ખબર હઝરત ખવાજા કુત્બુલ અક઼તાબ رحمۃ اللہ علیہને પહોંચી તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે ફરીદુદ્દીન "ગંજ શકર" છે.

૩. એકવાર આપ રસ્તામાં બેઠેલા હતા એવામાં એક વણઝારો આપની સામે થઈને પસાર થયો જેના કોથળાઓમાં ખાંડ (શકર) લાદેલી હતી. આપે એને પૂછયું કે આ કોથળાઓમાં શું છે ? તેણે મઝાકરૂપે કહ્યું કે મીઠુ (નમક) છે. આપે ફર્માવ્યું : ખૈર ! નમક જ હશે ! તો ખાંડ (શકર) એ જ વખતે મીઠુ બની

ગઈ. જ્યારે ઠેકાણા પર પહોંચીને તેણે કોથળા ખોલ્યા તો ખાંડને બદલે મીઠુ જોયું. તે રડતો રડતો હઝરતની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી, ગુલામથી ભૂલ થઈ ગઈ કે શકરને મીઠુ બતાવ્યું, અને આપના ઉચ્ચારણથી તે મીઠુ બની ગયું. આપે ફર્માવ્યું, જા બાબા ! તે શકર (ખાંડ) હતી તો ખાંડ થઈ ગઈ ! જ્યારે તે વણઝારાએ આવીને જોયું તો મીઠુ સર્વ ખાંડ બની ગયું હતું.

**જન્મ મુબારક** : આપની વિલાદત બાસઆદત કસ્બા ખોટીવાલ કે જેને આજકાલ મશાઈખની ચાવલ કહે છે જે પાક પટ્ટન તા. મહાર શરીફ જિ. મુલતાનમાં આવેલ છે.

**બયઅત તથા ખિલાફત** : આપે ઈરાદત (મુરીદ થતા) પહેલાં ચોતરફ સ્થળોની સૈર કરી, આપે દરેક શહેરના અવલિયાથી ફયઝ પામ્યો. જેમ કે એ બાબત આપના મલ્ફૂઝાતથી જાહેર છે. અને જ્યારે દિલ્હીમાં પહોંચ્યા અને હઝરત ખ્વાજા શહીદુલ મહબ્બત કુત્બુલ અક્તાબ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہનો અઝમત તથા જલાલનો ડંકો સાંભળ્યો તો આપ હાજર થઈને પ્રથમ મજલિસમાં જ અઝમતથી આકર્ષાયને શયખથી મુરીદ થઈ ગયા. ખ્વાજા હરીકુલ મહબ્બત પોતે જ સ્વીકાર કરે છે કે મેં ચોતરફના સ્થળોની સૈર કરી અને હજારો અવલિયા અલ્લાહ જોયા અને તેમના ફયઝ થકી સરફરાઝ થયો. પણ જે અઝમત તથા જલાલ (મહાનતા) મારી નજરે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની જોયી તે કોઈની ન જોયી. (હું એમનો મુરીદ થયો) મારા શયખે ત્રણ દિવસ બાદ કરમની અતાનો દરવાજો મારા પર ખોલી આપ્યો. (છેવટ સુધી)

અને એ પણ નકલ થયેલ છે કે આપ ઈલ્મ પ્રાપ્તિમાં જ્યારે

કે મુલ્તાન ખાતે વ્યસ્ત હતા અને તાલીમ આપનાર બુઝુર્ગથી "કિતાબે નાફેઅ" જે ફિકહની મશ્હૂર કિતાબ છે તે પઢતા હતા. એ જ દિવસોમાં હઝરત ખ્વાજા શહીદુલ મહબ્બત અવશ સ્થળેથી મુલ્તાન તશરીફ લાવ્યા. જ્યારે આપની નજર આપના પર પડી તો કશ્ફ થકી આપનો હાલ જાણી લીધો અને નજીક બોલાવીને ફર્માવ્યું કે હે સાહબ ! શું પઢો છો ? આપે અર્ઝ કરી કે "કિતાબે નાફિઅહ" પઢુ છું. એના પર હઝરતે ફર્માવ્યું કે, "નાફેઅ"થી કાંઈ નફો પહોંચવાની ઉમ્મીદ છે ?! આપે ગુઝારિશ કરી કે નાફિઅહથી તો ખૈર પણ મને હઝરતની નિગાહે કરમથી ફાયદો પહોંચવાની અધિક ઉમ્મીદ છે. આવું કહીને કદમ મુબારક હઝરત ખ્વાજા શહીદુલ મહબ્બત رحمۃ اللہ علیہ પર ગબડી પડયા અને મોઅતકિદ બની ગયા અને તાલીમ છોડીને હઝરત ખ્વાજા કુત્બુદ્દીન સાથે દિલ્હી તશરીફ લઈ ગયા. અને મુરીદના સંબંધે બંધાયને ખિલાફતના ખિર્કાથી ફયઝયાબ થયા.

સિયરની કિતાબોમાં લખ્યું છે કે બયઅત વખતે આપની ઉમર ૧૫ કે ૧૮ વરસ હતી અને બયઅત પછી આપ ૮૦ વરસ જીવંત રહ્યા. કુલ ઉમર આપની ૯૫ કે ૯૮ વરસની થઈ.

**અજોધન પાક પટ્ટન શાથી થયું ? :** આપને ફકો ફાકા (ગરીબી તથા ભૂખે રહેવાનું) ખૂબ જ મહબૂબ તથા પ્રિય હતું. કોઈ સ્થળે તશરીફ લઈ જતા તો ત્યાંના રહેવાસીઓ તે અન્વારે ઈલાહી જે આપના ચહેરા મુબારક પર હતા તેને જોઈને ખિદમતમાં હાજર થતા. ત્યાં આપને એ બાબત નાપસંદ પડતી જેથી આપ ત્યાંથી દૂર થઈને બીજી જગાએ તશરીફ લઈ જતા. જ્યારે ત્યાં પણ એ જ મામલો પેશ આવતો તો આપ અન્ય જગાએ

જતા રહેતા. એવું કરતાં કરતાં અજોધનમાં પહોંચ્યા કે ત્યાંના રહેવાસી દુરવેશોના મુન્કિર તથા ખૂબ જ સખત તથા કટુ મિજાઝના હતા. કોઈએ આપના ત્યાં પહોંચવા પર ધ્યાન ન કર્યું અને ન આગતા સ્વાગત કરી, બલ્કે બુરુ ભલુ કહેવાનું શરૂ કર્યું. જયારે આપે એ મામલો જોયો તો ઘણા જ ખુશ થયા અને પોતાના નફસને સંબોધીને કહ્યું કે, હે ફરીદ ! તારા રહેવા લાયક જગા છે ! અને અજોધનના રહેવાસીઓએ પોતાની બુરી આદતના કારણે આપને શહેરમાં પણ ન રહેવા દીધા જેથી આપ શહેરની બહાર એક ઘટાદાર ઝાડના સાયામાં સ્થાયી થયા અને ખુદાની યાદમાં મશગૂલ થઈ ગયા.

મોટાભાગનો સમય આપ જામેઅ મસ્જિદમાં પસાર કરતા હતા. ત્યાં આપની અવલાદો થઈ. આપ ફાકા પર ફાકા કરતા અને સખત રીતે મહેનત તથા તકલીફ વેઠતા અને ત્યાં જ રહેતા.

આપની દલીલ રોશન તથા બુરહાન મજબૂત હતી જેથી છુપી રીતે રહેવાનું ન મળ્યું અને આપની ખ્યાતિ દૂર નજીક સર્વ ઠેકાણે પહોંચી ગઈ અને આસપાસથી મશાઈખ તથા દીનના ઈમામો આપની ખિદમતમાં હાજર થવા લાગ્યા, અને છેવટે એ શહેરની એટલી બધી ખ્યાતિ થઈ ગઈ કે સાલેહ લોકોની આવજા તથા વસવાટના કારણે અજોધનનું નામ બદલાયને પાક પટ્ટન થઈ ગયું.

**શાદી તથા અવલાદ :** આપે નબી ﷺની શરીઅત પર ચાલીને ચાર શાદીઓ કરી અને પાંચ પુત્રો તથા ત્રણ પુત્રીઓ બાકી રહી. પૌત્રો તથા નવાસાઓની કોઈ ગણત્રી નથી.

આપના વર્ણન તથા કરામતોથી ઘણી સિયરની કિતાબો ભરેલી પડી છે. બાકી હાલાત જાણવા માટે ''જવાહિરુલ ફરીદી'' કિતાબ લેખક મોલ્વી મુહમ્મદ અલી અસ્ગર ઈબ્ને મખ્દૂમ શયખ મૌદૂદ ઈબ્ને મખ્દૂમ શયખ મુહમ્મદ કુર્શી ચિશ્તી બંદાલ્વી ફતહપૂરી જે હઝરત બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہની ઔલાદમાંથી છે તેનો અભ્યાસ કરવો જોઈએ. એ કિતાબનો ઉર્દૂ તર્જુમો મલિક ફઝ્લુદ્દીન તથા મલિક ચુનનુદ્દીન લાહોરે ખૂબ જ ઉમદા કાગળો પર પ્રસિધ્ધ કર્યો.

હઝરત બાબા સાહબની કરામતના બારામાં સિયરની કિતાબોમાં લખ્યું છે કે આપની અદના કરામત એ હતી કે આપે રહમતનો દરવાજો દરેકના માટે ખોલી આપ્યો હતો. કેટલાયે ખતાકાર તથા ફાસિક઼ો ફાજિર આપના હુઝૂરમાં હાજર થતા તો આપ એને બયઅતના શરફથી મુશર્રફ ફર્માવીને ઉચ્ચ મક઼ામો પર પળવારમાં પહોંચાડી આપતા હતા.

**વફાત શરીફ :** આપની વફાત શરીફ સુલ્તાન ગ્યાસુદ્દીન બલબનના સમયમાં મંગળવારના રોજ મુહર્રમ શરીફ હિ.સ. ૬૬૬માં થઈ. મઝાર મુબારક આપનું પાક પટ્ટન (પાક)માં લોકોની ઝિયારતગાહ છે.

بسم الله الرحمن الرحيم

# રાહતુલ કુલૂબ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

યાદ રાખશો કે અલ્લાહ તઆલાની તૌફીક઼થી આ ઈલ્હામે રબ્બાનીના ખજાનાનાં ઝવેરાત તથા સુબ્હાની ઈલ્મોના ફઝ્લના ગુન્ચાઓ સુલ્તાનુલ મશાઈખ શયખુશ્શોયૂખુલ આલમ કુતુબ અલ્લામતુદુન્યા, બદરુત્તરીક઼હ, બરહાનુલ હક઼ીક઼ત. સૈયદુલ આબિદીન, બદરુલ આબિદીન, ઉમ્દતુલ અબરાર, કુદવતુલ અખ્બાર, તાજુલ અસ્ફિયા, સિરાજુલ અવલિયા, મલિકુલ મસાકીન, બુરહાનુલ આશિક઼ીન, ફરીદુલ હક્ક઼ વશ્શરહુલ વાલિદૈન رحمۃ اللہ علیہની મોતીઓ વેરતી ઝબાનેથી સાંભળીને જમા કર્યા. અને અન સંગ્રહનું નામ **"રાહતુલ કુલૂબ"** રાખ્યું.

૧૫ માહે રજબ હિ.સ.૬૫૫ના રોજ કદમબોસીની દૌલત નસીબ થઈ. મુસલમાનોનો દુઆગો નિઝામુદ્દીન અહમદ બદાયૂની જે સુલ્તાનુત્તરીક઼તનો એક ગુલામ આ મોતીઓને એકત્ર કરનારો

છે, તે અર્ઝ કરે છે કે જ્યારે કદમબોસીનો શરફ હાંસલ થયો તો આપે ચાર તુર્કી કુલાહ જે માથે પહેરી હતી તેને ઉતારીને દુઆગોના માથા પર રાખી અને ખાસ ખિર્કા તથા લાકડાની ના'લૈન (પગરખાં મુબારક) અતા ફર્માવી.

તેમજ ફર્માવ્યું કે મારો ઈરાદો તો હતો કે હિંદુસ્તાનની વિલાયત કોઈ અન્યને આપું પરંતુ તમે રસ્તામાં હતા એવામાં ઈલ્હામ થયો કે આ વિલાયત નિઝામુદ્દીન અહમદ બદાયૂનીની છે, એને આપો. હું કદમબોસીની આતુરતામાં ઉઠીને કાંઈક અર્ઝ કરવા ગયો પરંતુ રૂઆબના કારણે ન કરી શક્યો. આપે રોશન ઝમીરીના કારણે વાકેફ થઈને ફર્માવ્યું, હા ! એનાથી તમારી આતુરતા જેવી કે દિલમાં છે એનાથી અધિક અમારા સમક્ષ રોશન છે.

## પીરની વાણીને લખવાનો અજ્ર

તેમજ એ પણ ફર્માવ્યું કે لكل داخل وهشة જ્યારે મેં સાંભળ્યું, તો દિલમાં ખયાલ કર્યો કે એના પછી જે કાંઈ ઝબાન મુબારકથી નીકળશે તેને હું લખતો જઈશ. હજી આ ખયાલ મારા દિલેથી પસાર થવા જ ન પામ્યો હતો એવામાં ફર્માવ્યું કે એ મુરીદની કેટલી ખુશનસીબી છે કે જે પોતાના પીરનાં ફર્માનોને કલમબંદ કરે, અને હોશના કાન એ તરફ લગાડે. એટલા માટે કે અબરારે અવલિયામાં લખ્યું છે કે જ્યારે મુરીદ કાંઈક પોતાના પીરની ઝબાની સાંભળે અને તેને લખે તો લખાણના અક્ષરોના બદલામાં હજાર વરસની ઈતાઅતનો સવાબ તેના આમલનામામાં લખવામાં આવે છે, અને મૃત્યુ બાદ તેનો મકામ ઈલ્લીયીનમાં લખવામાં આવે છે. એ વખતે ઝબાન મુબારકથી આ શેઅર કહ્યો :

**અય આતિશે ફિરાક઼ત દિલહા કબાબ કરદા**
**સૈલાબે ઈશ્તિયાક઼ત જહાંહા ખરાબ કરદા**

**(અર્થ)** : "હે જેના વિરહની આગે દિલોને કબાબ કરી દીધાં છે. તારી આતુરતાના પુરે દુનિયાઓ તબાહ કરી દીધી છે."

પછી એ પ્રસંગાનુસાર ફર્માવ્યું કે લોકોએ દરેક સમયે એવા જ હોવું જોઈએ એટલા માટે કે કોઈ ક્ષણ એવી નથી હોતી કે એવા શખ્સના દિલમાં એ સદા નથી આવતી કે ઝિંદાદિલ તે જ છે જેનામાં મહોબ્બત તથા ઈશ્તિયાક઼ છે.

## દુરવેશી કોને કહેવાય છે ?

સારાંશ કે દુરવેશીના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે દુરવેશી પર્દાપોશી છે અને ખિર્કો પહેરવો એનું કામ છે જે મુસલમાન વગેરેની અયબોને છુપાવે અને કોઈની સમક્ષ જાહેર ન કરે, અને દુનિયવી માલ એની પાસે હોય એને ખુદાની રાહમાં ખર્ચી નાખે અને સંગ્રહ ન કરે.

પછી ફર્માવ્યું કે અસ્હાબે તરીક઼ત અને મશાઈખે કેબાર (મહાન શયખો) પોતાના ફવાઈદમાં લખે છે કે ઝકાત ત્રણ પ્રકારની હોય છે : શરીઅતની ઝકાત, તરીક઼તની ઝકાત, હક઼ીક઼તની ઝકાત. શરીઅતની ઝકાત એ છે કે જો ચાલીસ દિરહમ હોય તો એમાંથી પાંચ દિરહમ ખુદાની રાહમાં ખર્ચ કરે. તરીક઼તની ઝકાત એ છે કે ચાલીસમાંથી પાંચ પોતાની પાસે રાખે અને બાક઼ી રાહે ખુદામાં ખર્ચ કરે અને હક઼ીક઼તની ઝકાત એ છે કે ચાલીસમાંથી કાંઈ પણ ન બચાવે, બલ્કે તમામ રાહે ખુદામાં વહેંચી આપે. એટલા માટે કે દુરવેશી ખુદફરોશી છે.

પછી એ જ મૌક઼ાના હેઠળ ફર્માવ્યું કે આ દુઆગોએ શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمة الله عليه ની ઝિયારત કરી છે અને અમુક દિવસો આપની ખિદમતમાં પસાર કર્યા છે. એ અરસામાં લગભગ છ હજાર દીનાર દરરોજ આપની ખાનકાહમાં નઝરાણા રૂપે આવતા અને સૌ ખુદાની રાહમાં ખર્ચ કરી દેવામાં આવતા, અને રાતે એક પૈસો પણ ન બચતો. સાથોસાથ એવું ફર્માવતા કે જો હું કાંઈ બચાવું તો મને દુરવેશ નહીં કહેવાશે બલ્કે કહેવાશે કે આ દુરવેશ માલદાર છે !

પછી એ મોક઼ાસર ફર્માવ્યું કે દુરવેશી ક઼નાઅત (થોડામાં રાજી રહેવા)માં છે. જે કાંઈ મળે તેને ન કહે કે આવું મળવું જોઈએ. કેમ કે ''સુલૂકે અવલિયા''માં મેં લખેલું જોયું છે કે એકવાર માલિક દીનાર رحمة الله عليه કોઈ દુરવેશની ઝિયારતના માટે ગયા તો તેમની સાથે સુલૂકના બારામાં ચર્ચા શરૂ થઈ એ અરસામાં જવની બે રોટલીઓ દુરવેશની પાસે હતી પણ નમક વિનાની હતી. માલિક દીનારે ફર્માવ્યું, જો મીઠુ હોત તો બેહતર થાત. દુરવેશની પુત્રીએ આ સાંભળતાં જ કૂજો ઉઠાવીને વાણીયાની દુકાને ગીરો રાખ્યો અને નમક (મીઠુ) લાવીને હાજર કર્યું. બંનેવે મળીને ખાધું. તો માલિક દીનારે ફર્માવ્યું કે ક઼નાઅત આનું નામ છે ! દીકરીએ આદાબ બજાવી લાવીને અર્ઝ કરી કે જો તમારામાં ક઼નાઅત હોત તો આપણો કૂજો વાણીયાની દુકાન ગીરો શા માટે રાખવામાં આવતો ?! હે માલિક દીનાર ! સાંભળો ! અમારી એ હાલત છે કે સત્તર (૧૭) વરસોથી અમે મીઠા (નમક)ને બિલકુલ ત્યજી દીધેલું છે. આ શું આપે ફર્માવ્યું ?! દુરવેશી આપનાથી દૂર છે ! અને આ રૂબાઈ ઝબાન મુબારકથી ફર્માવી.

અર્થ : "જ્યારે ઉમર પૂર્ણ થઈ ગઈ તો દુરવેશી બેહતર છે. જ્યારે દરેક કામ તક઼દીરના પ્રમાણે જ થાય છે તો વધુ મેળવવા માટે પ્રયાસો ન કરવા બેહતર છે. જ્યારે જીવન ભયમાં છે તો કંબલ ઓઢી લેવી બેહતર છે. જ્યારે કહેલુ લખાયેલુ છે તો ચૂપ રહેવું બેહતર છે."

ત્યારબાદ ખિર્કાના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺને મેઅરાજની રાતે ખિર્કો અતા થયો. જ્યારે મેઅરાજથી પરત તશરીફ લાવ્યા તો અગ્રગણ્ય સહાબીઓને બોલાવીને ફર્માવ્યું, મને પરવરદિગારથી ખિર્કો મળ્યો છે અને હુકમ થયો કે તમારામાંથી કોઈ એકને આપું. હવે હું એક વાત પૂછીશ, જે એ વાતનો સહીહ જવાબ આપશે એને ખિર્કો આપીશ. પ્રથમ અબૂબક્ર સિદ્દીક઼ رحمۃ اللہ علیہને સંબોધીને ફર્માવ્યું, હે અબૂબક્ર ! જો હું આ ખિર્કો તમને આપુ તો તમે શું કરશો ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ જો આ ખિર્કો મને એનાયત થયો તો હું સિદ્દ્ક઼ અપનાવું, અલ્લાહ તઆલાની ઈતાઅત કરું અને જે દુનિયવી માલ મારી પાસે છે તે સર્વ રાહે ખુદામાં ખર્ચી કાઢું.

ત્યારબાદ હઝરત ઉમર رحمۃ اللہ علیہને ફર્માવ્યું કે હે ઉમર ! જો આ ખિર્કો તમને અર્પણ થાય તો તમે શું કરો ?! અર્ઝ કરી, અદ્લ (ન્યાય) કરું, અને ખુદાના બંદાઓ સાથે ઈન્સાફથી વર્તુ, અને મઝલૂમો (જુલ્મ પીડિતો)ની ફરિયાદ સાંભળું. પછી હઝરત ઉષ્માન ગની رحمۃ اللہ علیہને સંબોધીને ફર્માવ્યું કે જો આ ખિર્કો તમને એનાયત થાય તો તમે શું કરો ? અર્ઝ કરી કે ઈત્તેફાક (એકતા)થી મળીને કામ કરું અને જે હક્ક઼ હોય એને અમલમાં મૂકુ, હયા અપનાવું અને સખાવત કરું, પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને

ફર્માવ્યું કે હે અલી ! જો આ ખિર્કો તમને આપુ તો શું કરો ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું પર્દાપોશી કરું, અને ખુદાના બંદાઓના અયબો છુપાવું. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હે અલી ! આ ખિર્કો તમને આપુ છું, અને મને પરવરદિગારનો હુકમ પણ એ જ હતો કે યારોમાંથી જે આ જવાબ આપશે તેને ખિર્કો આપજો. એ વખતે શયખ સાહબ ચોધાર આંસૂએ રડયા અને બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે, જાણવા મળ્યું કે દુરવેશી પર્દાપોશીનું નામ છે, જેથી દુરવેશ માટે જરૂરી છે કે આ ચાર ચીજોથી દૂર રહે : ૧. આંખો આંધળી બનાવી લે કે જેથી લોકોના અયબો ન જુએ. ૨. કાનોને બહેરા કરે જેથી ન સાંભળવા લાયક વાતો ન સાંભળે. ૩. જીભને ગુંગી કરે જેથી ન કહેવાવાળી કોઈ વાત ન કહે. ૪. પગોને લંગડા કરે જેથી જ્યાં જવું મુનાસિબ ન હોય ત્યાં ન જાય. તો જો કોઈનામાં આ ખાસિયતો જોવા મળે છે તો સમજી લો કે દુરવેશ છે, નહીં તો તે કેવળ દાવેદાર છે અને એનામાં દુરવેશીની કોઈ વાત નથી.

## દુરવેશનો મકામ

પછી એ મોકા પર ફર્માવ્યું કે શયખ શહાબુદ્દીન સુહરવર્દી قدس سرہએ ચાલીસ વરસ સુધી આંખો બંધ રાખી. સબબ પૂછવામાં આવ્યો તો ફર્માવ્યું, લોકોના અયબ ન જોવું. જો આકસ્મિક રીતે જોઈ લઉં તો છુપાવી દઉં, અને કોઈને ન કહું. ત્યાર બાદ શૈખુલ ઈસ્લામે મોડે સુધી મુરાકેબો કર્યો. મુરાકબાથી માથુ ઉઠાવીને મને ફર્માવ્યું, બાબા નિઝામુદ્દીન ! જ્યારે દુરવેશની આ હાલત થાય છે તો દુરવેશ કહેવડાવવાને લાયક થાય છે ! એ

વખતે જે કાંઈ કહે છે અથવા ચાહે છે તે જ થાય છે. એ મોક઼ા પર શૈખુલ ઈસ્લામ પર રિક્ક઼ત છવાઈ ગઈ. એટલામાં મુહમ્મદ શાહ નામના એક દોસ્તે આવીને સલામ કરી. ફર્માવ્યું, બેસી જા ! તે બેઠો પણ તેની હાલત પરેશાનીવાળી હતી, કેમ કે તેનો ભાઈ નઝઅ (સકરાંત)ના આલમમાં હતો. આપે પૂછયું, કેમ ભાઈ ! શા માટે આવા પરેશાન છો ?! અર્ઝ કરી, મારા ભાઈની બીમાર અવસ્થાના કારણે. ફર્માવ્યું, જાવ ! તમારો ભાઈ તંદુરસ્ત થઈ ગયો છે. ઘરે જઈને જોયું તો સાચે જ સાજો થઈ ગયો હતો અને ખાવા ખાય રહ્યો હતો, જાણે કદી બીમાર હતો જ નહીં.

## દુરવેશની સખાવત

પછી ફર્માવ્યું, દુરવેશી તે જ હતી જે રસૂલુલ્લાહ ﷺને હાંસલ હતી કે સવારથી બપોર સુધી અને બપોરથી સાંજ સુધી જે કાંઈ આવતું તે ખુદાની રાહમાં ખર્ચી નાખતા. અને અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ વારંવાર ખુત્બામાં ફર્માવ્યા કરતા કે મેં કદી નથી જોયું કે રસૂલે ખુદા ﷺએ સાંજે કોઈ ચીજ બચાવી રાખી હોય.

એ અરસામાં મૌલાના બદરુદ્દીન ઈસ્હાક઼ે પૂછયું કે ઈસ્રાફ (ફુઝૂલખર્ચી) કોને કહે છે ? અને એની મર્યાદા ક્યાં સુધી છે ? જે કાંઈ નિય્યત વિના આપે અને અલ્લાહના નામ પર ન આપે તે ફુઝૂલખર્ચી છે. જો અલ્લાહ તઆલાની રઝામંદીના માટે આપે તો ફુઝૂલખર્ચી નથી. એવામાં જ ઝહોરની નમાઝની અઝાન સાંભળી. નમાઝ અદા કરીને મુરાક઼બામાં મશગૂલ થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

૧૬ શાબાન હિ.સ. ૬૫૫ જુમેરાતે કદમબોસીની દૌલત નસીબ થઈ. શયખ બદરુદ્દીન ઈસ્હાક ગઝનવી, શયખ જમાલુદ્દીન હાંસવી, મૌલાના શરફુદ્દીન, કાઝી હમીદુદ્દીન નાગોરી વગેરે બુઝુર્ગો હાજર હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું, જે શખ્સ મારી પાસે આવે ચાહે માલદાર હોય, ચાહે ગરીબ તેને મહેરૂમ ન રાખશો. જે કાંઈ હાજર હોય તેને આપો.

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ મારી પાસે આવી જાય અને કાંઈ ન લાવે, તો મારા પર વાજિબ છે કે એને કાંઈક આપુ. પછી અશ્રુમય આંખોએ એ હિકાયત વર્ણન કરી કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ રસૂલે ખુદા ﷺની ખિદમતમાં ઈલ્મ તથા શરઈ અહકામની તલબના માટે હાજર થતા. જ્યારે ત્યાંથી પરત આવતા તો એકબીજાની રહનુમાઈ કરતા અને ફાયદા હાંસલ કરતા.

ત્યારબાદ ફર્માવ્યું કે ઉમ્દતુલ અબરાર, તાજુલ અત્કિયા, ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની એ રસમ હતી કે જો ખાનકાહમાં કોઈ ચીજ મૌજૂદ ન હોતી તો પોતાના ખાદિમ શયખ બદરુદ્દીન ગઝનવીને ફર્માવતા, જે શખ્સ આવે તેને પાણી આપો જેથી બખ્શિશ તથા અતાથી ખાલી ન જાય.

પછી એ જ મોકા પર ફર્માવ્યું કે એકવાર હું બગદાદ તરફ સફર કરી રહ્યો હતો. શયખે અજલ સંજરી رحمۃ اللہ علیہને જોયા કે જે પ્રભાવશાળી મર્દ બુઝુર્ગ હતા. જ્યારે આપની ખાનકાહમાં દાખલ થયો અને સલામ કહી, તો મુસાફો કરીને મારી તરફ જોઈને ફર્માવ્યું, આશકર આલમ બેસી જાવ ! મારા પર ખૂબ જ લુત્ફો

કરમ (મહેરબાની) ફર્માવ્યો. કેટલાક દિવસ ખિદમતમાં રહ્યો પણ કદી ન જોયું કે કોઈ શખ્સ ખાનક઼ાહથી મહેરૂમ રહી ગયો હોય. જો કાંઈ ન હોતું તો મામૂલી કક્ષાનું સૂકુ ખજૂર તેના હાથમાં આપીને દુઆ આપતા કે અલ્લાહ તઆલા તારી રોજીમાં બરકત આપે. ત્યાંના લોકોથી મેં સાંભળ્યું કે જેને આપ આ દુઆ આપતા તે જીવનભર મોહતાજ ન થતો.

## સાચા દુરવેશ આવા હોય છે !

ત્યારબાદ એ જ મોક઼ા પર ફર્માવ્યું કે પછી જ્યારે ત્યાંથી વિદાય થયો તો બગદાદની બહાર ગુફામાં એક અન્ય દુરવેશ જોયા. મેં સલામ કરી. સલામનો જવાબ આપીને ફર્માવ્યું, બેસી જા ! હું બેસી ગયો. જોયું કે શરીરમાં હાડકાં અને ચામડી છે, ગોશ્તનું નામ નથી. મારા દિલમાં ખયાલ આવ્યો કે આ બુઝુર્ગ જંગલમાં રહે છે અને એમની કેવી હાલત થઈ ગઈ છે ! મને સંબોધીને ફર્માવ્યું, હે ફરીદ ! ચાલીસ વરસથી આ ગુફામાં રહું છું. ઘાસ તણખલાં પર મારો ગુજારો છે. જ્યારે ભેદ ખોલ્યો તો હું આદાબ બજાવી લાવ્યો અને કહ્યું કે ખરેખર એવું જ છે. થોડાક દિવસો રહીને ત્યાંથી વિદાય થયો.

પછી બુખારામાં શયખ સૈફુદ્દીન બાખઝરી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો જે અઝમત તથા હયબતવાળા બુઝુર્ગ હતા. જ્યારે આપના જમાઅતખાનામાં દાખલ થયો તો આદાબ બજાવી લાવ્યો. ફર્માવ્યું, બેસી જા ! હું બેસી ગયો. મારી તરફ જોઈને ફર્માવ્યું કે, આ શયખ પણ મશાઈખે રોઝગાર થશે અને સર્વ જગતમાં તેના મુરીદ તથા ફરઝંદ થશે. પછી કાળી ગોદડી જે

ખભા પર હતી તે મારી તરફ ફેંકી અને ફર્માવ્યું કે પહેરી લે ! હું થોડાક દિવસ ખિદમતમાં હાજર રહ્યો. લગભગ હજાર માણસો દસ્તરખાન પર ખાવા ખાતા. જ્યારે ખાવા ખાય ચૂક્તા, ત્યાર પછી પણ જે શખ્સ આવતો તે મેહરૂમ ન જતો, કાંઈ ન કાંઈ લઈ જતો.

પછી હું ત્યાંથી બહાર નીકળ્યો અને રાત નજીકની એક મસ્જિદમાં પસાર કરી સવારે સાંભળ્યું કે ત્યાં ઝુપડીમાં એક બુઝુર્ગ રહે છે. જ્યારે અંદર નજર કરી તો એક પ્રભાવશાળી વૃદ્ધ મર્દને જોયો જેવો પહેલાં કદી ન જોયો હતો. આલમે તફક્કુરમાં ઉભેલો જોયો. આંખો આસ્માનની તરફ લગાડેલ હતી. ત્રણ દિવસ ત્રણ રાત પછી આલમે સહ્‌વમાં આવ્યો. મેં સલામ કરી તો સલામનો જવાબ આપીને ફર્માવ્યું કે મારા કારણે તને ઘણી જ તકલીફ થઈ છે, બેસી જા ! હું બેસી ગયો. ફર્માવ્યું, શમ્સુલ આરિફીનના મુરીદોમાંથી છું અને ત્રીસ વરસથી આ ઝુપડીમાં મોઅ્‌તફિક છું. પરંતુ આટલી મુદ્દતમાં હૈરત અને મસ્તી (બેહોશીની હાલત) સિવાય મારા નસીબમાં કાંઈ ન થયું. શું તું જાણે છે કે એ કયા સબબથી છે ? મેં અર્ઝ કરી, આપ ફર્માવો. ફર્માવ્યું કે સીધી રાહ આ જ છે, જે શખ્સ આ રાહમાં સીધી રીતે ચાલે છે તે નજાત પામે છે. અને જો દોસ્તની રઝા વિના એક કદમ પણ ઉઠાવે તો સળગી જાય. ત્યારબાદ એ બુઝુર્ગે પોતાનો હાલ આ પ્રમાણે વર્ણવ્યો કે, હે ફરીદ ! જે દિવસથી મને પોતાના દરવાજા પર ઈજાઝત આપી સિત્તેર હિજાબ (પર્દા) દરમ્યાનમાં હતા. હુકમ થયો કે અંદર આવી જા ! જ્યારે પ્રથમ હિજાબમાં ગયો તો મુકર્રબાને બારગાહ (રબના મકબૂલ બંદાઓ)ને જોયા કે બંનેવ આંખો આસ્માનની

તરફ કરીને ઉભેલા છે. અલ્લાહનું રાઝ અલ્લાહ સિવાય કોઈને ખબર નથી અને સૌ જાણે (ઝબાને હાલથી) કહી રહ્યા છે કે અમે તારા દીદારના મુશ્તાક઼ છીએ. એ જ પ્રમાણે દરેક હિજાબેથી પસાર થતો ગયો તો દરેક હિજાબમાં અન્ય પણ મુહિબ્બોને અલગ હાલતમાં જોયા જેઓ એકબીજાથી તદ્દન અલગ જ હતા. જ્યારે ખાસ હિજાબમાં પહોંચ્યો તો અવાજ આવ્યો કે હે ફલાણા ! આ હિજાબમાં તે શખ્સ આવે છે જે દુનિયા તથા તેમાં જે કાંઈ છે, બલ્કે પોતાની જાતથી પણ બેગાનો હોય. મેં કહ્યું, હું સૌથી બેગાના છું. અવાજ આવ્યો કે તું સૌથી બેગાનો થઈ ગયો છે એટલા માટે અમારી સાથે યગાના થઈ જા. મેં આંખ આગળ વધારી તો પોતાને એ ઝુપડીમાં જોયો. બસ ! હે ફરઝંદ ! આ રાહમાં સૌથી બેગાના થવું જોઈએ જેથી હક઼્થી યગાના થઈ શકે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જ્યારે રાત પડી તો રાતની નમાઝ અદા કરી. જ્યારે નમાઝથી ફારિગ થયા તો મેં જોયું કે માશ (એક પ્રકારના અનાજ)ના બે પ્યાલા અને ચાર ચાર રોટલીઓ આલમે ગયબથી એ બુઝુર્ગની સામે હાજર થઈ ગઈ. મને અંદર આવવાનો ઈશારો કર્યો. હું અંદર ગયો, ખાવા ખાધું. જે લિજ્જત મને એ ખાવાથી હાંસલ થઈ તે કદી કાંઈ અન્ય ખાવાથી ન થઈ. રાત ત્યાં જ પસાર કરી. સવારે ઉઠીને જોયું કે તે બુઝુર્ગ ગાયબ છે. પછી હું પાછો વળીને મુલ્તાનની તરફ ચાલ્યો આવ્યો. ત્યાં મારા ભાઈ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہની ઝિયારત કરી. મુસાફા પછી મને પૂછયું કે કામમાં ક્યાં સુધી તરક્કી કરી છે ? મેં કહ્યું કે જો આ ખુરશીને જેના પર આપ બેઠા છો, કહું કે હવામાં અદ્ધર થઈ જા ! તો થઈ જાય. હજી આ વાત સારી રીતે

કહેવા પણ ન પામ્યો હતો **એવામાં ખુરશી હવામાં અદ્ધર થઈ ગઈ !** ત્યાંથી દિલ્હી પહોંચ્યો અને શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો. આપના અંદર વર્ણનથી બહારના વસ્ફ (ખૂબીઓ) જોયા અને મુરીદ બની ગયો. ત્રણ દિવસમાં મારા પીરે સર્વ નેઅમતો અતા ફર્માવી અને એવું પણ ફર્માવ્યું કે મૌલાના ફરીદનું કામ ખત્મ કરીને મારી પાસે આવ્યો છે. જ્યારે શૈખુલ ઈસ્લામે વાત ખત્મ કરી તો ના'રો મારીને બેહોશ થઈ ગયા. એક દિવસ રાત બેહોશીની હાલતમાં પડેલા રહ્યા. જ્યારે હોશમાં આવ્યા તો મને સંબોધીને ફર્માવ્યું કે મર્દાને ખુદા આવું જ કરે છે પછી કોઈ મર્તબા પર પહોંચે છે. પરંતુ આ મા'લૂમાત તમામ શખ્સોમાં હોય છે અને ફયૂઝ નાઝિલ થાય છે. પણ મુરીદે કોઈ મક઼ામ પર પહોંચવાની કોશિશ કરવી જોઈએ. ત્યારબાદ ફર્માવ્યું, હે ભાઈ ! આ રાહમાં જ્યાં સુધી સફર કરીશ નહીં અને દિલથી નિશ્ચિત નહીં કરે અને સાચો ક઼દમ નહીં રાખે ત્યાં સુધી કદાપિ કદાપિ કુર્બના મક઼ામે પહોંચી શક્શે નહીં.

જ્યારે શૈખુલ ઈસ્લામે ઝુબાન મુબારકથી આ ફર્માવ્યું તો માથુ સજદામાં રાખી દીધું અને પછી ઉભા થઈ ગયા ત્યાં સુધી કે નમાઝનો સમય થઈ ગયો પછી આલમે તહૈયૂરમાં મશ્ગૂલ થઈ ગયા. પછી અન્ય લોકો તથા દુઆગો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## દુનિયાની મહોબ્બત વિશે

સોમવારના દિવસે ૨૦ તારીખે હિ.સ. ૬૫૫ના રોજ

કદમબોસીનો શરફ હાંસલ થયો. કાઝી હમીદુદ્દીન નાગોરીના ફરઝંદે અર્જમંદ મૌલાના નાસિહુદ્દીન નાગોરથી આવ્યા હતા, અને મૌલાના શમ્સુદ્દીન બુરહાન ખિદમતમાં હાજર હતા. દુનિયાના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : حب الدنيا رأس كل **"દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોની જડ છે."** પછી ફર્માવ્યું : મઅરેફતવાળાઓનો કૌલ છે કે જેણે દુનિયાને છોડી દીધી તે બાદશાહ બની ગયો અને જેણે એને લીધી તે હલાક થઈ ગયો. શયખ અબ્દુલ્લાહ તુસ્તરી ફર્માવે છે કે દુનિયા બંદા તથા મૌલાની વચ્ચે સૌથી મોટો પડદો છે, એટલા માટે કે જેટલા પ્રમાણમાં બંદો એમાં મશ્ગૂલ થાય છે એટલા પ્રમાણમાં હક્ક તઆલાથી દૂર રહે છે.

પછી ફર્માવ્યું કે જો મુરીદ પોતાની પીઠની તરફ જોવા ચાહે તો એટલામાં જ દિલની સામે હિજાબ (પર્દો) આવી જાય છે. તો લોકોએ જોઈએ કે કોઈ હાલતમાં દુનિયામાં મશ્ગૂલ ન થાય, કેમ કે જેટલા પ્રમાણમાં દુનિયામાં મશ્ગૂલ થશે એટલા જ પ્રમાણમાં હક્કથી દૂર રહેશે.

પછી ફર્માવ્યું, મૈં શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ની ઝબાની સાંભળ્યું છે અને તેમણે પોતાના ઉસ્તાદની ઝબાની રિવાયત કરી કે જ્યાં સુધી માણસ દુનિયાવી મહોબ્બતના કાટને પોતાના દિલથી દૂર નથી કરતો અને ફિક્રે હક્કથી લગાવ નથી કરતો અને ગૈરની હસ્તીને વચ્ચેથી નથી હટાવી દેતો ત્યાં સુધી તે કદી ખુદાથી નિકટ નથી થતો. જ્યાં સુધી તે આ સર્વ વાતો નથી કરી લેતો ત્યાં સુધી કદાપિ ખુદા રશીદા

નથી થતો. ત્યારબાદ ફર્માવ્યું કે તોહફતુલ આરિફીનમાં ખ્વાજા શિબ્લી رحمۃاللہعلیہ લખે છે કે સલાહિયત (સુધારવા)નો પાયો માણસમાં હોય છે અને તે દિલની સલાહિયતથી સંબંધિત હોય છે. જ્યારે દિલ સલાહિયત પકડી લે છે તો તે માણસની સુધારણા થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે દિલ મુર્દા પણ હોય છે અને ઝિંદા પણ હોય છે. જેમ કે કલામુલ્લાહમાં લખ્યું છે : اومن کان میتًا **"દુનિયવી કામોની અતિ વ્યસ્તતાથી દિલ મરી જાય છે."** فاحیاۃ بذکرالمولٰی **"તો એને ઝિક્રે ઈલાહી વડે જીવંત કરો."** પછી ફર્માવ્યું : જ્યારે દિલ દુનિયવી લિજ્જતો અને વાસનાઓ, તથા ખાવા પીવાની ચીજોમાં મશ્ગૂલ થઈ જાય છે તો ગફલતની એના પર અસર થાય છે અને મનેચ્છાઓ એના પર સવાર થઈ જાય છે અને ઈચ્છા એના પર ગાલિબ આવે છે. ચોતરફ દિલમાં વસવસા આવવા શરૂ થઈ જાય છે જે દિલને સિયાહ (કાળુ) કરે છે, કેવળ હક્ક઼ તઆલાનો ખયાલ દિલને સિયાહ નથી કરતો. જ્યારે દિલ કાળુ થઈ જાય છે તો જાણે મુર્દા થઈ જાય છે. જેમ કે જે જમીનમાં ક્ષાર વધુ થઈ જાય તે બીજનો સ્વીકાર નથી કરતી, અને કહેવાય છે કે આ જમીન મુર્દા છે. એ જ રીતે જે દિલથી ઝિક્ર ચાલ્યુ જાય તો એના પર શૈતાન સવાર થઈ જાય છે, પછી જે દિલ શૈતાનની બેઠક બની જાય છે તે મુર્દા છે. એટલા માટે કે ઝિક્રે હક્ક઼ હક્ક઼ છે અને જે કાંઈ એના સિવાય છે તે ગલત તથા શર્મિંદગી છે. જરૂરી છે કે હક્ક઼ના સિવાય કાંઈ ન સાંભળે, કેમ કે સાંભળવું ઝિંદાઓનું કામ છે ન કે મુર્દાઓનું. પરંતુ જે વખતે માણસના દિલથી દુનિયવી સંબંધ દૂર થઈ જાય છે અને

મનની વાસનાઓ તેનામાંથી જતી રહે છે તે વખતે એ ઝાકિર બને છે, એવું દિલ ઝિક્રના નૂરથી ઝિંદા થાય છે.

## તે દુરવેશ નથી બલ્કે તરીક઼તનો મુર્તદ છે !

ત્યારબાદ ફર્માવ્યું કે જુનેદ બગદાદી رحمۃاللہ علیہના ઉમદામાં લખ્યું છે કે આ રાહનો ઉસૂલ દિલની સલાહિયત (સુધારણા) છે અને એ સલાહિયત એ વખતે હાંસલ થાય છે જ્યારે કે બાતિનને તમામ બુરી બાબતો કીના તથા અદાવત, હસદ તથા ઘમંડ અને લાલચ તથા કંજૂસાઈથી પાક કરે અને દિલની બુરાઈને એનાથી સાફ કરે, એ કામની વાત છે અને દુરવેશીનું જૌહર પણ એ મક઼ામ પર જાહેર થાય છે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે જે દુરવેશે દુનિયાનું કામ શરૂ કર્યું અને માલ તથા મર્તબો અને તરક્કી ચાહી છે તે દુરવેશ નથી બલ્કે **તરીક઼તનો મુર્તદ** છે, એટલા માટે કે દુનિયાથી વિમુખ થવાનું નામ ફક઼ીરી છે.

ત્યારબાદ એ મોક઼ા પર ફર્માવ્યું કે એકવાર હું બગદાદમાં ખ્વાજાએ અજલ સંજરી رحمۃاللہ علیہની ખિદમતમાં હતો, અને દુરવેશોના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ખ્વાજા સંજરીએ ફર્માવ્યું કે ખ્વાજા જુનેદ رحمۃاللہ علیہના ઉમદામાં લખેલું જોયું છે કે તમામ મઝહબોમાં ફક઼ીરે દુનિયાદારો સાથે સંપર્ક રાખવો અને બાદશાહો તથા અમીરોની પાસે આવવું જવું હરામ છે.

પછી એ મોક઼ા પર ફર્માવ્યું કે હરાઈક઼માં લખ્યું છે કે એકવાર ઈરાક઼નો શાહ ત્રણ વરસ સુધી બીમાર રહ્યો. ખ્વાજા શહાબુદ્દીન તુસ્તરીને બોલાવ્યા કે જેથી દુઆ કરે. જ્યારે આપ આવ્યા તો તેના ચહેરા પર હાથ ફેરવ્યો જેનાથી તેની બીમારી દૂર થઈ ગઈ અને

આપ પરત ચાલ્યા આવ્યા. એક ઘડી જે બાદશાહની પાસે ખર્ચ થઈ તેના કફ્ફારામાં સાત વરસો સુધી દુનિયાવાળાઓ સાથે મેલજોલ ત્યજી દીધો. અને એ પણ ફર્માવ્યું કે એના બારામાં મશાઈખે તરીકત કહે છે કે ફકીરોના માટે દુનિયાની સોહબત કાતિલ ઝહેર છે. એનાથી એ પરિણામ નીકળે છે કે માલદાર માણસોથી જેટલા પ્રમાણમાં પરહેઝ કરવામાં આવે એટલા પ્રમાણમાં ખુદાની નિકટતા હાંસલ થાય છે. દુનિયાદારોની મહોબ્બત જેટલા પ્રમાણમાં એમના દિલમાં હશે એટલા પ્રમાણમાં નુકસાન થશે. એટલા માટે કે ફક્ર, તકર્રુબ અને તરીકતનો મઝહબ એ છે કે દુરવેશના દિલમાં રજમાત્ર પણ દુનિયાવાળાઓની મહોબ્બત ન રહે, અને ગફલતની કબૂલિયત દુરવેશના દિલમાં લેશમાત્ર ન હોય.

ત્યારબાદ ઝિક્રના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે દુરવેશે ઝિક્રમાં એવા ફર્દ હોવું જોઈએ કે તેના બદનનો દરેક વાળ જમીન બની જાય. જેમ કે અસ્રારુલ આરિફીનમાં લખેલું જોયું કે એકવાર બાતિની હુઝૂરીથી ખ્વાજા સઈદ અબુલ ખૈર ઝિક્રમાં મશગૂલ હતા. આપના દરેક નસ્કોરાથી લોહી વહેવા લાગ્યું. તેમજ કહે છે કે મુરીદોમાંથી કોઈકે લાકડાનો પ્યાલો શયખ સાહબના બાવડા નીચે રાખી દીધો, જ્યારે પ્યાલો ભરાય ગયો તો પી લીધો. *(આ જઝ્બની હાલતનો બનાવ છે, સામાન્ય હાલતનો નથી. –અનુવાદક)*

## સૂફીપણાની ગોદડીને પાત્ર કોણ ?

ત્યારબાદ શયખુલ ઈસ્લામે મારી તરફ સંબોધન કરતાં ફર્માવ્યું કે **આ રાહમાં મોટો ઉસૂલ દિલની હુઝૂરી છે.**

**અને દિલની હુઝૂરી હલાલ લુકમો ખાધા વિના, દુનિયાવાળાઓથી પરહેઝ કર્યા વિના નથી હાંસલ થઈ શકતી.** કેમ કે મશાઈખ ફર્માવે છે કે જે શખ્સ હરામનો લુકમો ખાય અને દુનિયાવાળઓ અને બાદશાહોની મજલિસથી દૂર ન રહે તેના માટે ગોદડી પહેરવી જાઈઝ નથી, કેમ કે સૂફીપણાની ગોદડી પહેરવી અંબિયા, અબ્દાલ તથા અવતાદનું કામ છે. ગોદડીની કદર તથા મર્તબો હઝરત મૂસા કલીમુલ્લાહ, હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ તથા હઝરત મુહમ્મદ મુસ્તફા હબીબે ખુદા ﷺના સિવાય કોઈ નથી જાણતું.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે મેં શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ની ઝબાની સાંભળ્યું છે કે એકવાર ચિશતમાં ખ્વાજા મૌદૂદ ચિશ્તી رحمۃ اللہ علیہ ની ખિદમતમાં દસ વરસ રહ્યો, પરંતુ કદી ન જોયું કે આપ કોઈ બાદશાહ અથવા અમીરને ત્યાં ગયા હોય, જુમ્આની નમાઝ સિવાય.

ત્યારબાદ તેમનાથી જ સાંભળ્યું કે જયારે દુરવેશ બાદશાહોની પાસે જાય તો એની પાસેથી ગોદડી લઈ લેવી જોઈએ, અને દુરવેશીની સામગ્રી જે એની પાસે હોય તે છીનવી લેવી જોઈએ. અને તેને ઈજાઝત આપવી જોઈએ કે પોતે પોતાને દુરવેશી ખારિજ (બહાર) કરે. જો ખારિજ ન કરો તો તેનો ગોદડી અને જામો આગમાં સળગાવી દેવાં જોઈએ. એટલા માટે કે જયારે દુરવેશ દુનિયાવાળાઓથી મેલજોલ કરે તો સમજો કે તે દુરવેશ નથી, પણ તે જૂઠો દાવેદાર છે. એટલા માટે કે મેં અમુક તરીકતના મશાઈખને જોયા છે કે જયારે તેમને કોઈ જરૂરત ઉભી થાય છે તો સૌફ (સૂફીપણા)ની ગોદડી અને ગરદનમાં જંજીર પહેરીને

તેને દુઆમાં શફીઅ બનાવે છે જેની બરકતથી અલ્લાહ તઆલા તેમની હાજતો પૂર્ણ કરે છે.

ત્યારબાદ એ મોકા પર શયખુલ ઈસ્લામે મને સંબોધીને ફર્માવ્યું કે જે સૌફ (સૂફીપણાની ગોદડી) પહેરે તેણે ચર્બ તથા મધુર લુકમો ન ખાવો જોઈએ, અને ન તો દુનિયાવાળાઓથી મેલજોલ રાખવી જોઈએ. જ્યારે એવું ન કરે તો જાણે તે અવલિયા સાથે સુલૂકના (સૂફીપણાના) લિબાસમાં ખયાનત કરે છે.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે અસ્રારુલ આરિફીનમાં લખેલું જોયું છે કે જ્યારે ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہનો એક મુરીદ બાદશાહને ત્યાં મોટાભાગે આવજા કર્યા કરતો હતો અને ત્યાં તેને કેવળ પર્દો ઢાંકવા માટે કાંઈક મળી જતુ હતું. ખ્વાજાએ તેને બોલાવીને ગોદડી વગેરે છીનવી લીધી અને સળગાવી દીધી અને સખત નારાજ થઈને ફર્માવ્યું, શું તું અંબિયા તથા અવલિયાના લિબાસને ખબીષ આદમીઓમાં ફેરવે છે અને ચાહે છે કે આ જ લિબાસ પહેરીને અલ્લાહ તઆલાના ત્યાં પણ આવે ?!

ત્યારબાદ એ મોકા પર ફર્માવ્યું, કહેવાય છે કે ઈમામ માલિક رحمۃ اللہ علیہ ત્રણ કુર્તા પહેરતા હતા. જ્યારે નમાઝનો સમય થતો તો બે ઉતારી દેતા, અને વચ્ચેના કુર્તા વડે નમાઝ અદા કરતા. કારણ પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે જાહેરી પહેરણ રિયા તથા રસ્મના કારણે ઉતારવામાં આવેલ છે, અને આંત્રિક પહેરણમાં લાલચ, હસદ, કંજૂસી તથા ફિક્રની બુરાઈ છે, પરંતુ દરમિયાની પહેરણ એ બંનેવથી ખાલી છે જેથી એના વડે નમાઝ અદા કરવી બેહતર છે.

પછી શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે મુતક઼દ્દિમીન (આગલા બુઝુર્ગો) આવું જ કરતા આવ્યા છે જેના સબબે તેમણે મર્તબાઓ હાંસલ કર્યા છે. પછી નમાઝનો સમય થયો તો નમાઝમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## શબે મેઅરાજની ફઝીલત

મઝકૂર મહિનાની (રજબની) ૨૭ તારીખે હિ.સ. ૬૫૫ના રોજ ક઼દમબોસીનો શરફ હાંસલ થયો. શયખ જમાલુદ્દીન મુતવક્કિલ અને અન્ય અઝીઝ ખિદમતમાં હાજર હતા. અને શમ્સ તથા બિરાદર નજમુદ્દીન પણ બેઠેલા હતા. શબે મેઅરાજ અને એની ફઝીલતના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે માહે રજબની ૨૭મી રાત ઘણી મહાન મર્તબાવાળી છે, કેમ કે એ રાત્રે આં હઝરત ﷺને મેઅરાજ નસીબ થઈ હતી. જે શખ્સ (ઈબાદત માટે) એ રાતમાં જાગે છે તે જાણે તેની શબે મેઅરાજ હોય છે અને મેઅરાજની સઆદત (સદ્ભાગ્ય) તેને હાંસલ થાય છે, અને તેનો સવાબ એના આમાલનામામાં લખવામાં આવે છે.

પછી ફર્માવ્યું કે એકવાર હું બગદાદની તરફ સફર કરી રહ્યો હતો. એક શહેરમાં બુઝુર્ગો અને તેમના મસ્કન (રહેઠાણ) વિશે પૂછ્યું, છેવટે એક દુરવેશનો પતો લાગ્યો જે દજલાના કિનારે ગુફામાં રહેતા હતા. જ્યારે ત્યાં પહોંચ્યો તો તેમને નમાઝમાં મશગૂલ પામ્યા. નમાઝથી ફારિગ થતા સુધી ત્યાં જ રોકાયેલો રહ્યો, બાદમાં આદાબ બજાવી લાગ્યો. મને બેસવાનો ઈશારો કર્યો

તો હું બેસી ગયો. જે દબદબા તથા અઝમતવાળા એ બુઝુર્ગને જોયા છે એવો કોઈને નથી જોયો. તેમનો ચહેરો ૧૪મીના ચાંદની જેમ ચમકતો હતો. મને પૂછયું કે ક્યાંથી આવો છો ? અર્ઝ કરી, અજોધનથી. ફર્માવ્યું, જે શખ્સ ઈરાદતથી બુઝુર્ગોની ખિદમતમાં હાજર થાય છે તે બુઝુર્ગ થઈ જાય છે. જ્યારે આ વાત ફર્માવી તો હું આદાબ બજાવી લાગ્યો.

ત્યારબાદ પોતાની કહાની આ પ્રમાણે શરૂ કરી કે મૌલાના ફરીદ ! પચાસ વરસથી આ ગુફામાં રહું છું. મારો ખોરાક ઘાસ તથા તણખલાં છે. હું ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ના મુરીદોમાંથી છું. આ રાત જે ગુજરી ગઈ છે એ ૨૭મી રજબ હતી, જો તું ચાહે તો હું એ રાતની ફઝીલત વર્ણન કરું. હું આદાબ બજાવી લાવ્યો. ફર્માવ્યું, ત્રીસ વરસથી મને ખબર નથી કે રાત કેવી હોય છે ! હું કદી નથી સૂતો. પણ ગઈ કાલે રાત્રે હું મુસલ્લા પર સૂઈ ગયો તો શું જોઉં છું કે પહેલા આસ્માનના સિત્તેર હજાર મુકર્રબ ફરિશ્તા જમીન પર આવેલા છે અને મારી રૂહ ઉપર લઈ ગયા છે. જ્યારે પ્રથમ આસ્માન પર પહોંચ્યો તો શું જાઉં છું કે ત્યાં ફરિશ્તા આસ્માનની તરફ આંખો માંડીને આ તસ્બીહ પઢી રહ્યા છે. : سُبحَانَ ذِی المُلکِ وَالمَلَکُوتَ (સુબ્હાન ઝિલ્મુલ્કિ વલ્મલકૂત) અવાજ આવ્યો કે જે દિવસથી એઓ પેદા થયા છે ત્યારથી ઉપરની તરફ આંખો જમાવીને આ જ તસ્બીહ પઢી રહ્યા છે. પછી મારી રૂહને બીજા અસ્માન પર લઈ ગયા. સારાંશ કે એ જ પ્રમાણે દરેક આસ્માનમાં કુદરતની અજાયબીઓ જોતો ગયો.

જ્યારે અર્શની નીચે પહોંચ્યો તો અવાજ આવ્યો કે થોભી જાવ ! તો હું થોભી ગયો. તમામ અંબિયા તથા અવલિયા ત્યાં

મૌજૂદ હતા. મારા પીર ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہને પણ જોયા જેઓ માથુ નમાવીને ઉભેલા છે અને કાંઈ બોલતા નથી. અવાજ આવ્યો કે, હે ફલાણા ! મેં કહ્યું, હે બારી તઆલા ! હાજર છું ! હુકમ થયો, ઉમદા મૌક઼ા પર આવ્યો છે, જે ઈબાદતનો હક્ક઼ છે તેને તેં બજાવ્યો છે, હવે તારી ઈબાદતનો બદલો એ જ છે કે ઈલ્લીય્યીનમાં રહે. હું ખુબ જ ખુશ થયો અને શુક્રનો સજદો કર્યો. હુકમ થયો કે માથુ ઉઠાવ ! તો મેં માથુ ઉઠાવ્યું. મેં પૂછયું કે આનાથી ઉપર જાઉં ? અવાજ આવ્યો કે આનાથી ઉપર તું નથી જઈ શક્તો કેમ કે તારી આ જ મેઅરાજ છે. જ્યારે તું કામમાં અધિક તરક્કી કરીશ તો તારો મુક઼ામ અધિક બુલંદ થઈ જશે. જે લોકો તારા જેવા કામિલ છે એમનો મક઼ામ હિજાબે અઝમત સુધી છે. જ્યારે મેં આ અવાજ સાંભળ્યો તો મારા બુઝુર્ગવાર શયખ જેનદ رحمۃ اللہ علیہની ખિદમતમાં આવીને ક઼દમબોસી કરી. મેં પૂછયું કે આપે માથુ કેમ નમાવેલુ છે ? ફર્માવ્યું, "જ્યારે તને ત્યાંથી લાવવામાં આવ્યો ત્યારે હું ચિંતામાં હતો કે ક્યાંક તું અમારી વિરૂધ્ધ ન હોય, અથવા અલ્લાહ તઆલાની બંદગીમાં ઉણપ ન કરી હોય કે જેનાથી મારે શરમિંદા થવું પડે, અને કહેવામાં આવે કે જુનેદનો મુરીદ એનાથી વિરૂધ્ધ હતો. "જ્યારે હું જાગ્યો તો મને આ સ્થળે પામ્યો. તો હે ફરીદ ! જે શખ્સ અલ્લાહ તઆલાના કામમાં છે અલ્લાહ તઆલા એના કામમાં હોય છે. આ સ્થિતિમાં મુરીદે જોઈએ કે કામ કરવામાં પોતે પોતાને આગળ વધારે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ રાત્રે (રબની ઈબાદતમાં) જાગતો રહે છે તેને જરૂર આ સઆદત (નેકબખ્તી) હાંસલ થઈ જાય છે. હું એ બુઝુર્ગની ખિદમતમાં રહ્યો જે ઈશાની નમાઝ પછી મઅકૂસ

કરતા હતા અને હમેશાં પોતાના પગો બાંધેલા રાખતા અને પોતાને આડા પડેલ રાખતા ત્યાં સુધી કે સવાર થઈ જતી.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે આ રાતમાં (૨૭મી રજબમાં) સો રકાત નમાઝ અદા કરવાનો હુકમ છે. દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી પાંચવાર સૂરએ ઈખ્લાસ પઢે. નમાઝથી ફારિગ થઈને સો વાર દુરૂદ પઢે. ત્યારબાદ સજદામાં માથુ રાખીને જે દુઆ કરે તે ઈન્શાઅલ્લાહ કૃબૂલ થશે.

ત્યારબાદ ફર્માવ્યું છે કે શયખ મોઈનુદ્દીન સંજરી رحمۃ اللہ علیہ થી સાંભળ્યું છે કે મેઅરાજની રાત રહમતની રાત હોય છે. જે આ રાત્રે (ઈબાદતમાં લાગીને) જાગતો રહે તો ઉમ્મીદ છે કે અલ્લાહની રહમતથી નિરાશ નહીં થાય.

ત્યારબાદ ફર્માવ્યું કે પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે મેઅરાજની રાતે આસ્માનથી સિત્તેર હજાર મુકર્રબ ફરિશ્તા નૂરના ભરેલા થાળ લઈને નીચે આવે છે અને દરેક ઘરમાં જાય છે. જે શખ્સ આ રાતમાં જાગે છે અને ગુનાહ નથી કરતો, તો હુકમે ઈલાહી થાય છે કે એમનાં માથાં પર આ નૂરના થાય નિછાવર કરવામાં આવે. શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે શા માટે લોકો પોતાને આ નેઅમતથી મેહરૂમ રાખે છે અને અલ્લાહ તઆલાના કામમાં ગફલત કરે છે ?! શયખુલ ઈસ્લામ આ જ ફવાઈદ વર્ણવી રહ્યા હતા એવામાં શયખ બદરુદ્દીન ગઝનવી છ દુરવેશો સાથે ખિદમતમાં હાજર થયા અને આદાબ બજાવી લાવ્યા, તો આપને બેસવાનો હુકમ થયો.

## સમાઅની હકીકત અને સાચો વજ્દ

એ વખતે મેહફિલે સમાઅના બારામાં ચર્ચા ચાલી. દરેકે કાંઈ ન કાંઈ કહ્યું. જેમ કે શયખ જમાલુદ્દીન હાંસવી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે સમાઅથી દિલને રાહત થાય છે અને અહલે મહોબ્બતને જેઓ આશનાઈ (રબની મઅરેફત)ના સમુદ્રમાં તરનારા છે તેમને જુંબિશ (હલચલ) હાંસલ થાય છે. એ અરસામાં શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હા ! મઅરેફતવાળાઓની આ જ રસમ છે કે જ્યારે આશના (દોસ્ત)નું નામ સાંભળે છે તો આશનાઈ કરે છે. *(સમાઅ: જેમાં અલ્લાહની મહોબ્બતના તથા મઅરેફતના ફક્ત શેઅરો કવ્વાલ પઢતા. –તંત્રી)*

ત્યારબાદ શયખ બદરુદ્દીન ગઝનવીએ અર્ઝ કરી કે અહલે સમાઅની બેહોશીનું શું કારણ છે ? શયખુલ ઈસ્લામે ફર્માવ્યું, જે દિવસે તેમણે "અલસ્તુ બિ રબ્બિકુમ" (શું હું તમારો રબ નથી ?!)નો અવાજ સાંભળ્યો તે દિવસથી બેહોશ છે, અને એ બેહોશી આજ સુધી એમનામાં જોવા મળે છે. જેથી જ્યારે સમાઅ સાંભળે છે તો એ જ બેહોશીની અસર એમનામાં થાય છે. પછી પૂછયું કે જે દિવસે اَلَسْتُ بِرَبِّكُمْ "અલસ્તુ બિ રબ્બિકુમ"નો અવાજ આવ્યો તો શું સર્વ રૂહો એક જ જગાએ હતી ? ફર્માવ્યું, હા ! કેમ કે "બલા" (કેમ નહીં ?!) સૌએ કહ્યું હતું. પૂછવામાં આવ્યું કે તો પછી હિંદુ તથા યહૂદી કેવી રીતે થઈ ગયા ? શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ કહે છે કે જ્યારે પરવરદિગારે "અલસ્તુ બિ રબ્બિકુમ"નો અવાજ આપ્યો તો સર્વ રૂહો બરાબર હતી, આ અવાજ સાંભળતાં જ તેમની ચાર સફો

થઈ ગઈ. પહલે સફે દિલ તથા ઝબાન બંનેવ વડે ''બલા'' કહ્યું, એટલે કે તું અમારો પરવરદિગાર છે, અને એ જ વખતે સિજદો કર્યો, અને તે સફ અંબિયા તથા અવલિયા, સિદ્દીક઼ો તથા નેક લોકોની હતી. બીજી સફે દિલથી તો ''બલા'' કહ્યું પણ ઝબાનથી ન કહ્યું અને સજદો કર્યો. કેમ કે દિલથી તેમણે યક઼ીન કરી લીધું જેથી છેવટે મુસલમાન થયા. આ તે લોકો છે જેઓ પહેલાં હિંદુ વગેરે હતા અને આખરમાં અલ્લાહે એમને ઈમાનની દૌલત નસીબ કરી છે. ત્રીજી સફે જીભ વડે તો કહ્યું પણ દિલથી ન કહ્યું અને સિજદો કર્યો, પરંતુ પછી દિલમાં કરાહત કરી કે શા માટે સિજદો કર્યો ?! અને આવા લોકો શરૂમાં તો મુસલમાન હોય છે પરંતુ છેવટમાં કાફિર થઈને મરે છે. ચોથી સફે ન દિલથી ન તો ઝબાનથી ''બલા'' કહ્યું. આ તે લોકો છે જેઓ પહેલાં અને છેવટે પણ કાફિર જ રહે છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે અહલે સમાઅ જેઓ સમાઅમાં બેહોશ થઈ જાય છે તેઓ એ જ اَلَسۡتُ بِرَبِّکُمۡ ''અલસ્તુ બિ રબ્બિકુમ''ના પુકારના સબબે જે એમણે સાંભળ્યો હતો. વળી આ તે જ બેહોશી છે જે એ દિવસ સુધી એમનામાં જોવા મળે છે, જેમ કે દોસ્તનું નામ સાંભળતાં જ હરકત, હયરત, ઝૌક઼ તથા બેહોશી એમનામાં છવાય જાય છે. આ સર્વ કાંઈ મઅરેફતના કારણો છે. એટલે કે જ્યાં સુધી દોસ્તની શનાખ્ત (મઅરેફત) હાંસલ ન થાય ચાહે હજાર વરસ પણ ઈબાદત કરે તેને ઈતાઅતમાં ઝોક઼ (ઉમંગ) હાંસલ જ નથી થતો. કેમ કે એને જાણ જ નથી થતી કે તે તાઅત (ફર્માંબરદારી) શા માટે કરે છે ! આ ફર્માંબરદારી જ મૂળ હેતુ છે જે અહલે સુલૂક, અહલે ઈશ્ક઼ અને મશાઈખ તબક઼ાવાળાઓએ

(સાચા સૂફીઓએ) ફર્માવ્યું છે. તેમજ કુર્આન મજીદમાં હુકમ છે : وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ اِلَّا لِيَعْبُدُوْنَ "જિન્નો તથા ઈન્સાનોને કેવળ ઈબાદત માટે પેદા કર્યા છે." પરંતુ અહલે સુલૂક એનો એ અર્થ કરે છે કે لِيَعْبُدُوْنَ થી لِيَعْرِفُوْنَ એટલે એનાથી દોસ્તની ઓળખ (મઅરેફત) છે. જ્યાં સુધી પહેલાં એની ઓળખ તને નહીં થાય ત્યાં સુધી કદાપિ તાઅતનો ઝૌક઼ (ફર્માબરદારીનો શોખ) નહીં પામે. એટલા માટે કે ઈશ્કે મજાઝીમાં જ્યાં સુધી માણસ કોઈને જોઈ નથી લેતો ત્યાં સુધી તેનો આશિક઼ નથી બનતો. જ્યાં સુધી તેના દોસ્તોથી દોસ્તી નથી કરતો ત્યાં સુધી તેની ઓળખ નથી પામતો. તો તરીક઼ત તથા હક઼ીક઼તમાં પણ એ જ હિક઼મત છે કે જ્યાં સુધી અલ્લાહ તઆલાની ઓળખ (મઅરેફત) હાંસલ નથી થતી અથવા જ્યાં સુધી તેના અવલિયાથી સંબંધ નથી જોડવામાં આવતો ત્યાં સુધી કદાપિ કદાપિ તાઅત તથા ઈબાદતમાં ઝૌક઼ હાંસલ નથી થતો.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે, "અલસ્તુ બિ રબ્બિકુમ"ના પોકારથી પણ ઓળખનો જ હેતુ હતો, એટલે કે જ્યાં સુધી ખુદા તઆલાને નહીં ઓળખે ત્યાં સુધી ઈતાઅતમાં ઝૌક઼ નહીં પામે.

ત્યારબાદ સુલૂકના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે અહલે સમાઅ તે ગિરોહ છે જ્યારે તેઓ સમાઅ તથા તહૈયૂર (વજદાની કૈફિયત)માં ડૂબી જાય છે તે વખતે જો લાખ તલ્વારો પણ તેમના માથા પર મારવામાં આવે તો તેમને ખબર નથી પડતી. આ લોકો જ્યારે આલમે તહૈયૂરમાં અને દોસ્તની ખ્વાહિશમાં મુતહૈયિર થઈ જાય છે ત્યારે તેમને કોઈ આવવા જવાવાળાની ખબર નથી રહેતી.

*(આ સાચા અલ્લાહની મહોબ્બતમાં ચૂર સૂફીઓની વાત છે જેમની વજદાની કૈફિયત આવી હોય છે કે તલ્વારો મારો તોય તેમને ખબર ન પડે, આજકાલના ફક્ત એકટિંગ કરનારાઓ તથા બનાવટી વજદમાં ડાન્સ કરનારાઓની આ વાત નથી. –તંત્રી)*

ત્યારબાદ દુરવેશોએ શયખુલ ઈસ્લામની ખિદમતમાં અર્ઝ કરી કે અમો મુસાફિર છીએ, અમે પોત પોતાના ઠેકાણે જવા ઈચ્છીએ છીએ પણ અમારી પાસે માર્ગ ખર્ચ નથી. શયખુલ ઈસ્લામે પાસે પડેલી ખજૂરો આપી અને ફર્માવ્યું કે જાવ ! જ્યારે બહાર નીકળ્યા તો એકબીજાને કહેવા લાગ્યા કે આપણે આ નકામી ખજૂરોને શું કરીશું ?! એને ફેંકી દેવી જોઈએ ! તો શું જુએ છે કે તે નકામી ખજૂરો સોનામાં બદલાઈ ગઈ હતી. તેમણે માની લીધું અને પાછા ખિદમતમાં હાજર થયા. ખ્વાજા સાહબ એ જ ફવાઈદમાં હતા એવામાં નમાઝની અઝાન થઈ તો લોકો તથા દુઆગો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## બુઝુર્ગોનો બયઅતનો તરીક઼ો

જુમેરાતના દિવસે ૨૯ શાબાન હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. શયખ જમાલુદ્દીન હાંસવી હાજર થયા. મિક઼રાઝ કાતર)ના બારામાં ચર્ચા ચાલી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે સિયરુલ આરિફીનમાં લખ્યું છે કે જ્યારે મુસલમાન કોઈ પીરનો મુરીદ થવા ચાહે તો પ્રથમ ગુસ્લ કરે. અને જો બની શકે તો રાતે જાગતો રહે અને પોતાની ખૈરિયતની અલ્લાહ તઆલાથી દુઆ માગતો રહે. જો રાતભર જાગી શકે તો જુમેરાતના દિવસે ચાશતના સમયે અથવા સોમવારના દિવસે

ખુદાના પ્યારા નેક મર્દોને જમા કરે અને ક઼િબ્લા તરફ ચહેરો કરી સજ્જાદા પર બેસે. પછી બે રકાત નમાઝે ઈસ્તિખારા અદા કરે, પછી મુરીદને પોતાની સામે બેસાડીને મુતબર્રક આયતો પઢીને તેને દમ કરે. આયતો પઢતાં પહેલાં મુરીદને કહે કે ઈસ્તિગફાર પઢે. પછી ક઼િબ્લા રૂખ થઈને કાતર લે, ત્રણવાર મોટા અવાજે તકબીર કહે. કાતર ચલાવતી વખતે અહલે ક઼િબ્લા વચ્ચે મતભેદ છે, અમુક કહે છે કે لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ કહે અને પછી કોઈ ખયાલ દિલમાં ન લાવે. જ્યારે તકબીરથી ફારિગ થાય તો એકવાર કલ્મએ તૌહીદ પઢે અને ૨૧વાર દુરૂદ અને ૨૧વાર ઈસ્તિગફાર પઢે. જ્યારે એનાથી ફારિગ થાય તો કાતર લઈને સામેના વાળ કાતરે ત્યારબાદ કહે કે, હે બાદશાહ ! આ તારી દરગાહેથી ભાગેલો બંદો હતો, હવે તારી ગુલામીમાં આવવા ચાહે છે અને તારી મેહફિલમાં સામેલ થવા ચાહે છે. પછી જમણી બાજુ એકવાર કાપે અને એક ડાબી તરફનો કાપે. પછી એ ત્રણેવને મિલાવી દે. અમુક કહે છે કેવળ એકવારથી અધિક ન લે. સહીહ ક઼ૌલ એ છે કે જેની રિવાયત હસન બસરી رحمۃ اللہ علیہએ અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી ફર્માવી કે આ રીતે કાતર ચલાવવી બીજા તરીક઼ાઓ કરતાં બેહતર છે. કેમ કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અહલે સુફ્ફાના ખલીફા છે. અને આ હદીષ આં જનાબના બારામાં આવેલી છે : ''હું ઈલ્મનો શહેર છું અને હઝરત અલી એના દરવાજા છે.''

ત્યારબાદ મેં પૂછયું કે કાતર ચલાવવાનું કોણે શરૂ કર્યુ ? ફર્માવ્યું, ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامએ, અને તલ્ક઼ીન હઝરત જિબ્રઈલ علیہ السلامએ કરી.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દિવસે હબીબ અજમી અને હસન બસરી رحمۃ اللہ علیہما બેઠેલા હતા એવામાં એક શખ્સે આવીને કહ્યું કે હું ફલાણાનો મુરીદ છું. પૂછયું, તારા પીરે શું કહ્યું હતું ? મારી પાછળ કાતર ચલાવી અને કાંઈ ન કહ્યું. બંનેવ ફરિયાદ કરી ઉઠયા કે તે ખુદ ગુમરાહ છે અને ગુમરાહ કરનાર છે. એનાથી માલૂમ પડે છે કે પીરે પોતાના મુરીદના અહવાલથી વાકેફ હોવું જોઈએ.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે હાજરજનોને ફર્માવ્યું કે પીરમાં એટલા પ્રમાણમાં બાતિની કુવ્વત હોવી જોઈએ કે જ્યારે કોઈ શખ્સ મુરીદ થવા માટે એની પાસે આવે તો નૂરે મઅરેફત અને પોતાની ઝાતી શક્તિ વડે તેના સીનાના કાટોને સાફ કરી આપે, જેથી તેના સીનામાં કોઈ ખરાબી ન રહે અને આઈનાની જેમ રોશન થઈ જાય. અને જો ખુદ એનામાં એટલા પ્રમાણમાં શક્તિ નથી તો બેહતર છે કે મુરીદ ન બનાવે. જે ખુદ ગુમરાહ છે તે અન્યોની રહબરી શું કરશે ?!

પછી ફર્માવ્યું કે જ્યારે કોઈનો મુરીદ થવા ચાહે તો પ્રથમ તેના નુફૂસે ષલાષાનાં હલન ચલનો (હાલ ચાલ)ને જુએ અને વિચારે કે એ નફ્સે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરનાર નફ્સ)માં સપડાયેલ તો નથી. જેમ કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : وَمَآ اُبَرِّئُ نَفۡسِىۡ اِنَّ النَّفۡسَ لَاَ مَّارَةٌ بِالسُّوۡٓءِ "અને હું મારા નફ્સને બેકસૂર કહેતો નથી, બેશક ! નફ્સ તો બુરાઈનો ખૂબ હુકમ કરનાર છે." *(સૂરએ યૂસુફ, આ. ૫૩, પારા : ૧૨)* પછી તેના નફ્સે લવ્વામા (નેકીઓ પ્રતિ દોરનાર નફ્સ)ની તરફ જુએ કે ક્યાંક છુપી રીતે નફ્સે લવ્વામાનો ગિરફતાર તો નથી. وَلَا اُقۡسِمُ بِالنَّفۡسِ اللَّوَّامَةِ "અને તે જીવના સોગંદ જે પોતાની ઉપર

ખૂબ ખેદ દર્શાવે." *(પારા : ૨૯, સૂરએ કયામત, આ. ૨)* ત્યારબાદ મુત્મઈન્નાની તરફ જુએ. રબ ફર્માવે છે :–

**قوله تعالٰی یاَیُّھَا النَّفسُ للمطمَّنةُ اِرْجِعِیْ اِلٰی رَبِّكَ رَاضِیَةً مَّرْضِیَّةٌ**

"હે શાંતિવાળા જીવ ! પોતાના રબ તરફ પરત થા. એવી રીતે કે તું તેનાથી ખુશ (અને) તે તારાથી ખુશ." *(સૂરએ ફઝર, આ. ૨૭–૨૮, પારા : ૩૦)* પછી તેના ક઼લ્બે સલીમના અવસાફ (ગુણો)ની પ્રતિ નજર કરે કે તેનું દિલ સલીમ છે કે નહીં. જ્યારે ઉપરોક્ત ચીજોને પોતાની રોશન ઝમીરીની નજરથી સાફ કરે તો પછી બયઅત કરે. જો કોઈ શખ્સ અહલે સુલૂકના તરીક઼ા મુજબ કાતર ચલાવવાનું નથી જાણતો તો તે ખુદ ગુમરાહ છે, તેમજ તે પણ ગુમરાહ છે જે એનો મુરીદ બને.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે જે દિવસે બિશ્ર હાફી رحمۃاللہعلیہએ તૌબા કરી તો પસ્તાવા સાથે ખ્વાજા જુનેદ બગદાદી رحمۃاللہعلیہની બારગાહે પહોંચ્યા અને તેમના હાથ પર તૌબા કરી. ત્યારબાદ બિશ્ર હાફી رحمۃاللہعلیہ પાછા આવ્યા અને બાદમાં લાકડાનું પગરખુ (પાવડી) પણ ન ઉપયોગમાં લીધી. પૂછયું કે જૂતા કેમ નથી પહેરતા ? ફર્માવ્યું, મારી શું મજાલ છે કે બાદશાહોના ફર્શ (ફ્લોર) પર જોડા પહેરીને ફરું ?! બીજુ એ કે જે દિવસે મેં અલ્લાહ તઆલાથી આશનાઈ (ઓળખ) હાંસલ કરી એ દિવસે હું ઉઘાડા પગે હતો, હવે મને જોડા પહેરતાં શરમ આવે છે !

પછી ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે પગો અહલે સુન્નત વ જમાઅતના તરીક઼ા પર કાર્યરત નથી, અને તેના વાણી તથા

વર્તન, હાલચાલ, કુર્આન તથા હદીષ કોઈના મુતાબિક્ નથી, તે આ રાહમાં લૂટારો છે. જેવી રીતે ધૂમાડાથી આગ હોવાનું માલૂમ થઈ જાય છે, એવી જ રીતે મુરીદને જોઈને એના પીરનો અંદાઝો કરી શકાય છે. ઘણા મુરીદ જેઓ ગુમરાહ થયા છે, તો એનો એ સબબ હોય છે કે તેમના પીર કામિલ નથી હોતા. જાણવા મળ્યું કે આ રાહમાં મુજાહિદા અને તકલીફ વગર કૃબૂલિયતની અસર નથી પડતી.

ત્યારબાદ ફર્માવ્યું કે બારગાહે ઈલાહીમાં મો'મિનના દિલની ઘણી કૃદર તથા મહત્વતા છે, પરંતુ લોકો દિલની ઈસ્લાહથી ગાફેલ છે એના કારણે ગુમરાહીમાં પડે છે. સુલૂકનો મૂળ ઉસૂલ જ આ દિલ છે. પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે મો'મિનનું દિલ અલ્લાહ તઆલાનું અર્શ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે જે દુરવેશ હજી સિત્તેર પર્દાઓમાં છે, અને રજમાત્ર પણ રોશની એને નસીબ નથી થતી, અને કોઈને મુરીદ કરવા ચાહે છે અને તેને ખુદ મિક્રાઝ તથા ખિર્કાની રસ્મોની ખબર નથી, તે પોતે પણ ગુમરાહ છે અને મુરીદને પણ ગુમરાહ કરશે. દુરવેશ આલિમ અને કુવ્વતવાળો હોવો જોઈએ જેથી મિક્રાઝ અને ખિર્કાની રસ્મોમાં અહલે સુન્નત વ જમાઅતથી વિરુદ્ધ ન કરે.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા શફીક્ બલ્ખી رحمۃ اللہ علیہ દલીલુશ્શાફઈમાં લખે છે કે જે શખ્સને ખલ્કૃતથી ગોશાગીરી હાંસલ નથી, જાણી લે કે તે હક્કૃથી દૂર છે. એટલા માટે કે ફક્રીરના માટે દુનિયાવાળાઓથી મેલજોલ કરવી નુકસાનથી ખાલી નથી, જે અલ્લાહનો તાલિબ છે તેને સીધા માર્ગથી દૂર રાખે છે. જેમ કે

સલકુસ્સુલૂકમાં લખેલું જોયું છે કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃاللہ علیہ ફર્માવે છે કે આ માર્ગે ચાલનારે જરૂરત વિના ઘરથી નીકળવું જોઈએ નહીં અને દુનિયાદાર માણસોથી મળીને બેસવું ન જોઈએ, અલ્બત્ત આલિમોની મજલિસમાં બેસે, પરંતુ જરૂરત વિના વાત ન કરે, પછી પોતાની બંદગીની તાષીર જુએ કે કેટલા પ્રમાણમાં રોશન ઝમીરી એનામાં પેદા થાય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મરીઝના માથા પર મિક્રાઝ (કાતર) ચલાવતા પહેલાં તેને ગુસ્લ કરાવે અને પોતાના હાથથી થોડીક મીઠાઈ તેના મોઢામાં રાખે, અને એ નિય્યત કરે કે પરવરદિગાર ! તારા આ બંદાને તારી રાહની તલબમાં શીરીં (મીઠો) બનાવ. પછી જો ખલ્વત (એકાંત)ના લાયક છે તો ખલ્વત અપનાવે, નહીં તો સુકૂત (મૌન), પછી તલ્કીન (સૂચના) કરે.

## રાહે સુલૂકનો મુસાફિર શું કરે ?

ત્યારબાદ ફર્માવ્યું કે સિર્રુલ્ આરિફીનમાં લખેલું જોયું છે કે ખલ્વત (એકાંત) ૪૦ દિવસની હોય છે. અને અમુકે કહ્યું છે કે ૯૦ દિવસની હોય છે. અમુકનું મંતવ્ય છે કે ૯૯ દિવસની હોય છે. પરંતુ વિશ્વસનીય તે જ છે જે શૈખ અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃاللہ علیہએ ફર્માવ્યું છે. પણ તબકાએ જુનૈદિયહમાં ૧૨ વરસ છે, અને બસરિયહની નજીક વીસ વરસ છે. એહલે સુલૂકના કૌલ પ્રમાણે નિશ્ચિત કરવાથી હેતુ એ છે કે નફસે અમ્મારા (ગુનાહ પ્રતિ પ્રેરતો નફસ)ને ઈબાદત રિયાઝતના સબબે પ્રભાવિત કરવામાં આવે અને નફસના કૂતરાને કેદ કરવામાં આવે. મશાઈખ તબકાતના મઝહબમાં મુરાકેબા છે, જેઓ ખલ્વતમાં મુરાકેબા

સિવાય અન્ય કાંઈ નથી અપનાવતા. જ્યારે ખલ્વતમાં બેસવા ચાહે તો પોતાના પીરનુ કપડુ પહેરે જેથી તેની બરકતથી રોશનાઈ હાંસલ થઈ જાય કેમ કે ખિર્કો આપવાનો મતલબ એ જ છે. અમુક મશાઈખ તબક઼ાત દા.ત. ખ્વાજા ફુઝૈલ અયાઝ અને ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ લખે છે કે પીરે જોઈએ કે પ્રથમ મુરીદના માથા પર હાથ રાખે, અને ત્યારબાદ ઝિક્રની તલ્ક઼ીન કરે. પ્રથમ : **લાઈલાહ ઈલ્લલ્લાહ**, બીજુ : **સુબ્હાનલ્લાહિ વલ્હ઼મ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.** ત્રીજુ : **યા હૈ઼યુ યા ક઼ૈયૂમ.** જો પ્રથમ ઝિક્ર અપનાવે તો નવ વાર **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે અને દસમી વાર **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** صلی اللہ علیہ وسلم કહે. ૨૧ વાર **સુબ્હાનલ્લાહ,** ૩૦ વાર **યા હૈ઼યુ યા ક઼ૈયૂમ** કહે, પરંતુ મોટા અવાજથી કહે જેથી પાસે બેસનારા એનાથી ફાયદો ઉઠાવી લાભવંત થાય. પરંતું એટલા મોટા અવાજે ન કહે કે પડોશીઓ સાંભળે.

ત્યારબાદ ફર્માવ્યું કે તબક઼ાએ જુનૈદિયામાં બાર વખત જ છે. શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે એટલા પ્રમાણમાં ઝિક્ર કરે કે તેના શરીરનો દરેક વાળ ઝબાન બની જાય. એ જ મોક઼ા પર ઝબાન મુબારકથી ફર્માવ્યું કે યહ્યા પયગંબર علیہ السلام ઝિક્ર કરતી વખતે એવા બેહોશ થઈ જતા કે જંગલની દિશા પકડતા અને શૌક઼ના ગલ્બાના કારણે કહેતા, હે મુનઝ્ઝા ! પોતાના ઘરેથી ઈરાદો કર ! કેમ કે તારા ઝિક્રના અંદેશાથી મારુ દિલ ભરાઈ ગયુ. જો પોતે કહું અને તારો ઝિક્ર ન કરું તો હું એ જ વખતે મરી જાઉં.

ત્યારબાદ ફર્માવ્યું, શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ખ્વાજા યૂસુફ ચિશ્તી قدس سرہ શરહુલ અસ્રારમાં લખે છે કે ઝન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ

ફર્માવે છે કે શૈખ દાયણની જેમ હોય છે અને મુરીદ બાળકની જેમ. જે વખતે બાળક ખોટી આદત અપનાવે તો તેને અન્ય કોઈ ચીજમાં વ્યસ્ત કરી આપે જેથી ખુશ થઈને તેમાં મસ્ત થઈ જાય. એ જ પ્રમાણે પીર મુરીદને ક્યારેક ઝિક્રનો હુકમ કરે અને ક્યારેક કુર્આન શરીફ પઢવાનો, જેથી કોઈ અન્ય ચીજથી તેને ચૈન પડે.

ત્યારબાદ ફર્માવ્યું કે એ પણ લખેલું જોયું છે કે દુનિયાવાળાઓથી મેલજોલ ન કરે, કેમ કે તેમની સોહબત ફક઼ીરના દિલને પરેશાન કરે છે.

એ જ મોક઼ા પર ફર્માવ્યું કે ફક઼ીરના માટે માલદારોની સોહબતથી વધીને કોઈ ચીજ નુકસાનકર્તા નથી. જ્યારે ફક઼ીર ગોશાનશીની અપનાવે છે તો તેનાં દીની તથા દુનિયવી કામો આપોઆપ બનતા ચાલ્યાં જાય છે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે પીર તથા મુરીદે દરેક સ્થિતિમાં એ જ પ્રમાણે રહેવું જોઈએ જેવુ કે ઉપર વર્ણન થઈ ચૂક્યું છે. જો કોઈ શખ્સનો શયખ કામિલ ન હોય તો સુલૂકવાળાઓની કિતાબને નજરો સમક્ષ રાખે અને તેના પ્રમાણે કરે જેથી ઈરાદત તથા મિક઼રાઝ (કાતર)ના મુતાબિક઼ થાય.

પછી ફર્માવ્યું કે શયખ માટે વાજિબ છે કે મુરીદને રાજાઓ તથા દુનિયાવાળાઓની સોહબતથી દૂર રહેવાની વસિયત કરે જેથી ખ્યાતિ તથા સત્તાનો તલબગાર ન બને. વધુ વાત ન કહે, વિના જરૂરત કોઈ જગાએ ન જાય, કેમ કે એવું કરવાથી મૂળ હેતુથી દૂર રહી જશે, એટલા માટે કે દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોની જડ હોય છે.

એ જ મોકા પર ફર્માવ્યું કે સજ્જાદાથી દૂર ન થાય પણ જરૂરતના સમયે, એટલા માટે કે અસ્હાબે તરીકતે ફર્માવ્યું છે કે જ્યારે કોઈ દાનિશમંદ દરરોજ દુનિયાની તલબના માટે ફરે અને હલાલ તથા હરામના ઈલ્મોને બયાન કરતો રહે, અને સૂફી કૂચાઓ તથા બજારોમાં ફરે તો સુલૂક તથા મુજાહિદા કોણ કરશે ?

ત્યારબાદ ફર્માવ્યું કે અબૂ બક્ર શિબ્લી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે કબૂલિયત રાહ પર ચાલાવાવાળાઓની નિશાની એ છે કે ભલે ગમે તે થાય જુમેરાત ઉભા રહીને પસાર કરે, ચાહે ઝિક્રમાં, ચાહે તિલાવતમાં, ચાહે નમાઝમાં, પરંતુ અફઝલ એ જ છે કે નમાઝમાં રાત પસાર કરે. એ જ મેઅરાજની સિફત છે કે **અસ્સલાતુ મેઅરાજુલ મો'મિનીન** (નમાઝ મો'મિનની મેઅરાજ છે).

ત્યારબાદ ફર્માવ્યું કે સુલૂકવાળાઓએ કહ્યું છે કે સૂલુકનો અસ્લ (મૂળ) રિયાઝત છે અને તેનું ફળ ઈરાદત. મતલબ એ છે કે બંદો પોતાની જાતને દુનિયાવાળાઓ, માલદારો અને બાદશાહોની સોહબતથી અને નફસની ઈચ્છાઓથી દૂર રાખે અને નેક લોકોની સોહબત અપનાવે. જેમ કે પયગંબરે ખુદા علیہ السلام ફર્માવે છે : નેકોની સાહેબત નૂર છે અને દુનિયાવાળાઓ માટે રહમત છે. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## નમાઝમાં ઈસ્તેગરાક (અતિશય તલ્લીનતા)

દર્શાવેલ મહિનાની ૧૧મી હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીની દૌલત નસીબ થઈ. વાત એ લોકોના બારામાં થઈ રહી હતી જેઓ નમાઝમાં ઈસ્તેગરાક (તલ્લીનતા)ના કારણે પોતે પોતાની પણ ખબર નથી ધરાવતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે

એકવાર ગઝનીથી મેં સફર કર્યો. માર્ગમાં અમુક દુરવેશોને મેં જોયા જેઓ અતિશય યાદે ઈલાહીમાં મશગૂલ હતા. રાતે એમની જ પાસે રહ્યો. જ્યારે દિવસ થયો તો શહેરની પાસે એક હોઝ હતો ત્યાં તાજુ વુઝૂ કરવાના માટે ગયો તો એક દુરવેશને જોયો જે ઘણો જ કમજોર હતો. તેનો હાલ પૂછયો તો ફર્માવ્યું, લાંબા સમયથી મને કોઈ પેટની બીમારી છે, જેના કારણે હું કમજોર થઈ ગયો છું. તે રાત્રે એ દુરવેશની પાસે રહ્યો. રાતના સમયે તેની પેટની બીમારી આધિક જોર પકડી ગઈ, કેમ કે દરરોજ ૧૨૦ રકાત નમાઝ અદા કર્યા કરતો હતો. જ્યારે કઝાએ હાજત (જાજરૂ) માટે જતો તો દરેક વખતે ગુસ્લ કરીને ફરી નમાઝમાં મશગૂલ થઈ જતો. જેમ કે એ રાતે ૬૦ વખત કઝાએ હાજતના માટે ગયો અને સાઠેવ વખતે નહાયને બે રકાત અદા કરી, અને પોતાનો વઝીફો પૂરો કર્યો. છેલ્લી વખતે જ્યારે ગુસ્લ કરવા ગયો તો પાણીમાં અલ્લાહને પ્યારો થઈ ગયો.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડી પડયા, અને ફર્માવ્યું કે બંદગીમાં તે દુરવેશ કેવો મજબૂત અકીદાવાળો હતો ! આખરી શ્વાસ સુધી કાયદાની પાબંદી કરતો રહ્યો, જ્યારે તેને નિભાવી લીધો તો જાન યારના હવાલે કરી દીધી.

## બીમાર તથા ગરીબોના આખેરતના દરજાઓ

પછી ફર્માવ્યું કે જે શખ્સને કોઈ બીમારી એટલે જેહમત કે તકલીફ હોય, સમજી લો કે તેને ગુનાહોથી પાક કરવામાં આવી રહ્યો છે. આ એની ભલાઈની દલીલ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દિવસ બુખારામાં શયખ સૈફુદ્દીન

હાખઝરી رحمۃاللہ علیہની ખિદમતમાં હાજર હતો. એક શખ્સે આપની ખિદમતમાં હાજર થઈને સલામ કરી અને અર્ઝ કરી કે, હે ઈમામ ! મારી પાસે માલ છે અને ઘણા સમયથી એમાં નુકસાન થઈ રહ્યું છે, તેમજ મારાં અંગોને પણ તકલીફ થાય છે.

શેખ સાહબે ફર્માવ્યું કે હે ભાઈ ! મો'મિનના માલમાં નુકસાન થાય તો સમજો કે તેણે ઝકાત આપવામાં કુસૂર કર્યો છે, અને બીમારી ઈમાનના સહીહ હોવાની નિશાની છે.

પછી એ મોકા પર ફર્માવ્યું કે અસ્હાબે તાબઈન પોતાના આષારમાં લખે છે કે **કયામતના દિવસે ફકીરોને (ગરીબોને) એ દરજાઓ હાંસલ થશે કે સર્વ લોકો એવી આરઝૂ કરશે કે કાશ ! અમે પણ દુનિયામાં ગરીબ હોત, જેથી આ મર્તબાઓ પ્રાપ્ત થાત.** અને બીમારોને પણ તે દરજાઓ અર્પણ થશે કે **સર્વ લોકો એ જ ખ્વાહિશ કરશે કે અફસોસ ! અમે પણ દુનિયામાં બીમાર થતા તો આ મર્તબા હાંસલ કરતા.**

ત્યારબાદ ફર્માવ્યું કે બંદાએ સમજવું જોઈએ કે સર્વ દર્દ તથા મહેનત (તકલીફ) અલ્લાહની તરફથી આવે છે, અને આપણા નફસના તબીબ ખુદ બનવું જોઈએ. પછી અશ્રુમય આંખે આ મષ્નવી પઢી :–

**ભાવાર્થ** : *"હે ઈન્સાન ! તારી પાસે જે તકલીફ તથા દર્દ છે તે એ જ રબની તરફથી છે."*

ત્યારબાદ વાત એના બારામાં શરૂ થઈ કે દરેક હાલતમાં દુરવેશોના હક્કમાં નેક ગુમાન કરવું જોઈએ અને પોતાનો અકીદો દુરુસ્ત રાખવો જોઈએ જેથી કરીને એની બરકતથી હિમાયત હાંસલ થાય.

ત્યારબાદ ફર્માવ્યું કે ઓચ તથા મુલ્તાનનો વાલી શેરખાન મારો અક઼ીદતમંદ ન હતો.

એ જ વરસે થોડાક દિવસો બાદ કાફિરોએ એના શહેરને લૂટી લીધું.

## દુરવેશોની કરામતોનું પ્રદર્શન

પછી ફર્માવ્યું કે એક રોજ સીવિસ્તાનની તરફ હું મુસાફિર હતો. જ્યારે શયખ અવહદ કિર્માની رحمۃاللہ علیہની ખિદમતમાં હાજર થયો તો મારાથી બગલગીર થઈને ફર્માવ્યું, મારી ખુશનસીબી કે તું અમારી પાસે આવી પહોંચ્યો ! આપના જમાઅતખાનામાં બેઠો હતો એવામાં દસ અન્ય સાહિબે નેઅમત દુરવેશો આવ્યા, અને એકબીજા સાથે કરામત પ્રદર્શિત કરવા વિશે વાતચીત કરવા લાગ્યા. ત્યાં સુધી વાત પહોંચી કે જો કોઈ કરામતવાળો છે તો પોતાની કરામત દેખાડે. તેઓએ કહ્યું, પહેલાં આપની કરામત દેખાડો કેમ કે આપ દુરવેશોના સરદાર છો. શયખ સાહબે દુરવેશોને સંબોધીને ફર્માવ્યું કે આ શહેરનો બાદશાહ મારો અક઼ીદતમંદ નથી અને કદી કદી તકલીફ પણ આપે છે, જો મેદાનેથી આજે સલામત આવી ગયો તો ઘણા જ આશ્ચર્યની વાત કહેવાશે ! જેવું આ પ્રમાણે ફર્માવ્યું એવામાં એક જણે આવીને ખબર આપી કે હમણા આ શહેરનો બાદશાહ મેદાનમાં દડાથી રમી રહ્યો હતો એવામાં ઘોડા પરથી પડી ગયો અને તેની ગરદનનો મણકો તૂટી ગયો અને તુરત જ મૃત્યુ પામ્યો.

પછી દુરવેશોએ મને કહ્યું, તમે પણ કોઈ કરામત દેખાડો ! મેં મુરાક઼બો કર્યો, પછી માથુ ઉઠાવીને કહ્યું કે આંખો બંધ કરો !

શું જુએ છે કે મારા સહિત સૌ ખાનાએ કા'બામાં ઉભા છે ! થોડોક સમય ત્યાં રહીને પાછા આવ્યા. તો દુરવેશોએ સ્વીકાર કર્યો કે હા ! આ પણ દુરવેશ છે. પછી મેં તથા શયખ સાહબે દુરવેશોને કહ્યું કે અમે અમારું કામ કરી ચૂક્યા, હવે તમો પણ કાંઈક દેખાડો ! દુરવેશોએ માથાં ખિર્કામાં કર્યા અને ગુમ થઈ ગયા, ખિર્કા ખાલી રહ્યા !

પછી શયખુલ ઈસ્લામે મારી તરફ સંબોધીને ફર્માવ્યું કે મૌલાના નિઝામુદ્દીન ! જે અલ્લાહ તઆલાના કામમાં હોય છે, અલ્લાહ તઆલા તેના કામમાં હોય છે. એટલે કે જે અલ્લાહ તઆલાની ખિદમતમાં કમી નથી કરતો અને જેમાં દોસ્તની રઝા છે તે જ કામ કરે છે અને નફસની સાથે નાઝીઓની જેમ પેશ આવે છે, તો અલ્લાહ તઆલા પણ તે ચીજ મૌજૂદ કરી આપે છે જેમાં તેના બંદાની રઝા (ચાહત) હોય છે.

## ગુનાહ પ્રતિ મૂકાયેલ પગ કાપી નાખ્યો !

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર બદખ્શાંની તરફ હું મુસાફિર હતો. એ શહેરમાં બુઝુર્ગ અવલિયા રહેતા હતા. જેમ કે શહેરની બહાર એક ગુફામાં ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہના મુરીદ શયખ અબ્દુલવાહિદ رحمۃ اللہ علیہ રહેતા હતા. જ્યારે હું ખિદમતમાં હાજર થયો તો જોયું કે ખૂબ દુબળા થઈ રહ્યા છે અને એક પગ ગુફામાં છે અને બીજો બહાર છે. એક પગ પર ઉભા રહીને આલમે તહય્યુરમાં આંખો ઉપરની તરફ લગાડેલ છે. નજીક જઈને સલામ કરી. ફર્માવ્યું, થોભી જાવ ! ત્રણ દિવસ બાદ આલમે સહ્વમાં આવ્યા તો ફર્માવ્યું, હે ફરઝંદ ! મારી નજીક ન આવતો, નહીં તો સળગી જઈશ, અને દૂર પણ ન જા કેમ કે તારા પર જાદૂની અસર થઈ જશે.

હવે મારી કહાની સાંભળ ! આજે ૭૦ વરસોથી આ ગુફામાં ઉભો છું. એક સ્ત્રીને જોઈને મારું દિલ આકર્ષાયું. મેં ગુફાથી બહાર આવવા ચાહ્યું તો ગયબી અવાજ આવ્યો કે હે દાવેદાર ! તારો વાયદો તો એ હતો કે અમારા સિવાય કોઈના પ્રતિ આકર્ષિત થઈશ નહીં. છરી પાસે હતી એના વડે એક પગ કાપીને બહાર ફેંકી દીધો એટલા માટે કે એ પગ નફસની ઈચ્છાના કારણે ગુફાની બહાર રાખવામાં આવ્યો હતો. હવે લગભગ ૩૦ વરસોથી આ જ આલમે તહૈયુરમાં છું અને ડરું છું કે કયામતના દિવસે આ મોં કેવી રીતે દેખાડીશ ?! એ જ હાલતમાં શાર્મિંદો છું.

## વલીની કરામતનો કમાલ !

પછી મલિકુલ મશાઈખે ફર્માવ્યું કે રાત ત્યાં જ રહ્યો. ઈફતારના સમયે દૂધ તથા અમુક ખજૂરો થાળમાં રાખીને એની પાસે લાવ્યા. મેં ગણી તો સંખ્યામાં ૧૦ હતી. ફર્માવ્યું, હે ફરીદ ! પાંચ હું ખાયા કરતો હતો અને આજે દસ આવી છે જેથી પાંચ તારી છે. આવો ! દૂધ લઈને ઈફતાર કરો. જ્યારે એ બુઝુર્ગે દૂધ તથા ખજૂરો સામે રાખી અને હું આદાબ બજાવી લાગ્યો અને ખાય ગયો. તે બુઝુર્ગ પણ આલમે તહૈયુરમાં મશગૂલ થયા. બદખ્શાંનો ખલીફા પોતાના બાદશાહી લશ્કર સાથે આવ્યો અને ઉભો રહી ગયો. તે બુઝુર્ગે પૂછયું, તારી શું હાલત છે ? ખલીફાએ કહ્યું, સીવિસ્તાનનો માલિક માલ નથી આપતો. હવે ઈજાઝત તલબ કરું છું કે એના પર ચઢાઈ કરું. હસીને લાકડી સીવિસ્તાનની તરફ ફેંકીને ફર્માવ્યું, મેં સીવિસ્તાનના માલિકને મારી નાખ્યો છે. જ્યારે ખલીફાએ જોયું તો પાછો ચાલ્યો ગયો. થોડાક દિવસો પસાર થવા

ન પામ્યા હતા એવામાં તેના માણસો ઘણો બધો માલ લઈને આવ્યા અને વર્ણવ્યું કે સીવિસ્તાનનો માલિક આમ દરબારમાં તખ્ત પર બેસીને હુકમ આપી રહ્યો હતો એવામાં દીવાલમાંથી લાકડી જાહેર થઈ અને તેની ગરદન પર વાગી જેનાથી એની ગરદન અલગ થઈ ગઈ. પછી અવાજ આવ્યો કે આ હાથ શયખ અબ્દુલવાહિદ બદખ્શાંનીનો છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે, થોડાક દિવસ એમની ખિદમતમાં રહ્યો પછી ઈજાઝત લઈને પરત ચાલ્યો આવ્યો. આ ખત્મ કરીમે શયખુલ ઈસ્લામ નમાઝમાં મશગૂલ થઈ ગયા.

## નાની સરખી લાકડીનો કમાલ

એ જ મહિનાની તેરમી તારીખે હિ.સ. ૬૫૫ના કદમબોસીનો શરફ હાંસલ થયો. શયખ અબુલ ગયષ અયની رحمۃ اللہ علیہ અતિશય વૃધ્ધ હતા. આપે શયખ યૂસુફ હસની, શયખ શહાબુદ્દીન સુહરવર્દી, શયખ ફરીદુદ્દીન અત્તાર, અને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہم اجمعین ની ઝિયારત કરી હતી તેમજ અન્ય ઘણા બુઝુર્ગોની ઝિયારત કરી હતી.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર મોગલોએ યમનને ઘેરી લીધું એ વખતે ખ્વાજા અબુલ ગયષ ઝુપડીમાં હતા. ખલીફાએ જઈને મોગલોના આવવા વિશે વિગત અર્ઝ કરી. ખ્વાજા સાહબે પાસે પડેલી નાની સરખી લાકડી આપી અને ફર્માવ્યું કે રાતે એમના લશ્કરી તરફ ફેંકી દેજો. તેણે એવું જ કર્યુ. તેના ફેંકવાથી તેઓએ આપસમાં લડવાનું શરૂ કરી આપ્યું, તો સર્વ મોગલો તબાહ થઈ ગયા. છેવટે જાણવા મળ્યું કે લીલા પોશાકવાળાઓનું લશ્કર હતું

જેણે કાફિરોને જહન્નમમાં પહોંચાડી આપ્યા. જ્યારે દિવસ ચઢયો તો એક પણ જીવતો ન રહ્યો.

## વલીના તીરનો કમાલ !

પછી ફર્માવ્યું કે શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એકવાર હું શયખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہ તથા શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہ મુલ્તાનમાં હતા. એ દિવસે કુબાચા મુલ્તાનના વાલીએ આવીને અર્ઝ કરી કે મોગલો શહેરની નજીક આવી પહોંચ્યા છે. આપ શું ફર્માવો છો ? શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہની પાસે એક તીર હતું તે એને આપીને ફર્માવ્યું કે મોગલોના લશ્કરની તરફ ફેંકી દેજે. તેણે એવું જ કર્યું તો મોગલો ભાગી છૂટયા.

## દુકાળમાં વલીની દુઆથી તરત જ વરસાદ થયો !

ત્યારબાદ ફર્માવ્યું એકવાર યમનમાં લાંબા ગાળા સુધી વરસાદ ન પડયો અને દુકાળમાં લોકો મૃત્યુ પામવા લાગ્યા, ખેતીઓ સૂકાઈ ગઈ. સર્વ યમનવાળાઓ શયખ અબુલ ગયષની ખિદમતમાં આવ્યા કે વરસાદના માટે દુઆ કરો. ફર્માવ્યું, કાલે સૌ મારી નમાઝગાહમાં ભેગા થજો. સૌ હાજર થયા. શયખ સાહબે મિમ્બર ઉપર ચઢીને પ્રથમ અલ્લાહ તઆલાની હમ્દો ષના કરી અને પછી પયગંબરે ખુદા પર દુરૂદ મોકલીને આસ્માનની તરફ મોંઢું કરીને અર્ઝ કરી, હે પરવરદિગાર ! જો તારી બારગાહમાં મારી તાઅત (ફર્માંબરદારી) મંઝૂર છે તો બારાને રહમત મોકલ. હજી આ વાત જીભેથી નીકળવા ન પામી હતી એવામાં વરસાદ

થવા લાગ્યો. અને એટલા પ્રમાણમાં વરસાદ પડયો કે પાંચ દિવસ રાત પાણી ખત્મ ન થયું. ત્યાનાં લોકોએ ક઼સમ ખાઈને કહ્યું કે જીવનભરમાં આવો વરસાદ પડતો નથી જોયો.

## શયખ અબુલ ગયષની વફાતનો હાલ

ત્યાર બાદ શયખ અબુલ ગયષની વફાતનો હાલ આ પ્રમાણે વર્ણન કર્યો કે જે દિવસે આપનો ઈન્તેક઼ાલ થયો એ દિવસે સવારની નમાઝ અદા કરીને રોજના નિયમાનુસાર આપ મુસલ્લા પર બેઠેલા રહ્યા અને ઈશ્રાક઼ની નમાઝ અદા કરીને સૌ સાથીઓને કહ્યું કે ગુસ્લ આપનારાને બોલાવો, અને કપડાં, ઘડો અને ખુશ્બુ હાજર કરો. સાથીઓએ ગુસ્લ આપનારને બોલાવ્યો અને જરૂરી ચીજો હાજર કરી. ત્યારબાદ ફર્માવ્યું કે જગા ખાલી કરો જેથી અલ્લાહ તઆલાના શહસવાર (ફરિશ્તા) અહીં આવે. શયખ સાહબે સૂરએ યાસીન શરૂ કરી. જયારે فَسُبۡحٰنَ الَّذِیۡ بِیَدِہٖ مَلَکُوۡتُ کُلِّ شَیۡءٍ وَّاِلَیۡہِ تُرۡجَعُوۡنَ પર પહોંચ્યા તો આખરી શ્વાસ લીધો અને ઘરના ખૂણેથી અવાજ આવ્યો કે દોસ્ત દોસ્તને મળી ગયો. પછી શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂંએ રડયા અને બેહોશ થઈ ગયા.

## મૂસા علیہ السلام અને મલકુલ મૌતનો બનાવ

હોશમાં આવતાં શોક઼ના ગલ્બા હેઠળ તેમને ફર્માવ્યું કે જયારે મૂસા علیہ السلام ની ઉમરના દિવસો પૂરા થયા તો એક રોજ મસ્તોની જેમ રાહમાં ટહેલી રહ્યા હતા. મલકુલ મૌતથી મુલાક઼ાત થઈ. સલામ કરી, સલામનો જવાબ મળ્યો. પૂછયું, તું કોણ છે ? કહ્યું, મલકુલ મૌત! એ વખતે મૂસા علیہ السلام શૌક઼ તથા ઈશ્તિયાક઼માં

હતા. એના ચહેરા પર એવી થપ્પડ મારી તે સામેથી ભાગી ગયા, અને કહ્યું કે હું ફરી આવીશ નહીં.

મલકુલ મૌતે પોતાના મક઼ામ પર આવીને સજદો કર્યો, અને અર્ઝ કરી કે પરવરદિગાર ! તેં એવા શખ્સની પાસે મોકલ્યો હતો કે જો હું ભાગી ન આવત તો હલાક઼ થઈ જાત ! તે જ વખતે સંબોધન થયું કે આ તે કારણે હતું કે તને જાણ થઈ જાય કે મારા અને મારા મહબૂબોની વચ્ચે ગૈરને દખલ નથી, કેવળ હું જાણું છું અને મારા દોસ્ત. બીજા દિવસે મૂસા علیہ السلام નમાઝ અદા કરીને ક઼િબ્લા બાજુ બયતુલ મુક઼દસમાં બેઠેલા હતા એવામાં જિબ્રઈલ علیہ السلامએ આવીને અર્ઝ કરી અને જન્નતી સફરજન આપ علیہ السلامના હાથમાં આવ્યું. જેવું જનાબે સૂંઘ્યું તો એ સફરજનથી દોસ્તથી ખુશ્બુ દિમાગમાં પહોંચી, તો નારો મારીને જાન યારના હવાલે કરી દીધી. શયખુલ ઈસ્લામ આ હિકાયત ખત્મ કરીને એટલા પ્રમાણમાં રડયા કે હાજરજનોએ પણ રડવાનું શરૂ કરી આપ્યું. મજલિસથી નારો ઉઠયો અને શયખુલ ઈસ્લામ બેહોશ થઈ ગયા.

## ઈશ્ક઼વાળાની કૈફિયત

પછી ફર્માવ્યું કે મહાન મશાઈખમાંથી એક શયખ પોતાના સાથીઓ સાથે હઝરત મૂસા علیہ السلامના રોઝા પર પહોંચ્યા. રોઝાથી અવાજ આવ્યો : رَبِّ اَرِنِیْٓ اَنْظُرْ اِلَیْكَ (અર્થ) : "હે અલ્લાહ ! મને તારી દીદાર કરાવ !" *(સૂરએ અઅ્રાફ, ૧૪૩)* એ બુઝુર્ગે ફર્માવ્યું, આ ઈશ્ક઼ છે. ખરેખર જિંદગીમાં પણ આ જ હાલત હશે. જો મર્દની આ હાલત હોય તો જ્યારે ઉઠશે ત્યારે તેની એ જ હાલત હશે. ક઼યામતના દિવસે પણ મૂસા علیہ السلام અર્શના કંગુરામાં હાથ

મારીને ફરિયાદ કરશે : رَبِّ اَرِنِیۡ اَنۡظُرۡ اِلَیۡکَ. જો આ હાલતમાં ફરિશ્તા એમને પકડશે તો તમામ મખ્લૂક઼ શોખના (ઉમંગના) આવેશમાં વેરવિખેર થઈ જશે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે મને ફર્માવ્યું કે તાલિબે (તલબ કરનારે) દરેક હાલતમાં મત્લૂબ (જેની તલાશમાં છે તે)ના ઈશ્ક઼ તથા મહોબ્બત અને તેની યાદમાં રહેવું જોઈએ જેથી એ લોકોમાંથી થઈ જાય જેઓ એનાથી અગાઉ થઈ ગયા છે.

ત્યારબાદ ફર્માવ્યું કે જે વખતે મારા ભાઈ શયખ બહાઉદ્દીન ઝકરિયા قُدِّسَ سِرَّہٗ الۡعَزِیۡز ઈન્તેક઼ાલ કરવાના હતા એ વખતે આપના મોટા સાહબઝાદા શયખ સદરુદ્દીન દરવાજાની પાસે ઉભેલા હતા. એક માણસે આવીને પત્ર આપ્યો અને કહ્યું કે એને ખોલ્યા વિના અંદર પહોંચાડી આપો. હુકમ થયો કે સદરુદ્દીનના હાથમાં આપશો જેથી તે શયખ બહાઉદ્દીનને પહોંચાડી આપે અને તેને વાંચી લે. શયખ સદરુદ્દીન વાંચીને ચોધાર અશ્રુએ રડવા લાગ્યા અને કહ્યું કે આ દોસ્તનો પરવાનો છે અને ઈઝરાઈલ લાવ્યા છે. પૂછયું, જાતે કેમ નથી જતા ? કહ્યું, હુકમ છે કે આપને હાથે આપુ અને આપ શયખ સાહબને પહોંચાડી આપો. જ્યારે પત્ર અંદર લાવવામાં આવ્યો તો શયખ સાહબ યાદે ઈલાહીમાં મશગૂલ હતા. જ્યારે ફારિગ થયા તો આદાબ બજાવી લાવીને શયખ સાહબને પત્ર આપ્યો. ખોલીને વાંચ્યો પછી સિજદામાં માથુ રાખીને જાન આપી દીધી. અંદરથી અવાજ આવ્યો કે શયખ બહાઉદ્દીન દોસ્તને જઈને મળી ગયા. એ વખતે શયખુલ ઈસ્લામ ના'રો મારીને બેહોશ થઈ ગયા અને બેહોશીમાં અવાજ આવ્યો કે અમારું પણ આવું જ થશે.

## હજારો બીમારોને શિફા મળી

પછી શયખ સઅદુદ્દીન હમ્વિયહની વાત શરૂ થઈ, તો ફર્માવ્યું કે શયખ સાહબ ખૂબ જ બુઝુર્ગ હતા. એક શહેરમાં એક મસ્જિદમાં થોડાક દિવસ રોકાયા. એ શહેરના મુસલમાનોમાં બીમારીનું ઘણુ જોર હતું. જ્યારે આપે આ પરિસ્થિતિ જોયી તો હુકમ આપ્યો કે જે બીમાર હોય તેને મારી પાસે લાવો. સર્વ બીમારોને લાવવામાં આવ્યા. શયખ સાહબે પોતાનો દસ્ત મુબારક ફેરવ્યો તો કેટલાયે હજાર બીમારોને શિફા મળી ગઈ. પછી ત્યાંથી ગઝની આવ્યા તો તો ત્યાં પણ અમુક બીમારો હતા જેઓ આપના દસ્તે મુબારકની બરકતથી સાજા થઈ ગયા.

ત્યારબાદ ઓચા પહોંચ્યા. જે દિવસે ઈન્તેક઼ાલ થવાનો હતો તે દિવસે સાથીઓ સાથે જંગલ જઈને કિ઼બ્લા રુખ થઈને સૂરએ બક઼રહ પઢવાની શરૂ કરી અને ઈશ્રાક઼ સુધી સર્વ કુર્આન ખત્મ કર્યું અને સજદામાં પડીને જાન આપી દીધી. આપે અશ્રુમય આંખે આ શેઅર પઢયો :–

''તમારી ગલીમાં આશિક઼ો એ રીતે જાન આપી દે છે કે એ જગાએ મલકૂલ મૌત પણ નથી પહોંચી શક્તા !''

ત્યારબાદ ફર્માવ્યું કે શયખ સૈફુદ્દીન બાખઝરી رحمۃ اللہ علیہની એ આદત હતી કે જ્યાં નમાઝ અદા કરતા ત્યાં સૂઈ રહેતા, જ્યારે રાતનો ત્રીજો હિસ્સો પસાર થઈ જતો તો ઉઠતા. ઈમામ તથા મોઅઝ્ઝિન મૌજૂદ રહેતા, પછી ઈશાની નમાઝ અદા કરીને આખી રાત જાગતા રહેતા. આપનું જીવન આ જ હાલતમાં પસાર થઈ ગયું.

## એક ખ્વાબની તઅબીર

ત્યારબાદ ફર્માવ્યું કે બુખારાના એક શખ્સે ખ્વાબમાં જોયું કે બુખારાના દરવાજેથી એક સળગતી શમ્અ બહાર લઈ જવામાં આવી રહી છે. જાગીને એક બુઝુર્ગથી તા'બીર પૂછી તો ફર્માવ્યું કે અહીંથી કોઈ સાહિબે નેઅમત (બુઝુર્ગ હસ્તી) ઈન્તેક઼ાલ કરી જશે.

પછી ફર્માવ્યું કે શયખ સૈફુદ્દીન બાખરઝીએ પોતાના પીરને ખ્વાબમાં જોયા જે ફર્માવે છે કે હવે ઈશ્તિયાક઼ (આતુરતા) અધિક થઈ ગયો છે. એ અઠવાડિયામાં સતત કહેતા રહ્યા, અને એમાં વિરહ તથા દુનિયાના લોકોને વિદાયનો ઉલ્લેખ હતો. સૌ આશ્ચર્યમાં હતા કે શું કહે છે ? પછી હાજરજનોને સંબોધતાં ફર્માવ્યું, મુસલમાનો ! જાણી લો કે મારા પીરે મને ખ્વાબમાં બોલાવ્યો છે જેથી હું જાઉં છું ! એવું કહીને નીચે ઉતર્યા, ઘરે આવ્યા તો એ જ રાતે ઈન્તેક઼ાલ થઈ ગયો. સર્વ લોકો બેઠેલા હતા અને મશાલ સળગી રહી હતી. શયખ સૈફુદ્દીન ફિરાક઼માં હતા. રાતનો એક પહોર પસાર થયો એવામાં એક શણ પહેરેલ બુઝુર્ગ આવ્યા અને સફરજન પેશ કર્યું. જેવું હાથમાં લઈને સૂંઘ્યું અને અલ્લાહને પ્યારા થઈ ગયા. ત્યારબાદ શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે આ શેઅર કહ્યો જેનો અર્થ ઉપર દર્શાવેલો છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે શયખ બદરુદ્દીન ગઝનવી તથા મૌલાના ઈસ્હાક઼ને હુકમ આપ્યો કે તમે પણ આ શેઅર કહો જેથી આપણે ઝુમીએ. ત્રણ દિવસ સુધી બેખુદીની હાલતમાં રહ્યા પછી હોશમાં આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

## ૨૦ વર્ષે પુત્ર ઘરે પરત આવ્યો

મઝકૂર મહિનાની ૨૫મી એ હિ. ૬૫૫ના રોજ કદમબોસીની દૌલત નસીબ થઈ. કેટલાક દુરવેશ ખ્વાજા બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہની પાસે હાજર હતા અને સુલૂકના બારામાં ચર્ચા ચાલી રહી હતી. શયખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે તરીકતની રાહ રઝા વ તસ્લીમની છે. જો કોઈ શખ્સ ગરદન પર તલ્વાર મારે તો તેના પર રાજી રહે ! અને દમ ન મારે. શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જેની આ હાલત હોય તે દરવેશ છે. એ જ અરસામાં એક વૃધ્ધા રડતી કકળતી આવી. આપે ફર્માવ્યું, નજીક આવ ! તે આવી તો આપે પૂછયું કે તારી શું હાલત છે ? વૃધ્ધાએ કહ્યું કે, બુઝુર્ગ ! વીસ વરસથી મારો પુત્ર મારાથી વિખૂટો થઈ ગયો છે, હું નથી જાણતી કે તે જીવંત છે કે મરી ગયો છે. આપે મોડે સુધી મુરાકેબો કર્યો પછી ફર્માવ્યું, તારો પુત્ર આવી જશે. આ સાંભળીને તે આભાર માની ચાલી ગઈ. જ્યારે ઘરે પહોંચી તો એક ઘડી પણ પસાર થઈ ન હતી એટલામાં છોકરાએ આવીને દરવાજો ખટખટાવ્યો. પૂછયું, અમારા ઘરડાંઓના દરવાજા પર કોણ છે ? અવાજ આવ્યો કે હું છું ! તમારો પુત્ર ! વૃધ્ધા આવીને પોતાના જિગરના ટુકડાને ઘરમાં લઈ આવી અને પૂછયું, તું ક્યાં હતો ? કહ્યું, અહીંથી ૧૫૦૦ કોસના અંતરે હતો. પૂછયું, તો પછી કેવી રીતે આવ્યો ? કહ્યું, દરિયાના કિનારે ઉભો હતો એવામાં મને તમારો ખયાલ આવ્યો. હું રડી રહ્યો હતો એટલામાં એક સફેદ દાઢીવાળા ખિર્કાપોશ શખ્સ પાણીમાંથી જાહેર થયા અને મને પૂછયું કે શા માટે રડે છે ? મેં હાલત વર્ણવી. ફર્માવ્યું કે તને હું

લઈ જાઉં ? મેં કહ્યું, મને તો ખૂબ જ મુશ્કેલ જણાય છે. એ દુરવેશે કહ્યું, મને હાથ આપ અને આંખો બંધ કર. મેં એવું જ કર્યું અને મને ઘરના દરવાજે ઉભેલો જોયો. વૃધ્ધા સમજી ગઈ કે એ બુઝુર્ગ શયખુલ ઈસ્લામ જ છે. તુરંત આવીને આદાબ બજાવી આભાર માની પરત થઈ.

## વિર્દો વઝાઈફ છૂટી જવાનાં નુકસાનો !

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જો આબિદથી કોઈ વિર્દો વઝાઈફ છૂટી જાય તો એ જ એની મૌત છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું શયખ યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો. એક સૂફીએ આવીને આદાબ બજાવીને અર્ઝ કરી કે આજે રાત્રે ખ્વાબમાં જોયું કે મારુ મૃત્યુ નજીક છે. શયખ સાહબે ફર્માવ્યું કે તારાથી સવારની નમાઝ છૂટી ગઈ છે ! જ્યારે તેણે વિચાર્યું તો બરાબર એ જ વાત નીકળી જે શયખુલ ઈસ્લામે કહી હતી. જરૂરી છે કે જે કાંઈ તેં ખ્વાબમાં જોયું છે તે તરત તને દેખાડવામાં આવે, કેમ કે સાહિબે વિર્દ (વિર્દ કરનાર)થી જો વિર્દ છૂટી જાય તો તે તેના માટે મૌત છે. જેમ કે કહેવામાં આવે છે કે એકવાર કાઝી રઝીઉદ્દીન رحمۃ اللہ علیہ સૂરએ યાસીનનો વઝીફો કર્યા કરતા હતા. એક દિવસ છૂટી ગયો, તો એ જ દિવસે ઘોડા પરથી પડી ગયા અને પગ ભાગી ગયો. વિચાર્યું તો જણાયું કે એ દિવસે વઝીફો છૂટી ગયો હતો.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું, વિર્દ કરનારે જોઈએ કે જે વઝીફો હોય તે જો દિવસમાં પૂરો ન કરી શકે તો રાતે કરે, પણ વઝીફો કદી છોડી ન આપે, કેમ કે તેની ત્યજવાની આફત પૂરા શહેરમાં ખરાબી પેદા કરે છે.

પછી ફર્માવ્યું કે એકવાર એક દેશ વિદેશની સૈર કરનાર મારી પાસે આવ્યો. દમિશ્ક (દમાસ્કસ)ની સ્થિતિ તેણે આ પ્રમાણે વર્ણવી કે જ્યારે હું ત્યાં પહોંચ્યો તો તેને ઉજડી ગયેલું પામ્યું. જેથી વીસ ઘરોથી વધુ આબાદ ન હતાં. જ્યારે એ શહેરની ખરાબીની બાબત માલૂમ કરી તો એ શહેરમાં સર્વ અહલે સુન્નત વ જમાઅત આબાદ હતા અને સૌ વિર્દ કરનારા હતા. અમુક મુસલમાનોએ પોતાનો વઝીફો ત્યજી દીધો. એક વરસ પણ પૂર્ણ થયું ન હતું કે મોગલોએ આવી આખુ શહેર બર્બાદ કરી દીધું અને મુસલમાનોને કેદ કરી લીધા. એમના વઝીફાના ત્યજી દેવાના કારણે આ શહેર બર્બાદ થયું છે. વઝીફો ત્યજી દેવાની આફત આવી હોય છે.

*(**ચેતવણી** : આજે વઝીફો તો વઝીફો છે મુદ્દલે ફર્ઝો જ "સામૂહિક રીતે" ત્યજી દેવામાં આવી રહ્યા છે ! નમાઝો સરેઆમ ત્યજવામાં આવી રહી છે અને લોકોનું સમગ્ર ચલણ ઈસ્લામ વિરૂધ્ધ થઈ ગયું છે. તો એ જ સબબે આજે વિશ્વભરમાં મુસ્લિમોની હાલત દયનીય થઈ રહી છે. –તંત્રી)*

## મુરીદને અઝાબથી બચાવી લીધો !

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે શયખ મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہની એ આદત હતી કે જ્યારે કોઈ પડોસી મૃત્યુ પામતો તો આપ એના જનાઝાની સાથે જતા અને જ્યારે અન્ય લોકો ચાલ્યા જતા તો તેની કબ્ર પર વઝીફો કરતા.

આપના એક પડોસીએ અજમેર શરીફમાં ઈન્તેકાલ કર્યો તો આપ નિયમાનુસાર જનાઝાની સાથે ગયા અને લોકોના જતા રહ્યા

પછી તેની કબ્ર પર વઝીફો કરવા લાગ્યા, અને મોડેથી ઉઠયા. શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું એ સમયે સાથે હતો. શું જોઉં કે આપના ચહેરાનો રંગ ક્રમે ક્રમે બદલાય રહ્યો છે. એ વખતે સતત વઝીફો કરતા રહ્યા. પછી ઉઠીને કહ્યું, અલ્હમ્દુલ્લિાહ ! બયઅત પણ સારી ચીજ છે ! શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ કારણ પૂછયું તો ફર્માવ્યું, જ્યારે આ શખ્સને દફન કરવામાં આવ્યો તો ફરિશ્તાઓએ આવીને અઝાબ આપવા ચાહ્યું. શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ આવીને ફર્માવ્યું કે એને અઝાબ ન કરો, આ મારો મુરીદ છે. ફરિશ્તાઓને એવું કહેવાનો હુકમ થયો કે બેશક ! આપનો મુરીદ છે પરંતું આપની વિરૂધ્ધ હતો. ફર્માવ્યું કે, બેશક઼ ! વિરૂધ્ધ (વર્તનવાળો) હતો પણ મુરીદ તો છે ! હુકમ થયો, ફરિશ્તાઓ ! શયખના મુરીદથી હાથ ઉઠાવી લો કે મેં એને શયખના વસીલાથી બખ્શી આપ્યો.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે પોતાની જાતને કોઈના બનાવવું સારું છે. પછી આ શેઅર પઢયો જે શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યો હતો : (ભાવાર્થ) : ''જો હું નેક છું તો મને એમની સાથે કરી દે. અને જો હું બુરો છું તો મને એમના સદક઼ામાં બખ્શી આપ.''

## બુઝુર્ગોના સફરના અનુભવ

ત્યાર બાદ શયખુલ ઈસ્લામ શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہના બારામાં વાત શરૂ થઈ, તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શયખ કુત્બુદ્દીન અને શયખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہما જ્યારે આપસમાં મળ્યા તો સફરમાં થયેલ અનુભવો વિશે વાત શરૂ

થઈ. હું પણ ખિદમતમાં હાજર હતો. શયખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہએ આ પ્રમાણે શરૂઆત કરી કે એકવાર હું કર્શની તરફ મુસાફિર હતો. મેં ઘણા બુઝુર્ગોની ખિદમત કરી. એક બુઝુર્ગની ખિદમતમાં પહોંચ્યો જે શહેરની નજીક એક ગુફામાં રહેતા હતા. એ સમયે તે નમાઝમાં વ્યસ્ત હતા. જ્યારે નમાઝથી ફારિગ થયા તો મેં સલામ કરી. સલામના જવાબમાં કહ્યું, વઅલૈકુમુસ્સલામ ! હે શયખ જલાલુદ્દીન ! હું આશ્ચર્યમાં પડી ગયો કે એમણે મારું નામ કેવી રીતે જાણી લીધું ?! તેમણે કહ્યું, જે તને અહીં લાવ્યો છે તેણે તારુ નામ બતાવ્યું છે. હું આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો, બેસી જા ! હું બેસી ગયો. તેમણે આ પ્રમાણે વાતની શરૂઆત કરી કે એકવાર મેં એક દુરવેશ ૧૫૦ વરસનો ખૂબ અઝમતવાળો જોયો જે ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہના મુરીદોમાંથી હતો. જે મુસલમાન વગેરે જે કામ લઈને બુઝુર્ગની ખિદમતમાં આવતા, હજી પહોંચી ન શક્તા એટલામાં તેમની મુરાદ પૂરી થઈ જતી.

## દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોની જડ

ત્યારબાદ ફર્માવ્યું કે મેં એક હજાર સાતસો પીરોની ખિદમત કરી છે, દરેકે કાંઈ ન કાંઈ નસીહત કરી છે. અંતિમવાર ખ્વાજા શમ્સુદ્દીન વલ આરિફીન رحمۃ اللہ علیہએ મને એ નસીહત કરી કે હે દુરવેશ ! જો ખુદા રશીદા કે તેની નજીક થવા ચાહે છે તો દુનિયા તથા દુનિયાવાળાઓથી બેઝાર (બેપરવા) થઈ જા, તેમનાથી દૂર થઈ જા. દુરવેશ દુનિયવી સંબંધોને કારણે લાચાર થઈ જાય છે, કેમ કે દુનિયાની મહોબ્બત જ તમામ ગુનાહોની જડ છે. જે દુનિયાવાળાઓથી બેઝાર હોય તે જ ખુદા રશીદા થઈ ગયો. તો હે જલાલુદ્દીન ! મર્દાને ખુદા

(અલ્લાહના વલીઓ)એ સૌથી સંબંધ કટ કર્યો છે ત્યારે જઈને ક્યાંક ખુદા રશીદા બન્યા છે.

## બુઝુર્ગની નસીહત તથા કરામત

પછી શયખ જલાલુદ્દીને ફર્માવ્યું. હું રાત ત્યાં જ રોકાયો. ઈફતારના સમયે શું જોઉં છું કે જવની રોટીઓ આલમે ગયબથી જાહેર થઈ. એ બુઝુર્ગે એક મારી સામે રાખી કે ઈફતાર કર. જ્યારે ઈફતાર કર્યો તો ફર્માવ્યું, ખૂણામાં જઈને યાદે ઈલાહીમાં મશગૂલ થઈ જા. રાતનો ત્રીજો પહોર ગુજર્યો હતો એવામાં મેં એક ટાટ પહેરેલ મર્દને જોયો જેની સાથે સાત સિંહ હતા. તેણે આવીને સલામ કરી અને એ બુઝુર્ગની સામે આવીને બેસી ગયો. અને ક્યારેક સિંહ એની આસપાસ ફરતા હતા. હું એ જોઈને કાંપી ઉઠયો કે ઈલાહી ! આ કેવો માણસ છે કે સિંહ સાથે મહોબ્બત રાખે છે. તેણે કલામુલ્લાહ પઢવાનું શરૂ કર્યું અને અંતિમ પહોર સુધીમાં દસવાર ખત્મ કર્યું.

તિલાવત બાદ ઉઠયા અને તાજુ વુઝૂ કરીને ફરી તિલાવતમાં મશગૂલ થઈ ગયા. જ્યારે સવાર થઈ તો મેં પણ તેમની સાથે નમાઝ અદા કરી. એ બુઝુર્ગે મને ફર્માવ્યું કે આ મારા ભાઈ ખિઝર છે. એમને જોવાની મને આરઝૂ હતી. જ્યારે આ વાત કહી તો મેં બીજીવાર મુસાફો કર્યો. મારા પર ખૂબ જ હેત (પ્રેમભાવ) દર્શાવ્યો. ત્યારબાદ તે બુઝુર્ગ તથા સિંહો આદાબ પેશ કરી પરત ચાલ્યા ગયા. પછી મેં વિદાય થવા ચાહ્યું, તો એક બુઝુર્ગે ફર્માવ્યું કે, જલાલુદ્દીન ! તું જાય છે પણ ખુદાના બંદાઓની ખિદમત કરજે અને સ્વજાતને તેમના હવાલે કરજે અને અલ્લાહના કામમાં સુસ્તી ન કરતો, તો તું કોઈ મક઼ામ પર પહોંચી જઈશ. પરંતુ આ માર્ગમાં કે તું જાય છે, એક નદી છે, એના

કિનારે બે સિંહ રહે છે. તું ત્યાં પહોંચીશ તો તેઓ તને ઈજા પહોંચાડવા ચાહશે, તું મારું નામ લેજે તો સલામતી સાથે પાર થઈ જઈશ.

ત્યારબાદ શયખ જલાલુદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે હું આદાબ બજાવી લાવીને પરત થઈ ગયો. જ્યારે ત્યાં પહોંચ્યો તો શું જોઉં છું કે બંને સિંહ ગર્જના કરતા મારી તરફ મને ફાડી ખાવા માટે આવ્યા. જ્યારે નજીક આવ્યા તો મેં તેમને લલકાર્યા કે હું ફલાણા બુઝુર્ગની પાસેથી આવી રહ્યો છું ! જેવું તેમણે બુઝુર્ગનું નામ સાંભળ્યું તેવા જ દોડીને મારા કદમોમાં માથુ ઘસવા લાગ્યા ! અને પછી પરત ચાલ્યા ગયા અને હું સહીસલામત મારા સ્થળે પહોંચી ગયો.

## અનોખા સફરની અનોખી દાસ્તાન

પછી શયખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જ્યારે શયખ જલાલુદ્દીન رحمۃ اللہ علیہ હિકાયત ખત્મ કરી ચૂક્યા તો શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ પોતાના સફરની હિકાયત આ પ્રમાણે શરૂ કરી કે શરૂના દિવસોમાં હું એક શહેરમાં પહોંચ્યો જ્યાં એક દુરવેશ ઉજ્જડ વેરાન થયેલી મસ્જિદમાં રહેતા હતા. કહેવાય છે કે શરૂમાં એ મસ્જિદના સાત મીનારા હતા, હવે ત્યાં કેવળ એક જ રહી ગયો છે. એ દુરવેશની ખિદમતમાં એક દુઆ પહોંચી જેને હફત દુઆ કહે છે. બે રકાત નમાઝમાં જે આ દુઆને પઢે એને ખિઝર علیہ السلامની મુલાકાત નસીબ થાય છે. શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મેં માહે રમઝાનની એક રાત્રે જ્યારે હું તે મસ્જિદમાં ગયો અને બે રકાત અદા કરીને એ મીનારા પર ચઢયો અને એ દુઆ પઢી અને નીચે ઉતરીને થોડીવાર રોકાયેલો રહ્યો, પછી ત્યાં કોઈને ન જોતાં નાઉમ્મીદ થઈને પરત ચાલ્યો ગયો. જ્યારે દરવાજાથી બહાર થયો

તો અચાનક એક શખ્સે લલકાર્યો કે આ મકાનમાં શા માટે આવ્યો હતો ? મેં કહ્યું, એટલા માટે કે ખિઝર علیہ السلام ની મુલાકાત થાય, બે રકાત નમાઝ પઢીને દુઆ પણ પઢી, પરંતું એ દૌલત નસીબ ન થઈ. હવે હું ઘેર જઈ રહ્યો છું. તેણે કહ્યું, ખિઝરને શું કરીશ ? એ પણ તારી જેમ જગા જગા ફરી રહેલ છે ! એમને જોઈને શું થવાનું છે ? કદાચ તું દુનિયા તલબ કરવા માગે છે ! કહ્યું, નહીં ! જણાવ્યું, આ શહેરમાં એક માણસ રહે છે જેના દરવાજા પર ખિઝર આવ્યા કરે છે. બાર વખત ગયા છે, પણ અંદર જવાની ઈજાઝત નથી મળી. હું અને તે આ જ વાતો કરી રહ્યા હતા એવામાં એક નૂરાની મર્દ લીલા પોશાકમાં જાહેર થયા. તે ખૂબ જ તાઝીમ સાથે એની પાસે ગયો અને એમના પગો પર ગબડી પડયો. જ્યારે તે પછી મારી પાસે આવ્યો તો એ મર્દની તરફ ઈશારો કરીને કહ્યું, શું તમે આ દુર્વેશને જાણો છો ?! કહ્યું, તે દુનિયા તલબ કરે છે કે સોનુ. કહ્યું, ન દુનિયા ન ઝર (સોનુ) પરંતું મારી તથા તારી આરઝૂ જેમ મુલાકાતની આરઝૂ ધરાવે છે. આ જ વાત ચાલી રહી હતી એવામાં નમાઝની અઝાન સાંભળી. ચોતરફથી દુરર્વેશ તથા સૂફી આવ્યા. તકબીર કહીને એક ઈમામ બન્યો અને નમાઝ અદા કરાવીને તરાવીહમાં ૧૨ સિપારા ખત્મ કર્યા. મારા દિલમાં આવ્યું, જો વધારે હોત તો બેહતર હતું. સારાંશ કે નમાઝ અદા કરીને દરેક કોઈ ન કોઈ બાજુ ચાલ્યો ગયો. હું મારા સ્થાને ચાલ્યો આવ્યો. જ્યારે બીજી રાત થઈ તો વહેલી સવારે જ વુઝૂ કરીને મસ્જિદમાં ગયો. પરંતું સવાર સુધી કોઈ માણસને ન જોયો. જ્યારે શયખુલ ઈસ્લામ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો નમાઝમાં વ્યસ્ત થઈ ગયા, અને સર્વ લોકો અને દુઆગો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## માહે રમઝાનની ફઝીલત

પાંચમી રમઝાનુલ મુબારક હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. અહલે સુફ્ફાના અઝીઝ ખિદમતમાં હાજર હતા. વાત માહે રમઝાનના બારામાં થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે માહે રમઝાન ઘણી જ મહાનતાવાળો મહિનો છે. આ મહિનામાં ઈબ્લીસ લઈન (લઅનતી)ને બંધ રાખવામાં આવે છે જેથી એનાથી મુસલમાન નચિંત રહે, અને રહ્મતના સર્વ દરવાજાઓ ખોલી દેવામાં આવે છે. આ મહિનાના દરેક દિવસ અને દરેક રાતે, દરેક માણસના માટે આસ્માનથી ફરિશ્તા રહ્મતના થાળો લઈને નીચે ઉતરે છે. હુકમ થાય છે કે જ્યારે બંદા રોઝો ઈફતાર કરે તો તેમનાં માથાંઓ પર કુર્બાન કરો.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રોઝો બંદા તથા રબના દરમ્યાન એક રાઝ છે. બંદો જે ફર્માંબરદારી કરે છે તેનો બદલો નિશ્ચિત છે, પરંતુ રોઝાનો સવાબ અલ્લાહ તઆલાના સિવાય કોઈને માલૂમ નથી. ફર્માવે છે : الصوم لی وانا اجزابهٖ "રોઝો મારા માટે છે અને હું એનો બદલો આપીશ." પછી ફર્માવ્યું કે આ મહિનાનાં ત્રણ પ્રકારનાં નામ છે : પહેલા દસકા (દસ દિવસ)ને રહ્મતનો દસકો, બીજાને મગફેરતનો દસકો, અને ત્રીજાને આઝાદીનો દસકો કહે છે. પ્રથમ દસ દિવસમાં દોઝખની આગ બંધ કરવામાં આવે છે, એમાં સરાસર રહ્મત છે, અને આસ્માનથી બંદા પર રહ્મત નાઝિલ થાય છે. અને બીજા દસકામાં સૌને મગફેરત બખ્શે છે અને માફ કરે છે, અને કોઈ એવી ઘડી કે

ક્ષણ નથી જેમાં લાખો મુસલમાન ન બખ્શવામાં આવતા હોય. ત્રીજા દસકામાં તમામ મુસલમાન રોઝાદારોને દોઝખની આગથી મુક્તિ હાંસલ થઈ જાય છે.

## રમઝાન આવતાં ખુશ થવાનો બદલો

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ માહે રમઝાનના આવવાથી ખુશ થાય છે તેને રબ તઆલા કદી નાખુશ તથા ગમનાક નથી કરતો. અને એની રોજીમાં નેકી તથા બરકત અતા ફર્માવે છે. અને જે એના જવાના સમયે ગમગીન થાય તો અલ્લાહ તઆલા તેને બંનેવ જહાનની ખુશીઓ એનાયત કરે છે અને કદી ગમગીન નથી કરતો.

ત્યારબાદ ફર્માવ્યું કે માહે રમઝાનના રોઝા રાખવાથી હજાર વરસનો સવાબ નામાએ આમાલમાં લખવામાં આવે છે, અને એટલા જ પ્રમાણમાં ગુનાહોને દૂર કરવામાં આવે છે. તેમજ ફર્માવ્યું કે શબે કદ્ર કેવળ છેલ્લા દસકામાં મેળવી શકાય છે. એ મહિનામાં એક શબે કદ્ર છે. માણસે એ રાતથી ગાફેલ ન થવું જોઈએ જેથી એ રાતની સઆદત (નેક બખ્તી)થી વંચિત ન રહી જાય.

પછી ફર્માવ્યું કે અલ્લાહવાળાઓ માટે વરસની સર્વ રાતો શબે કદ્ર જ છે, અને શબે કદ્રની નેઅમત એમાં પામી શકાય છે. એવા લોકો શબે કદ્રની દોલત જરૂર પામી લે છે.

## રોજ તરાવીહમાં બે વાર ખત્મ !

ત્યારબાદ ફર્માવ્યું કે બુઝુર્ગ અને ખ્વાજગાન એ મહિનાની દરેક તરાવીહમાં કુર્આન શરીફ ખત્મ કર્યા કરતા હતા. પછી ફર્માવ્યું,

શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ દર રાત્રે તરાવીહમાં બે વાર કુર્આન શરીફ ખત્મ કર્યા કરતા હતા. એટલે કે માહે રમઝાનમાં ૬૦ વાર કુર્આન શરીફ ખત્મ કરતા. (સુબ્હાનલ્લાહ !)

પછી ફર્માવ્યું, એકવાર સફર કરતાં કરતાં પશ્ચિમની દિશામાં ઈમામ હદાવીની મસ્જિદમાં માહે રમઝાનમાં ઉતર્યો. ત્યાં એક બાઅઝમત બુઝુર્ગ શયખ અબ્દુલ્લાહ મુહમ્મદ બાખરંદી નામના રહેતા હતા જે ઈમામત કરાવ્યા કરતા હતા. દરેક રાત્રે ત્રણવાર કુર્આન શરીફ ખત્મ કરાવ્યા કરતા હતા, તેમજ એ ઉપરાંત ચાર સિપારા પઢયા કરતા હતા. તે મહિનો મેં ત્યાં જ પસાર કર્યો, એમની પાછળ નમાઝ પઢવાની આ સઆદત હાંસલ કરી. પછી ફર્માવ્યું કે આ કામમાં જ્યાં સુધી આવો મુજાહિદો તથા આ પ્રકારની રિયાઝત કરશે નહીં ત્યાં સુધી કદી કોઈ મક઼ામ પર પહોંચશે નહીં.

પછી ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہએ સિત્તેર વરસ સુધી અલ્લાહ તઆલાની ઈબાદત કરી. એક એક બબ્બે વરસ સુધી નફ્સને પાણી સુદ્ધાં ન આપ્યું અને નફ્સની કોઈ આરઝૂ પૂરી ન કરી, ત્યારે રહી રહીને આ મક઼ામ પર પહોંચી શક્યા. જ્યારે રબનો કુર્બ મયસ્સર થયો તો ગયબથી અવાજ આવ્યો કે તારી અંદર દુનિયાની ગંદકી મૌજૂદ છે ! જ્યાં સુધી તું એને ફેંકીશ નહીં ત્યાં સુધી આગળ આવી શકીશ નહીં. અર્ઝ કરી, પરવરદિગાર ! મારી પાસે કાંઈ નથી ! અવાજ આવ્યો કે સારી રીતે તપાસ કરીને જોઈ લે ! જોયું તો એક ચામડાનો કોટ તથા પાણીનો કૂજો હતો, તેને પણ ફેંકી દીધો ત્યારે આ મક઼ામ પર પહોંચ્યા. જ્યારે શૈખુલ ઈસ્લામ આ વાત પર પહોંચ્યા તો ચોધરા આંસૂએ રડયા અને ફર્માવ્યું કે બાયઝીદ કોટ તથા કૂજાના કારણે મક઼ામે કુર્બમાં ન

પહોંચી શક્યા તો પછી લોકો આટલા બધા દુનિયવી સંબંધોની સાથે રહીને કેવી રીતે કુર્બની દૌલત પામી શકશે ? પછી હાજરજનોને સંબોધીને કહ્યું કે આ પણ માહે રમઝાન છે, કોઈ છે જે તરાવીહમાં કુર્આન શરીફ ખત્મ કરે ?! સૌ આદાબ બજાવી લાવ્યા, અને અર્ઝ કરી, એવું થાય તો અમારી સદ્‌નસીબી ગણાશે ! પછી શૈખુલ ઈસ્લામ દરેક રાતે તરાવીહમાં બે વાર કુર્આન શરીફ ખત્મ કરતા, દરેક રકાતમાં ૧૦ પારા પઢતા, પછી રાતના પહેલાં ખત્મ પણ કરી લેતા. એ મહિનામાં હું પણ ખિદમતમાં હાજર હતો.

## નદીનું સર્વ પાણી છાસ બની ગયું !

ત્યારબાદ કશ્ફો કરામતના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર હું અને શયખ જમાલુદ્દીન رحمۃ اللہ علیہ ઓચના રહેવાસી એક જ જગાએ હતા. તે સાહિબે કુવ્વતો નેઅમત દુરવેશ હતા. અમે બંનેવ બેઠા હતા એટલામાં કેટલાક કલંદર દુરવેશો લોખંડી કડીઓ કમરમાં લટકાવીને આવી પહોંચ્યા. અને સલામ કરીને શયખ સાહબની પાસે બેસી ગયા. દરેક કલંદર સખત વાતો કરતો હતો. એ વખતે શયખ સાહબના જમાઅતખાનામાં છાસ મૌજૂદ ન હતી. તે કલંદરોએ છાસ માગી. શયખ સાહબ મારું મોં જોતા હતા અને હું એમનું મોં જોતો હતો. પૂછયું, શું કરું ? મેં કહ્યું, તમારા જમાઅતખાનાની સામે પાણી વહે છે, હું તેમને ત્યાં પહોંચાડી આવુ છું જેથી છાસ પી લે. શયખ સાહબે એ દુરવેશોને કહ્યું કે આ નદી પર જઈને છાસ પી લો. ખૈર, અનાયાસે ઉઠીને નદી કિનારે પહોંચ્યા તો શું જુએ છે કે સર્વ પાણી છાસ બનેલુ છે. એમનાથી જેટલી બની શકે એટલી છાસ પી લીધી. શયખ સાહબે તે દુરવેશોને કહ્યું, અંદર જઈને બેસો અને આરામ કરો.

પછી શયખ સાહબની બુઝુર્ગીના બારામાં આપે આ હિકાયત વર્ણવી કે એક માણસે હજથી આવીને સલામ કરી અને કહ્યું કે મેં હજ કરી છે, આપ તવાફમાં મારી સાથે હતા. શયખ સાહબે લલકાર્યું કે હે નાદાન ! શું તું મર્દોની વાત જાહેર કરે છે ? ચૂપ રહે કે મર્દાને ખુદા ગોદડી નીચે હોય છે. આ તો કોઈ મોટી વાત નથી, કા'બા ખુદ અમારી પાસે છે ! જો મર્દ ચાહે તો પૂર્વથી પશ્ચિમ સુધીની સર્વ ચીજો દેખાડી શકે છે અને પછી પોતાના ઠેકાણે આવી જાય છે. એક ઘડી પસાર થવા પામી ન હતી એવામાં તે માણસનો હાથ પકડીને કહ્યું કે આંખ બંધ કર ! આંખ બંધ કરી તો પોતાને શયખ સાથે કોહે કાફ પર એ ફરિશ્તાની પાસે પામ્યો જે આ પહાડનો મુવક્કિલ છે, અને પછી એ જ પળે પોતાના સ્થાને પણ આવી ગયા. પછી સ્વીકાર કર્યો અને કહ્યું કે ખરેખર સાચુ છે કે મર્દાને ખુદાને અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતુ. શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે નમાઝના સમયે કોઈ શખ્સ શયખ જમાલુદ્દીન رحمۃ اللہ علیہને જોતો. જ્યારે નમાઝનો સમય થતો તો નજરથી ગાયબ થઈ જતા, છેવટે જાણવા મળ્યું કે ખાનએ કા'બામાં નમાઝ અદા કરે છે, અને એ જ વખતે ખાનએ કા'બામાં મૌજૂદ હોય છે.

## હવામાં ઉડતો જોગી ઈમાન લાવ્યો !

શૈખુલ ઈસ્લામ એ જ ફર્માવી રહ્યા હતા કે એક જોગી દૂરથી આપની ખિદમતમાં હાજર થયો અને આદાબ બજાવી લાવ્યો. આપના રોઅબના કારણે માથુ જમીન પરથી ન ઉઠાવી શક્યો. જ્યારે આપની નજર પડી તો રોઅબથી કહ્યું કે માથુ ઉઠાવ ! પછી આપે પૂછયું, ક્યાંથી આવ્યો છે ? અને કેવી રીતે ? જોગી ડરનો માર્યો કાંઈ ન કહી શક્યો. બે ત્રણ વાર પૂછયું તો ધીમેથી અર્ઝ કરી કે આપના પ્રભાવે મારા પર એવી અસર કરી છે કે મોઢાથી વાત નથી નીકળતી !

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે મને સંબોધીને ફર્માવ્યું કે એ જોગી દાવા સાથે મારી પાસે આવ્યો હતો. જ્યારે તેણે માથુ જમીન પર રાખ્યું તો દિલમાં ખયાલ આવ્યો કે એનો ચહેરો જમીન પર જ રહે, જેથી એવું જ થયું. તે ખૂબ જ ચાહતો હતો કે માથુ જમીન પરથી ઉઠાવે પણ ઉઠાવી ન શક્યો. જો એ જોગીને બખ્શવામાં ન આવત તો ક્યામત સુધી એ જ હાલતમાં રહેત. ત્યારબાદ શૈખુલ ઈસ્લામે જોગીને પૂછયું કે તારા કામમાં ક્યાં સુધી પ્રગતિ કરી છે ? અર્ઝ કરી કે જોગી જ્યારે કમાલિયત પર પહોંચે છે તો હવામાં ઉડવા લાગે છે. ફર્માવ્યું, જલ્દી કર જેથી અમે જોઈએ. તો જોગી ઉડયો. આપે પોતાની નાલૈન મુબારક એની પાછળ ફેંકી. અલ્લાહ તઆલાના હુકમથી નાલૈન જોગીના માથા પર પડવા લાગી. જેમ જેમ જોગી ઉડતો તેમ તેમ નાલૈન માથા પર પડતી. તે તરત નીચે ઉતર્યો. માની ગયો અને કહેવા લાગ્યો કે જે શખ્સની નાલૈનમાં આ બરકત છે તો તે ખુદ કેવો હશે ! અને તરત જ મુસલમાન થઈ ગયો. અને આરિફ બિલ્લાહ બની ગયો.

ત્યારબાદ એ જ મૌકા પર એક દુરવેશ કેટલાક શણધારી દુરવેશો સાથે બયતુલ મુકદ્દસથી ખિદમતમાં હાજર થયો. આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો કે બેસી જા ! બેસી ગયો. જે વખતે એ બુઝુર્ગ શયખુલ ઈસ્લામના ચહેરા મુબારકને જોતો તો માથુ નીચુ કરી લેતો. જ્યારે તેનામાં સબ્ર તથા ચૈન ન રહ્યું તો અર્ઝ કરી, હે ફરીદ અજોધનીના ફરઝંદ ! જે આપે ફર્માવ્યું એવું જ છે. પરંતું શું તારો વાયદો ભૂલી ગયો ? આ સાંભળીને તે શર્મિંદા થયો કે મેં આ શું કર્યુ ?! જ્યારે શર્મિંદા થયો તો શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું, હે અઝીઝ ! નૂરના મર્દ જ્યાં બેસે છે ત્યાં જ ખાનએ કા'બા હોય છે ! ત્યાં જ અર્શ તથા કુર્સી તથા તમામ મખ્લૂકાત તેમની સામે મૌજૂદ રહે છે. એ દુરવેશને

ફર્માવ્યું કે આંખ બંધ કર ! જ્યારે બંધ કરી તો હુકમ થયો કે ખોલ ! જ્યારે ખોલી તો બરાબર એવું જ થયું જેવું કે શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું હતું. તે દુરવેશ નારો મારીને બેહોશ થઈ ગયો. મોડેથી જ્યારે હોશમાં આવ્યો તો સ્વીકાર કર્યો, અને આપનાથી કુલાહ (ટોપી) મેળવી, અને તેને સીવિસ્તાનની ખિલાફત એનાયત કરી ત્યાં ચાલ્યો ગયો. ત્યારબાદ જમીનના તથા પાણીના મુસાફરોથી માલૂમ પડયું કે શૈખુલ ઈસ્લામ દરરોજ એકવાર બયતુલ મુક઼દ્દસ જયા કરતા હતા અને ઝાડુ આપ્યા કરતા હતા, અને પછી એ જ સમયે પરત આવી જતા.

ત્યારબાદ પોતાના હાલની હિકાયત આ પ્રમાણે વર્ણન કરી કે હું ૨૦–૨૦ વરસ સુકની હાલતમાં રહ્યો, એ વીસ વરસના અરસામાં હમેશાં ઉભો રહ્યો, જેથી સર્વ લોહી પગોના રસ્તે વહી ગયું. અને વીસ વરસમાં એ અહદ કરી લીધો કે કદી નફસને ઠંડુ પાણી અને ખાવાનો લુકમો આપીશ નહીં.

શૈખુલ ઈસ્લામ એ જ વાતમાં હતા કે એવામાં આપનો એક મુરીદ શહાબુદ્દીન ગઝનવી આવીને આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો બેસી જા ! એ દરવેશને લાહોરના વાલીએ લગભગ સો દીનાર આપીને શૈખુલ ઈસ્લામની ખિદમતમાં મોકલ્યો. ફર્માવ્યું, લાવ ! એણે પચાસ દીનાર આપ્યા. અને બાકી પોતાની પાસે રાખ્યા. મુસ્કુરાઈને ફર્માવ્યું કે શહાબ ! તેં સારી વહેંચણી કરી ! દુરવેશો માટે આવું કરવું સારુ નથી. તે સખત શર્મિંદો થયો. અને બાકીના દીનાર પણ ખિદમતમાં હાજર કર્યા. ફર્માવ્યું, જો હું આ કામમાં તારું ધ્યાન ન દોરત તો તું આ કામમાં શર્મિંદો ન થાત, અને તું ભાવિમાં મર્દાને ખુદાના મક઼સદને ન પહોંચી શકત. ફર્માવ્યું, નવેસરથી બયઅત કર, કેમ કે આ બયઅતમાં ખલેલ પડી ગઈ. જાવ જેને કુલાહ (ટોપી) આપવી

હોય આપો ! હવે તમારું કામ પૂર્ણ થઈ ગયું. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

મઝકૂર મહિનાની ૧૫ મી તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. અજોધનના વાલીએ પોતાના નોકરોની સાથે બે ગામોનું હુકમનામુ તથા બાવીસ કોથળા રોકડના શૈખુલ ઈસ્લામની ખિદમતમાં મોકલ્યા. જ્યારે પહોંચ્યા તો ફર્માવ્યું, બેસી જાવ ! તેઓ બેસી ગયા અને તે માલ વગેરે આપની ખિદમતમાં પેશ કર્યો. આપે સ્મિત કરતાં ફર્માવ્યું કે મેં શરૂથી આજ સુધી આ પ્રકારનો માલ કોઈનાથી સ્વીકાર્યો નથી, અને ન તો અમારા ખ્વાજગાનની એ રસમ છે. એને પરત લઈ જાવ ! કેમ કે એને તલબ કરનારા અન્ય ઘણા છે એમને આપી દો.

## દુનિયા તથા તેના માલથી બેપરવાઈ

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે મોકાના હિસાબથી આ હિકાયત વર્ણન કરી કે એકવાર સુલ્તાન નાસિરુદીન رحمۃ اللہ علیہએ સુલ્તાન ગયાસુદીન બલબનના હસ્તે જે મુલ્તાન તરફ આવી રહ્યો હતો ચાર ગામોના માલિકીપણાનું હુકમનામુ તથા કેટલીક રોકડ રકમ મારી પાસે મોકલી જેમાંથી ચારે ગામ મારા માટે હતાં, અને રોકડ દુરવેશોના માટે હતી. મેં સ્મિત સાથે કહ્યું કે એને લઈ જાવ ! એના તલબગાર અન્ય ઘણા છે તેમને આપી દો. અમારા ખ્વાજગાન અને મશાઈખે આ પ્રકારની ચીજો નથી સ્વીકારી. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું, જો અમે આ પ્રકારની ચીજો લઈએ તો અમને દુરવેશ કહેવાશે નહીં બલ્કે માલદાર કહેવાશું ! અને લોકો કહેશે કે આ ગામોનો માલિક છે, પછી આ મોં દુરવેશોને કેવી રીતે દેખાડીશું ?! અને તેમનામાં કેવી રીતે ઉભા રહી શકીશું ?!

એને લઈ જાવ અને અન્ય લોકોમાં વહેંચી આપો.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન અવશી رحمۃ اللہ علیہની ખિદમતમાં હું હાજર હતો એવામાં વઝીર શમ્સુદ્દીન અનારલ્લાહ બુરહાના સુલ્તાની લશ્કરની સાથે આવી પહોંચ્યો અને કહ્યું કે બાદશાહે છ ગામોની માલિકી અને કેટલીક ચીજો નઝરાણારૂપે મોકલી છે. આપે સસ્મિત વદને ફર્માવ્યું કે જો અમારા ખ્વાજગાન કૃબૂલ કરી લેતા તો અમે પણ કૃબૂલ કરી લેતા. જો આજે અમે એમનું અનુસરણ ન કરીએ તો કયામતના દિવસે તેમને શું મોઢું બતાવીશું ?! એને લઈ જાવ, કેમ કે એના તલબગાર અન્ય ઘણા લોકો છે જેઓ કુલાશપોશ છે.

પછી મશારિકુલ અન્વારની હદીષોની બાબત ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે આ હદીષો મશારિકુલ અન્વારમાં લખેલી છે, તેની સંખ્યા ત્રીસ હજાર છે. સૌ સહીહ છે. મૌલાના રઝીઉદ્દીન અસ્ફહાનીની બુઝુર્ગીના બારામાં ફર્માવ્યું કે જો મૌલાનાને બે હદીષોમાં મુશ્કેલી ખડી થતી અને લોકો સાથે મતભેદ થતો, તો એ મતભેદ ખ્વાબમાં હુઝૂર صلی اللہ علیہ وسلمને પેશ કરતા અને આં હઝરત صلی اللہ علیہ وسلم એની તસ્હીહ ફર્માવી આપતા.

## નબી صلی اللہ علیہ وسلمની તા'ઝીમ અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ નમાઝ અદા કરવા ચાહી. તે વખતે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના સિવાય કોઈ અન્ય ન હતું. એમનો જ હાથ પકડીને પોતાના બરાબર ઉભા કરી દીધા. જયારે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ તકબીર કહી તો અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાની

જગાએથી પાછળ ખસી ગયા. આં હઝરત ﷺએ તેમનો હાથ પકડીને સાથે કરી આપ્યા અને પછી નમાઝ શરૂ કરી. ફરી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ પાછળ હટી ગયા. ફરી હુઝૂર ﷺએ એવું જ કર્યું. સારાંશ કે બે ચાર વાર એ જ પ્રમાણે થયું. તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પૂછયું કે તમે પાછળ કેમ હટી જાવ છો ? અર્ઝ કરી કે **મારી શું તાકૃત છે કે રસૂલે ખુદા ﷺની બરાબર ઉભો રહું !** રસૂલે કાઈનાત علیہ الصلوٰۃ والسلامને એમની અદબની રીત ખૂબ જ પસંદ પડી અને એમના હક્કૃમાં દુઆ કરી : اَللّٰھُمَّ وَفِّقْهُ فِی الدِّیْنِ "પરવરદિગાર એને દીનની તૌફીકૃ આપે."

આ પરથી જાણવા મળ્યું કે જ્યારે સહાબી, નબી ﷺને પોતાના જેવા નથી સમજતા તો આજકાલના એવું કહેનારા વહાબી હુઝૂર ﷺના ઉમ્મતી હોવાનો પોતે કઈ રીતે દાવો કરી શકે છે ?!

ત્યારબાદ કશ્ફો કરામતના બારામાં ચર્ચા શરૂ થઈ. ઝબાન મુબારકથી ફર્માવ્યું, કરામતને જાહેર નથી કર્યા કરતા, અને કહે છે કે આ કામ હોસલાના સબબથી છે. અને મશાઈખના તબકૃાએ એને પસંદ કર્યું. આ સ્થિતિમાં જોઈને મર્દ પોતાની જાતે કાંઈ ન સમજે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા હસન નૂરી નૂરુલ્લાહ رحمۃ اللہ علیہએ દજલા પર એક માછીમારને જોયો જેણે નદીમાં જાળ નાખેલી હતી. આપે ફર્માવ્યું કે જો મારામાં કાંઈક કરામત છે તો જાળમાં અઢી શેર માછલી આવશે. જ્યારે આ વાત ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہએ સાંભળી તો ફર્માવ્યું, કાશ ! જાળમાં માછલીની જગાએ સાપ નીકળે ! જેથી તેને ડંખ મારે અને શહીદની મૌત મરે. હવે કોઈને શું ખબર કે એનો અંજામ શું થશે ?!

પછી શૈખ સઅદુદ્દીન હમ્વિયહ رحمۃ اللہ علیہની હિકાયત વર્ણન

કરી કે એકવાર હું એને તે એક જ જગાએ હતા. કહ્યું, જેણે પોતાની કરામત જાહેર કરી તેણે જાણે કે ફર્ઝ તર્ક કર્યો.

## બુઝુર્ગ પોતાની કરામતને છુપાવે છે

પછી ફર્માવ્યું કે મારા ભાઈ સઅદુદ્દીન હમ્વિયહએ આ હિકમાયત વર્ણન કરી કે આ શહેરનો હાકિમ મારો અક઼ીદતમંદ ન હતો. એકવાર આવ્યો અને પોતાના દરવાનને મારી પાસે મોકલ્યો કે એ દુરવેશને મારી પાસે બોલાવો જેથી હું જોઉં. જ્યારે દરવાન અંદર આવ્યો તો હું નમાઝમાં મશગૂલ હતો. મેં ધ્યાન ન આપ્યું. ખુદ આવ્યો તો ઉઠીને હસી ખુશીથી મુલાકાત કરી. જ્યારે બંનેવ બેઠા તો મેં ઈશારો કર્યો કે થોડાક સફરજન લાવો. મેં એક સફરજનના બે ટુકડા કર્યા. એક એને આપ્યું અને એક મારી પાસે રાખ્યું. એ થાળમાં એક સફરજન પડેલુ હતું. બાદશાહના દિલમાં ખયાલ આવ્યો કે જો આ દુરવેશને બાતિની સફાઈ પ્રાપ્ત છે તો આ મોટુ સફરજન મને આપશે. જેવો તેના દિલમાં ખયાલ ગુજર્યો તેવું જ મેં હાથ લંબાવીને સફરજન પકડી લીધું અને બાદશાહને સંબોધીને કહ્યું કે એકવાર હું સફર કરતાં કરતાં એક શહેરમાં પહોંચ્યો ત્યાં કેટલાક લોકો એકત્ર હતા. એમનામાં એક ગધેડો બેઠો હતો. એ તમાશો કરનારાએ હાજરજનોમાંથી એક જણને વીંટી આપી. અને ગધેડાની આંખો બંધ કરીને કહ્યું, જેની પાસેથી વીંટી હોય તેને ઓળખી કાઢ ! તે દરેકને સૂંઘતો હતો. છેવટે તે શખ્સની સામે ઉભો થઈ ગયો જેની પાસે વીંટી હતી. પછી તમાશો કરનારાએ એ વીંટી તેની પાસેથી લઈ લીધી. સારાંશ કે આ તક઼રીર બાદ મેં બાદશાહને કહ્યું કે જો અમે અમારી કશ્ફો કરામતના વિશે

કહીએ તો જાણો કે એ ગધેડા જેવા છીએ, અને જો ન કહીએ તો તમારા દિલમાં ખયાલ આવે છે કે આ દુરવેશના બાતિનમાં સફાઈ નથી. આમ કહીને તે સફરજન એની તરફ ફેંકી આપ્યું.

પછી શયખ ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને ફર્માવ્યું કે મર્દાને ખુદા (અલ્લાહવાળાઓ) પોતાને છુપા રાખે છે અને પોતાની કરામત કોઈની સમક્ષ જાહેર નથી કરતા. શયખુલ ઈસ્લામ આ જ ફવાઈદ કરી રહ્યા હતા એવામાં અઝાન થઈ અને નમાઝમાં મશ્ગૂલ થઈ ગયા, હું તથા અન્ય લોકો પાછા ચાલ્યા આવ્યા.

## હઝરત ઉમરના અદ્‌લનો બનાવ

મઝકૂર મહિનાની ૨૦ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદ્‌મબોસીનો શરફ નસીબ થયો. શયખ બદરૂદ્દીન ગઝનવી તથા અન્ય અઝીઝ ખિદમતમાં હાજર હતા અને ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہના અદ્‌લના બારામાં ચર્ચા થઈ રહી હતી.

ફર્માવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એક રસ્તે થઈને પસાર થયા તો છાસ વેચનારી માર્ગમાં બેસીને રડી હતી. તેણીએ કહ્યું, શું એ જાઈઝ છે કે તમારા ખિલાફતકાળમાં જમીન મારી છાસ પી જાય ! આપે ફર્માવ્યું, હે જમીન ! આ વૃધ્ધાની છાસ પરત આપી દે ! નહીં તો આ કોરડા વડે તારી ખબર લઈશ ! હજી એ વાત પૂરી કરવા પણ ન પામ્યા હતા એટલામાં જમીન ફાટી ગઈ અને એમાંથી બધી છાસ બહાર આવી ગઈ જેને એ છાસ વેચનારીએ વાસણમાં લઈ લીધી.

## હઝરત ઉમરના જલાલનો પ્રભાવ !

એકવાર આપ ખિર્કાને સીવી રહ્યા હતા. આપની પીઠ મુબારક સૂરજની તરફ હતી. જ્યારે તાપ તડકાએ અસર કરી તો આપે ગઝબની નિગાહ વડે સૂરજ પ્રતિ જોયું. ફરિશ્તાઓને હુકમ થયો કે સૂરજથી રોશની છીનવી લો ! એણે ઉમરની પીઠને ગરમ કરી નાખી છે ! ફરિશ્તાઓએ રોશની લઈ લીધી તો આખુ જગત અંધકારમય થઈ ગયું. એ દિવસોમાં રસૂલુલ્લાહ ﷺ હયાત હતા. આપે વિચાર્યું કે શું કયામત ખડી થઈ ગઈ કે સૂરજની રોશની લુપ્ત થઈ ગઈ ! તો જિબ્રઈલ علیہ السلامએ આવીને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ કયામત કાયમ નથી થઈ પણ સૂરજ થકી હઝરત ઉમરની પીઠ તપી ગઈ હતી, તો એ જ વખતથી રોશની અમે છીનવી લીધી. જો તેનો કુસૂર હઝરત ઉમર માફ કરી આપે તો અમે રોશની પરત કરી દઈએ. આપ ﷺએ હઝરત ઉમરને બોલાવ્યા અને તેમણે માફી આપી તો તુરત જ સૂરજ રોશન થઈ ગયો.

પછી ફર્માવ્યું, એકવાર હઝરત ઉમર رضی اللہ عنہએ રોમના કૈસરની તરફ પયગામ મોકલ્યો કે તું માલ કેમ નથી મોકલતો ? તેણે કારણ રજૂ કર્યું કે જો કાસિદો જઈને યોગ્ય પામશે તો મોકલીશું, નહીં તો નહીં. જ્યારે કૈસરે રોમના કાસિદો (એલચી) મદીના મુનવ્વરામાં હઝરત ઉમર رضی اللہ عنہના ઘરે પહોંચ્યા. પૂછયું ક્યાં છે ? જ્યારે ઘરમાં પહોંચ્યા તો જોયું કે ખિર્કા (પોશાક)ને ટાંકા મારી રહ્યા છે. તેમણે સલામ કરી. આપ રોશનઝમીરીના સબબે જાણી ગયા. પૂછયું, માલ લાવ્યા છો ? તેમણે કહ્યું કે તે

નથી આપતો. કોરડો પાસે પડયો હતો. ઉઠાવીને ફર્માવ્યું, સફીરો ! મેં ક઼ૈસરે રોમને પછાડયો ! તેઓ ધાકના માર્યા ચાલ્યા ગયા.

રસ્તામાં જ તેમણે સાંભળ્યું કે ક઼ૈસરે રોમ તખ્ત પર બેસીને દરબાર કરી રહ્યો હતો કે અચાનક દીવાલ ફાટી અને એક હાથ કોરડાવાળો જાહેર થયો જેનાથી ક઼ૈસરનું માથુ કપાય ગયું. ક઼ાસિદોએ જે કૈફિયત જોઈ હતી તે વર્ણવી, તો પછી એટલા પ્રમાણમાં માલ આવ્યો કે જેની કોઈ સીમા ન હતી. કેટલાયે હજાર કાફિર મુસલમાન થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

મઝકૂર મહિનાની ૨૧ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ ક઼દમબોસીનો શરફ હાંસલ થયો. .... પછી એના બારામાં ચર્ચા શરૂ થઈ કે માણસે હર હાલમાં યાદે ઈલાહીમાં મશગૂલ રહેવું જોઈએ. શૈખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એક શખ્સે સાહિબે નેઅમત દુરવેશથી દરખાસ્ત કરી કે જ્યારે અલ્લાહ તઆલાને યાદ કરો તે વખતે મારા હક્ક઼માં દુઆ કરશો. તેમણે કહ્યું, તે ઘડી ઘણી જ અજીબ હશે કે મને તું યાદ આવી જાય !

## અક઼્લ તથા ઈલ્મ વિશે

પછી અક઼્લ તથા ઈલ્મના બારામાં ચર્ચા શરૂ થઈ ...... પછી ફર્માવ્યું, ''આષારે તાબઈન''માં લખ્યું છે કે જે હઝરત આદમ علیہ السلام પર નાઝિલ થઈ તે મૌજૂદાતનો ઈલ્મ છે જે જિબ્રઈલ علیہ السلام એ પહોંચાડયો. وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ જ્યારે અક઼્લ તથા ઈલ્મ બંનેવ તેમની સમક્ષ પેશ કર્યા તો આદમ علیہ السلام વિચારમાં પડી ગયા કે કઈ ચીજ પસંદ કરું ! પછી એમણે અક઼્લ ક઼બૂલ કરી, એ વિચારીને કે એના વડે ઈલ્મ પણ હાંસલ કરીશ.

પછી ફર્માવ્યું કે સુલૈમાન عليه السلامને મુસ્હફમાં ફર્માન થયું કે સર્વ આશિકો તથા સાલેહો માટે વાજિબ છે કે ચાર ઘડીઓથી ગાફેલ ન થાય. પ્રથમ તે ઘડી કે જ્યારે પોતાના પરવરદિગારથી મુનાજાત કરે. નમાઝમાં શરૂથી લઈને છેવટ સુધી ગાફેલ ન રહે. બીજુ એ વખતે જ્યારે પોતાની તરફ ખયાલ કરે કે કયા પ્રકારના ગુનાહ હું કરું છું, અને શું ખાય રહ્યો છું અને કયા કામમાં મશગૂલ છું. ત્રીજુ જ્યારે પોતાના ભાઈની પાસે બેસે અને તેનો કોઈ અયબ જુએ તો તે અયબને લોકો સમક્ષ જાહેર ન કરે. ચોથુ નેક કામ કરે અને બુરા માણસોની સોહબતમાં ન બેસે.

પછી ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે બેશક઼ ! અક઼લ તથા ઈલ્મ એકબીજાના ભાગીદાર છે, કેમ કે અક઼લના માટે ઈલ્મ જરૂરી છે અને ઈલ્મના માટે અક઼લ. તો માણસોમાં સૌથી સારો તે જ છે જે પોતાની જાતને પહેચાને, એ સ્થિતિમાં અક઼લ પસંદીદા છે.

પછી ફર્માવ્યું કે તવારીખમાં ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمة الله عليه લખે છે કે દરેક ચીજની હદ હોય છે અને ઈબાદતની હદ અક઼લ છે. એટલા માટે કે ઈલ્મ વિના ઈબાદત કરવી ફુઝૂલ તકલીફ છે અને ઈલ્મ અક઼લ વિના મફતની માથાની દવા. ક઼યામતના દિવસની દલીલ આ જ અક઼લ છે. ઈમામે આ'ઝમ رحمة الله عليهને પૂછવામાં આવ્યું કે આપ દરેક આયત તથા હદીષથી હજાર મસ્અલા કાઢો છો એ કઈ ચીજની મદદથી કરો છો ? ફર્માવ્યું કે અક઼લની મદદથી. જો અક઼લ ન હોત તો શરીઅતનો એક મસ્અલો પણ ન કાઢી શકત. શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે અક઼લ સૌથી શરીફ ચીજ છે, એટલા માટે

કે જો અક્લ ન હોત તો મઅરફતે ઈલાહીનો ઈલ્મ પણ ન થાત.

ત્યારબાદ નમાઝની અઝાન થઈ તો શૈખુલ ઈસ્લામ નમાઝમાં મશગૂલ થઈ ગયા, અને હું તથા અન્ય લોકો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## ઈલ્મની ફઝીલત વિશે

૨૫ ઝીલ કૃઅદ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસની સઆદત નસીબ થઈ. એ વખતે ઈલ્મ તથા અક્લના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની નજીક રોઝા, નમાઝ અને હજ વગેરે સૌથી અફઝલ ઈબાદત ઈલ્મ છે. (કેમ કે ઈલ્મ વિના ઈબાદત સહીહ અદા થશે જ નહીં) પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે ઈલ્મ તે ઈલ્મ છે જેને અહલે જહાન નથી જાણતા અને ઝુહદ તે ઝુહદ છે જેની ઝાહિદોને ખબર નથી. કામ એ બંનેવથી બહાર છે. (સારાંશ ઈલ્મ વિના ઝુહદ ઝુહદ નથી, ઈબાદત ઈબાદત નથી.)

પછી ફર્માવ્યું કે જો લોકોને ઈલ્મનો દરજો માલૂમ થઈ જાય તો સર્વ કામો છોડીને ઈલ્મ પ્રાપ્તિમાં મશ્ગૂલ થઈ જાય. એટલા માટે કે ઈલ્મ એવું વાદળ છે જે બારાંને રહમત સિવાય નથી વરસતુ. તો જે એ વાદળને હાંસલ કરવાની કોશિશ કરે છે તે તમામ ગુનાહોથી પાક થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે એકવાર હું અને શયખ જલાલુદ્દીન તબરેઝી قدس سرهٗ એક જ જગાએ હતા. ફર્માવ્યું કે ઈલ્મ એક ચિરાગ છે જે પાક શીશામાં રાખવામાં આવ્યો છે અને જેનાથી આલમે નાસૂત તથા આલમે મલકૂત રોશન છે. તો જે શખ્સ ઈલ્મમાં મશ્ગૂલ છે

તેને અંધકારનો શું ડર ?! કેમ કે તેના શરીરમાં સર્વ જહાનો રોશન છે.

## ગાફેલ ઉલમા વિશ

પછી ફર્માવ્યું કે ઉલમા ઈલ્મથી ગાફેલ છે, એટલા માટે કે તેમણે દુનિયાને પોતાનો કિ઼બ્લાગાહ બનાવી રાખ્યો છે અને શરીઅતને ખેલ સમજી રાખેલ છે. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે હવે એ કુવ્વત તથા બરકત ક્યાં રહી ! પછી ફર્માવ્યું કે ઉલમાની બાબત લખ્યું છે કે કયામતના દિવસે એવા ઉલમાના માટે જેઓ દુનિયામાં મશગૂલ હતા અને ઈલ્મનું કામ કરતા ન હતા, હુકમ થશે કે એમના ગળામાં આગના અંગારા પહેરાવીને દોઝખમાં લઈ જવામાં આવે. (આ સ્પષ્ટ છે કે ઉલમાએ સૂ એટલે બુરા ઉલમા, બદ અકી઼દા તથા દુનિયા કમાવા દીનને નુકસાન કરનારા ઉલમા વિશે છે. –અનુ.) પછી આગળ વર્ણન છે કે ફર્માવ્યું, આ તે ઉલમા છે જેઓ જાહેરમાં પવિત્ર દેખાય આવે છે, પરંતું બાતિનમાં એમનો અમલ ઠીક નથી, અને ધોકાબાજીથી લોકોને લૂટે છે.

પછી ફર્માવ્યું, "રાહતુલ અરવાહ"માં કા઼ઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ લખે છે કે જ્યારે કોઈ ઈલ્મના કામમાં સુસ્ત ન થઈ જાય અને એના પર અમલ કરે, તો અલ્લાહ તઆલા તેને એ પ્રકારની તૌફીક઼ અતા કરે છે કે હક્ક઼ તથા બાતિલમાં તમીઝ કરી શકે અને નેક તથા બદમાં ફરક઼ કરી શકે અને હલાલ તથા હરામને પહેચાની શકે. પછી ફર્માવ્યું, ઈલ્મના કેટલાયે પ્રકાર છે. હકી઼ક઼તમાં આલિમ તે શખ્સ છે જેને નબવી صلی اللہ علیہ وسلم ઈલ્મ હાંસલ હોય, અને નબવી ઈલ્મ આસ્માની છે જે અલ્લાહ તઆલા તરફથી વહી દ્વારા નબી صلی اللہ علیہ وسلمને પહોંચ્યો.

## મઅરેફત વિશે વર્ણન

પછી મઅરેફતના બારામાં ચર્ચા ચાલી તો ફર્માવ્યું, જેને પોતાની ઓળખ નથી તે લોભ લાલચમાં સપડાય જાય છે. જો પોતે પોતાની જાતને ઓળખે તો બીજાઓ સાથે ઉલ્ફત ન કરે. જેને અલ્લાહ તઆલાથી મહોબ્બત છે તેની સામે અઢાર હજાર આલમ પણ પેશ કરી દેવામાં આવે તો પણ આંખ ઉઠાવીને નથી જોતો ! ત્યારબાદ મારા તરફ સંબોધિત થઈને ફર્માવ્યું કે મઅરેફતવાળા તે લોકો છે કે જો અર્શથી તહતુષ્ષરા સુધી લાખ મુકર્રબ ફરિશ્તાઓ જિબ્રઈલ, ઈસ્રાફીલ તથા મીકાઈલ જેવા એમની સમક્ષ લાવવામાં આવે તો રબ તઆલાની મઅરેફત સિવાય કોઈને મૌજૂદ ખયાલ ન કરે, અને તેને તેમના જવાની ખબર ન થાય. જો એનાથી વિરૂધ્ધ છે તો તે દાવેદાર જૂઠો છે, ન કે મઅરેફતવાળા.

ત્યારબાદ ફર્માવ્યું, એકવાર શયખ શહાબુદ્દીન સુહરવર્દી قدس سرہ ની ખિદમતમાં હાજર હતો. ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને પોતાનો દોસ્ત બનાવવા ચાહે છે તો તેના પર ઝિક્રનો દરવાજો ખોલી આપે છે અને હૈરત તથા દહશતના કિલ્લામાં લાવે છે જે તેની અઝમત તથા બુઝુર્ગીનો મકામ હોય છે. પછી તે શખ્સ અલ્લાહ તઆલાની હિમાયતમાં હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દિવસ શૈખુલ ઈસ્લામ સંજરી قدس سرہ ની ખિદમતમાં હાજર હતો. ફર્માવ્યું કે અહલે મઅરેફતને તવક્કુલ હોય છે અને તે તવક્કુલ ઉલૂવી ઈલ્મ તથા શૌકના કારણે હોય છે. તો જે વખતે આ મકામ મયસ્સર થાય છે તે વખતે જો

આગમાં પણ સળગાવી દે તો તેને ખબર નથી પડતી. ત્યારબાદ ફર્માવ્યું કે અહલે મઅરેફતનો ગુફતગૂનો દાવો ત્યારે દુરુસ્ત હોય છે કે પ્રથમ પોતે ખલ્કતને મઅરેફતનો બદલો દેખાડે, અને જે લોકો મહોબ્બતનો દાવો કરે તેમને કરામતની કુવ્વતથી કાઈલ કરે.

પછી જલાલુદ્દીન તિર્મિઝી رحمۃ اللہ علیہની વાત વર્ણવી કરી કે ઈન્તેકાલના સમયે આપની પાસે કેવળ એક મુરીદ હાજર હતો. તે મુરીદ વર્ણન કરે છે કે જ્યારે આપે આ દુનિયાથી વિદાય લીધી તો આપ મુસ્કુરાઈ રહ્યા હતા. મેં કહ્યું કે આપ તો મુર્દા થઈ ચૂક્યા છો તો હસો છો શાથી ? ફર્માવ્યું કે આરિફોનો હાલ આવો જ હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી કાકી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે બુધ્ધિના ઝાડને સોચ વિચારનું પાણી આપવું જોઈએ જેથી સૂકાય ન જાય અને ફલે ફૂલે. અને ગફલતના ઝાડને જેહાલતનું પાણી આપવું જોઈએ જેથી વધે. તૌબાના ઝાડને શર્મિંદગીનું  પાણી આપવું જોઈએ જેથી વધે. અને મહોબ્બતના ઝાડને મુવાફિકતનું પાણી આપવું જોઈએ જેથી તેનો ઉછેર થાય.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہના વાકિયાતની સંબંધે વર્ણન છે કે જે રાતે આપે વિસાલ ફર્માવ્યો કેટલાયે સો મર્તબા પયગંબરે ખુદા ﷺને ખ્વાબમાં જોયા હતા જે ફર્માવતા હતા કે અલ્લાહ તઆલાનો દોસ્ત મુઈનુદ્દીન હસન સંજરી આવશે. એના ઈન્તેકાલ બાદ આવ્યો છું. જ્યારે ખ્વાજા સાહબ ઈન્તેકાલ ફર્માવી ગયા તો આપની પેશાની પર લખ્યું હતું. حَبِيْبُ اللّٰهِ مَاتَ فِيْ حُبِّ اللّٰهِ ''અલ્લાહના દોસ્તે

અલ્લાહની મહોબ્બતમાં જાન આપી.'' શૈખુલ ઈસ્લામ આ જ હિકાયતમાં હતા એવામાં નમાઝની અઝાન થઈ. ખ્વાજા સાહબ નમાઝમાં મશ્ગૂલ થઈ ગયા, લોકો તથા હું પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

ત્યારબાદ ફર્માવ્યું કે ઈશ્ક઼ તથા મહોબ્બતમાં ઠીક તે જ શખ્સ છે કે અલ્લાહ તઆલાના સિવાય તેને કોઈ ચીજ યાદ ન આવે.

## તર્કે દુનિયા વિશે

૧૨ માહે ઝીક઼અદા, હિ.સ. ૬૫૫ હિજરીના રોજ ક઼દમબોસીનો શરીફ હાંસલ થયો અને મૌલાના બદરૂદ્દીન ગઝનવી, શયખ બદરૂદ્દીન હાંસવી તથા અઝીઝ ખિદમતમાં હાજર હતા. દુનિયાના ત્યાગની બુઝુર્ગીના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ જે દિવસથી દુનિયાને પેદા કરી છે તેને દુશ્મનીની દષ્ટિએ જુએ છે.

પછી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે હું બે ચીજોથી ઘણો ડરુ છું : એક ઘરવાળાંઓની અધિક્તા બીજુ નફ્સની ઈચ્છાઓના તાબે થવાથી. એટલા માટે કે નફ્સ બંદાને અલ્લાહની યાદથી દૂર રાખે છે અને લાંબો પરિવાર આખેરતને ભૂલાવી દે છે.

પછી ફર્માવ્યું કે ગઝનીમાં એક બુઝુર્ગ હતા. તેમને પૂછયું કે દુનિયા અમારી તરફ પીઠ કરે છે અને આખેરત ચહેરો કરે છે, એમાંથી કઈ ચીજ પસંદ કરવી જોઈએ ? ફર્માવ્યું કે આખેરતને ખૂબ જ યાદ કરો જેથી તમારા કામ આવે, જે આજે અહીં બનાવશો તે કાલે ત્યાં નહીં બનાવી શકો.

પછી ફર્માવ્યું કે ખ્વાજા અબ્દુલ્લાહ સહલ તસ્તરી رحمۃاللہ علیہએ પોતાનો સઘળો માલ ખુદાની રાહમાં ખર્ચી નાખ્યો. ખાનદાન તથા અન્ય લોકોએ ટીકા કરી કે તેં જરૂરિયાત માટે પણ ન રાખ્યું ! ફર્માવ્યું, સંગ્રહ કરવાની શું જરૂરત છે ?!

પછી ફર્માવ્યું કે અસ્રારુલ આરિફીનમાં લખ્યું કે ખ્વાજા યહયા મઆઝ રાઝી رحمۃاللہ علیہ ફર્માવે છે કે જ્યારે હિકમત આસ્માનથી નીચે ઉતરે છે તો તે દિલમાં સ્થાન નથી જમાવતી જેનામાં આ ચાર ખાસિયતો જોવા મળે છે : (૧) દુનિયાની લાલચ (૨) એ વાતની ફિકર કે કાલે શું કરીશું ? (૩) મુસલમાનોની સાથે દુશ્મની તથા હસદ (૪) મહાનતા તથા વાહ વાહની ચાહત. જો એ ચારેવમાંથી એક પણ હોય તો પણ ત્યાં સ્થાન નથી જમાવતી.

## ઝુહદ વિશે ચર્ચા

પછી ફર્માવ્યું કે હું તથા ભાઈ બહાઉદ્દીન ઝકરીયા رحمۃاللہ علیہ, એક જ જગ્યાએ હતા. ઝુહદના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ફર્માવ્યું કે ઝુહદ તથા દરવેશી ત્રણ ચીજોનું નામ છે, જેમાં ત્રણ ચીજો છે તેનામાં ઝુહદ છે. તે એ છે કે પ્રથમ દુનિયાને ઓળખવું અને તેનાથી અલિપ્ત રહેવું બીજી અલ્લાહ તઆલાના હુકમોનું પાલન કરવું અને તેનું ધ્યાન રાખવું. ત્રીજી આખેરતની આરઝૂ કરવી અને તેની તલબની કોશિશ કરવી.

ત્યાર બાદ ફર્માવ્યું કે આપણા ખ્વાજગાનમાંથી ખ્વાજા ફુઝૈલ અયાઝ رحمۃاللہ علیہને એ વાત પહોંચી છે કે કયામતના દિવસે દુનિયાને સજાવવામાં આવશે અને તે મેદાનમાં ટહેલશે અને પોતાની ખૂબી તથા ઝીનત દેખાડશે અને કહેશે પરવરદિગાર !

મને તારા કોઈ બંદાના લાયક બનાવ. અને અવાજ આવશે કે હું તને પણ પસંદ નથી કરતો અને એને પણ નહીં જે તારી પયરવી કરે છે. પછી દુનિયાને નષ્ટ કરી દેવામાં આવશે. પછી મારી તરફ સંબોધન કરતાં ફર્માવ્યું કે દુનિયાને તર્ક કરી દે જેથી ક઼યામતમાં તું દોઝખમાં ન જાય.

પછી ફર્માવ્યું કે મારી પાસે એટલા પ્રમાણમાં રકમો (નઝરાણા) આવે છે કે તેને ભેગી કરું તો ખજાનાઓ જમા થઈ જાય, પણ તેને રાહે ખુદામાં વાપરી નાખુ છું.

પછી ફર્માવ્યું કે ખ્વાજા મૌદૂદ ચિશ્તી قُدِّسَ سِرَّهُ الْعَزِيْز શરહે અવલિયામાં લખે છે કે તમારી ખરાબીઓને એક મકાનમાં એકત્ર કરી દેવામાં આવે તો તેની ચાવી દુનિયા છે. જે દાના છે તે એ ઘર તથા ચાવીની પરવા નથી કરતો, કેમ કે સર્વ બુરાઈઓ દુનિયાથી પેદા થાય છે. ત્યાર બાદ ઈમામ ઝાહિદ رحمة الله عليهની તફસીર પાસે પડી હતી તેમાંથી રિવાયત જોયી કે, نجى المخففّون وهلك المثقلون ''હલકા બોજવાળા નજાત પામી જશે અને ભારે બોજવાળા બર્બાદ થશે.''

## અલ્લાહની બુઝુર્ગી વિશે

ત્યાર બાદ અલ્લાહ તઆલાની બુઝુર્ગીના બારામાં વાત શરૂ થઈ. ફર્માવ્યું કે હક્ક઼ તઆલા સૌથી મહાન છે. પછી જ્યારે આ વાત છે તો લોકો શા માટે પોતે પોતાને આવી નેઅમતથી મેહરૂમ રાખે છે, અને શા માટે પોતાનું જીવન તેના ઝિક્ર તથા ફિક્રમાં ખર્ચી નથી કાઢતા.

ત્યાર બાદ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાના એવા બંદાઓ

પણ છે કે દોસ્તનું નામ સાંભળતાં જ પોતાની જાન તથા માલ ફિદા કરી આપે છે. જેમ કે અસ્રારે તાબઈનમાં આવ્યું છે કે એકવાર એક દરવેશ ૬૦ વરસો સુધી જંગલમાં આલમે તફક્કુરમાં રહ્યો. અચાનક ગયબથી અવાજ આવ્યો, ''યા અલ્લાહ !'' દરવેશે જ્યારે નામ મુબારક સાંભળ્યું તો નારો મારીને ગબડી પડયો. જ્યારે જોયું તો જાણવા મળ્યું કે જાન ખુદાના હવાલે કરી છે.

## યાદે ઈલાહીથી ગાફેલ મુર્દા છે

ત્યાર બાદ ફર્માવ્યું કે સુલૂકવાળાઓ દમભર પણ યાદે ઈલાહીથી ગાફેલ થઈ જાય તો તેઓ કહે છે અમે મુર્દા છીએ, જો અમે જીવંત હોત તો હક્કની યાદ અમારાથી ન છૂટતી.

પછી મોકાને અનુરૂપ ફર્માવ્યું કે એકવાર એક બુઝુર્ગ બગદાદમાં દરરોજ એક હજારવાર ઝિક્રે ઈલાહી કર્યા કરતા હતા. એક દિવસ ગેપ પડી ગઈ તો આલમે ગયબથી અવાજ આવ્યો કે, ''ફલાણાનો પુત્ર ફલાણો નથી રહ્યો.'' જેથી સર્વ શહેરવાસીઓ એ અવાજ સાંભળીને તેમના ઘરે આવ્યા, જોયું કે તે તો સહી સલામત બેઠા છે. તો આશ્ચર્યમાં પડી ગયા અને માફી માગી. એ બુઝુર્ગે મુસ્કુરાઈને ફર્માવ્યું કે હકીકતમાં તમે સાચા છો, ખરેખર એવું જ સમજો જેવો કે અવાજ આવ્યો હતો. કેમ કે મારાથી મારા વઝીફામાં ગેપ પડી ગઈ છે એટલા માટે અવાજ આવ્યો કે ફલાણાનો પુત્ર ફલાણો નથી રહ્યો.

પછી ફર્માવ્યું કે ઝબાન પર અલ્લાહના ઝિક્રને રાખવો

ઈમાનની નિશાની, નિફાક઼થી બેઝારી, શૈતાનથી હિફાઝત અને દોઝખની આગથી બચાવની સ્થિતિ છે.

ત્યાર બાદ ફર્માવ્યું કે સીવિસ્તાનમાં મેં એક બુઝુર્ગને જોયા જે આલમે સુક્રમાં ઝિક્ર સિવાય કોઈ વાત કરતા ન હતા. કેમ કે સઆદતે અબદી (હમેશાંની નેકબખ્તી) ઝિક્રમાં રાખવામાં આવેલી છે એટલા માટે માણસે રાત દિવસ ઉઠતાં બેસતાં, સૂતાં જાગતાં, પાકીની કે નાપાકીની હાલતમાં યાદે ઈલાહીથી ગાફેલ રહેવું જોઈએ નહીં, સિવાય કે જાજરૂ પેશાબ કરે (ત્યારે નહીં).

## દાઢી અને તંગદસ્તીથી નજાત !

ત્યાર બાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગ એવો પણ હતો કે જો કોઈને હદીષમાં મુશ્કેલી ઉભી થતી તો હલ કરી આપતા. એક દિવસ દાઢીના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે દાઢીને કાંસકી કરવી સુન્નતે નબવી છે તેમજ અન્ય પયગંબરોની પણ સુન્ન્ત છે. **જે શખ્સ રાતના સમયે દાઢીને કાંસકી કરે છે તેને અલ્લાહ તઆલા કદી મુફલિસી નથી આપતો. અને એની દાઢીમાં જેટલા વાળ હોય છે દરેક વાળના બદલામાં હજાર ગુલામ આઝાદ કરવાનો સવાબ એના આમાલનામામાં લખવામાં આવે છે અને એટલા જ પ્રમાણમાં ગુનાહો માફ કરવામાં આવે છે. જે સવાબ દાઢીમાં કાંસકી કરવામાં છે એ જો લોકોને માલૂમ થઈ જાય તો અન્ય તમામ (નફ્લી) ઈબાદતો છોડીને એનામાં મશગૂલ થઈ જાય !**

## એક કાંસકીનો ઉપયોગ બીજા ન કરે

**પછી ફર્માવ્યું કે એક જ કાંસકો બે વ્યક્તિઓએ ઉપયોગમાં લેવો જોઈએ નહીં, કેમ કે એનાથી જુદાઈ પડે છે.**

પછી ફર્માવ્યું કે એકવાર પયગંબરે ખુદા ﷺના જમાનામાં એક સ્ત્રીએ બે જોડીયાં બાળકો જણ્યાં જે આપસમાં જોડાયેલાં હતાં. આં હઝરત ﷺની ખિદમતમાં અર્ઝ કરવામાં આવી તો વિચારમાં પડી ગયા. જિબ્રઈલ علیہ السلامએ પૈગામ આપ્યો કે એક જ કાંસકીને બંનેવના માટે ઉપયોગ કરો, ઈન્શાઅલ્લાહ ! અલગ પડી જશે. ફર્માવ્યું, જઈને એ જ પ્રમાણે કરો. થોડા દિવસો બાદ એકબીજાથી જુદાં પડી ગયાં.

ત્યાર બાદ નમાઝ બાજમાઅતના બારામાં ચર્ચા શરૂ થઈ. એના બારામાં ખૂબ જ અતિશયોક્તિ કરી. ફર્માવ્યું, જો બે માણસો પણ ભેગા થાય તો નમાઝ બાજમાઅત અદા કરવી જોઈએ, જો કે બે માણસોથી જમાઅત તો નથી થતી પરંતુ જમાઅતનો સવાબ મળી જાય છે. જો કેવળ બે હોય તો એક જ સફમાં ઉભા રહેવું જોઈએ.

## ઝિક્રે ઈલાહીની બરકતો

ત્યાર બાદ ફર્માવ્યું કે એકવાર હું લાહોર જઈ રહ્યો હતો એવામાં એક બુઝુર્ગ સાહિબે નેઅમતને જોયા. જ્યારે મુલાકાત થઈ તો મને સંબોધીને ફર્માવ્યું કે લોકોને ઝિક્રે ઈલાહી છ વાતોથી હાંસલ થાય છે : એક, એવી હાલતે પહોંચી જાય કે અલ્લાહ તઆલાને એ ખયાલ કરે કે તે દિલને જોઈ રહ્યો છે. બીજુ કે અલ્લાહ તઆલા તેને ગુનાહોથી દૂર રાખે છે. જે શખ્સ ઝિક્રના

વખતે ગુનાહોની ફિક્રમાં રહ્યો સમજો કે અલ્લાહ તઆલા તેને દૂર ફેંકે છે. ત્રીજુ એ કે ઝિક્રે ઈલાહીની કષરત (ખૂબ જ) કરે, અને અલ્લાહ તઆલાની દોસ્તીને દિલમાં મજબૂત કરે. ચોથુ એ કે જયારે કોઈ શખ્સ અલ્લાહ તઆલાને દિલમાં યાદ કરે છે તો તે તેને દોસ્ત બનાવી લે છે. પાંચમું એ કે જે ઝિક્રે ઈલાહી કષરતથી કરે છે તે દેવ પરીના શિર્કથી મહેફૂઝ રહે છે. છટ્ઠુ એ કૃબ્રમાં અલ્લાહ તઆલા તેનો દોસ્ત (આરામ આપનાર) હોય છે.

## ઝિક્રે ઈલાહીની બરકતો

પછી ફર્માવ્યું કે કોઈ કામ ઝિક્રે ઈલાહીથી વધીને નથી એને વધવું જોઈએ, કેમ કે એનું ફળ સર્વ ઈતાઅતોથી વધીને છે.

ત્યાર બાદ ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ની ઝબાની સાંભળ્યું છે કે હદીષમાં આવ્યું છે કે તૌરાતમાં સૂરએ મુલ્કનું નામ "માષૂર" છે અને ફારસીમાં માષૂરા કહે છે. **એનાથી કૃબ્રનો અઝાબ ઉઠી જાય છે.**

ત્યાર બાદ ફર્માવ્યું કે ખબરમાં આવેલ છે કે **જે શખ્સ રાતે સૂરએ યાસીન પઢે છે, જાણે કે તેણે શબે કૃદ્ર પામી લીધી.**

ત્યાર બાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગ અલ્લાહ અલ્લાહ ખૂબ કર્યા કરતા હતા. એક દિવસે રસ્તે પસાર થતાં તેમના માથા પર લાકડી વાગી જેનાથી લોહી વહી નીકળ્યું. લોહીના દરેક ટીપાથી જમીન પર "અલ્લાહ"નો નકૃશ બની ગયો. ખરેખર જે શખ્સ જેવી રીતે કોઈ કામમાં લાગેલો રહે છે એ જ કામમાં તેનો હશ્ર થાય છે.

## દુઆની ફઝીલત

ત્યાર બાદ દુઆના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે ફતાવા કુબરામાં લખેલું જોયું કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે પૈગંબરે ખુદા صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

لَیسَ شَیءٌ اَکبَرُ عِندَ اللّٰہِ مِنَ الدُّعَاءِ ''અલ્લાહ તઆલાની નજીક **દુઆથી વધીને કોઇ ચીજ** નથી.''

ત્યાર બાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ મુઈનુદ્દીન હસન સંજરી, ખ્વાજા ઉષ્માની હારૂની قُدِّسَ سِرَّہُ العَزِیز‎થી રિવાયત કરે છે કે આપ કુવ્વતુલ કુલૂબમાં લખે છે : **اَنَّ اللّٰہ یُحِبُّ المُسلِمِینَ فِی الدُّعَاءِ** ''અલ્લાહ તઆલા એ લોકોને પસંદ કરે છે જેઓ ખૂબ જ દુઆ કરે છે.''

ત્યાર બાદ ફર્માવ્યું, એકવાર હું તથા ભાઈ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાનમાં સાથે હતા. એક સાહિબે નેઅમત બુઝુર્ગ પણ ત્યાં મૌજૂદ હતા. દુઆના બારામાં જ્યારે વાતચીત શરૂ થઈ તો તે બુઝુર્ગે ફર્માવ્યું, જે શખ્સ ચાર ચીજો ઉઠાવી લે છે (નથી કરતો) અલ્લાહ તઆલા તેનાથી ચાર ચીજો ઉઠાવી લે છે : **(૧)** જે ઝકાત નથી અદા કરતો તેનાથી અલ્લાહ તઆલા માલ ઉઠાવી લે છે. **(૨)** જે સદકો તથા કુર્બાની ન આપે તેનાથી અલ્લાહ તઆલા આરામ ઉઠાવી લે છે. જે નમાઝને ત્યજી આપે છે, અલ્લાહ તઆલા તેના મૃત્યુ સમયે તેનાથી ઈમાન છીનવી લે છે. જે દુઆ નથી કરતો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ નથી કરતો.

પછી ફર્માવ્યું કે એકવાર એક શખ્સને મારી નાખવા માટે

સિંહની સામે નાખી દેવામાં આવ્યો. સાત દિવસ એ જ સિંહ પાસે રહ્યો પરંતુ અલ્લાહના હુકમથી તદ્દન સાજો સમો નીકળી આવ્યો. એની સલામતીનો સબબ એ હતો કે એની પાસે ઈસ્મે બારી તઆલા હતું. ઈસ્મે આ'ઝમ આ છે :–

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ يَادَائِمٌ بِلَا فَنَاءٍ يَاقَائِمٌ بِلَا
زَوَالٍ وَيَا اَمِيۡرٌ بِلَا وَزِيۡرٍ

પછી શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે તારો દુશ્મન આ જ તારો નફ્સે અમ્મારા છે, અને શૈતાન પણ. એટલામાં નમાઝની અઝાન સંભળાયી તો શૈખુલ ઈસ્લામ નમાઝમાં વ્યસ્ત થઈ ગયા અને હું તથા લોકો પરત ચાલ્યા આવ્યા. اَلۡحَمۡدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## ઝિલ્ હજ્જની ફઝીલત

બીજી ઝીલ હજ્જ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. ઝિલ હજ્જની ફઝીલતના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી قُدِّسَ سِرُّهُ الۡعَزِيۡز ના લખાણમાં અબૂ હુરૈરહ رَضِیَ اللّٰهُ عَنۡهُ ની રિવાયત પ્રમાણે લખ્યું છે કે જે શખ્સ માહે ઝિલ્ હજ્જની પ્રથમ રાતે **બે રકાત નમાઝ** નીચે દર્શાવેલ તરીકા પ્રમાણે પઢે, એટલે કે પ્રથમ રકાતમાં ફાતિહા પછી સૂરએ અન્આમની ત્રણ આયતો, અને બીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી ''કુલ યા ઐયુહલ કાફિરૂન'' એકવાર પઢે તો **અલ્લાહ તઆલા હજ્જ કરવાવાળાઓનો સવાબ તેના આમાલનામામાં લખી આપે છે.**

ત્યાર બાદ ફર્માવ્યું કે એકવાર એક ફાસિક઼, બદ્કાર તથા ગુનેહગાર યુવાન મરી ગયો લોકોને એના હાલ પર અફસોસ હતો કે તંગ તથા અંધારી ક઼બરમાં તેની શું હાલત થશે ? એ જ મોક઼ા પર બુઝુર્ગે એને ખ્વાબમાં જોયો અને પૂછયું કે તારી સાથે કેવો વર્તાવ થયો ? જવાબ આપ્યો કે જ્યારે મને લોકો ક઼બરમાં છોડીને ચાલ્યા ગયા અને ફરિશ્તાઓએ ગુરજ લઈને મને અઝાબ કરવા ચાહ્યું તો અલ્લાહ તઆલાનો હુકમ થયો કે એનાથી હાથ ઉઠાવી લો ! મેં એને બખ્શી આપ્યો છે અને એને જન્નતમાં સ્થાન આપી દીધું છે. ફરિશ્તાઓએ અર્ઝ કરી, આ યુવાન બદ્કાર તથા ગુનેહગાર હતો, એનાથી એવી કઈ નેકી થઈ જેના સબબે તેં એને બખ્શી આપ્યો ?! હુકમ થયો કે જે કાંઈ તમે કહો છો તે ઠીક છે, પરંતુ તે દર વરસે માહે ઝિલ હજ્જની પ્રથમ રાતે બે રકાત નમાઝ અદા કર્યા કરતો હતો, એટલા માટે મેં એને બખ્શી આપ્યો.

ત્યાર બાદ ફર્માવ્યું કે વહબ બિન મુનબ્બહ رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને હદિયો મોકલ્યો જેને જિબ્રઈલ علیہ السلام લઈને આવ્યા. કહ્યું, હે મૂસા ! જે શખ્સ ઝિલ હજ્જના પ્રથમ અશરા (દસ દિવસ)માં આ કલેમા કહેશે, જાણે કે તેણે બાર હજારવાર તૌરાત પઢી. અને એ કલેમાને લખનારને દસ હજાર નેકીઓ મળશે અને તેના દસ હજાર ગુનાહ માફ થશે, અને હજાર ફરિશ્તા દુરૂદ પઢશે અને તેનો અમલ જમીનવાળાઓમાં અફઝલ હશે.

ત્યાર બાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہની રિવાયતના પ્રમાણે લખ્યું છે કે આ કલેમા ઈન્જીલમાં નાઝિલ થયા તો એની બરકતથી આંધળા દેખતા થઈ ગયા.

ત્યાર બાદ ફર્માવ્યું કે જે શખ્સ એ કલેમાની હુર્મત તથા તા'ઝીમ કરશે, ઈન્શા અલ્લાહ ! એની અસર જોઈ લેશે.

પ્રથમ દિવસે સો વખતે પઢે :–

لَآ اِلٰـهَ اِلَّااللّٰـهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لهُ الْمُلْكُ وَ لهُ الْحَمْدُ
يُحْيِى وَ يُمِيتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتَ بِيَدِهِ الْخَيرُ وَهُوَ
عَلٰى كُلِّ شَىءٍ قَدِيْرُ

બીજા દિવસે સો વાર પઢે :–

اَشْهَدُاَنْ لَااِلٰـهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ واحدا حدا
صمد افرادا وترالم يتخذ صاحبة ولا ولدا۔

ત્રીજા દિવસે આ કલમા કહે :–

اَشْهَدُاَنْ لَااِلٰـهَ اِلَّااللّٰـهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ اَحَدً صَمَدً
لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَهٗ كُفُوًا اَحَدً

ચોથા દિવસે સો વખત આ કલમા કહે :–

اَشْهَدُاَنْ لَااِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لهُ الْمُلْكُ وَ لهُ
الْحَمْدُ يُحْيِى وَ يُمِيتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتَ بِيَدِهِ الْخَيرُ
وَهُوَ عَلٰى كُلِّ شَىءٍ قَدِيْرُ

પાંચમાં દિવસે આ કલમા કહે :–

حسبى اللّٰـه وكفٰى وسمع اللّٰه لمن دعاليس وراء ه۔
المنتهٰى سبحان من لم يزل كريما ولا يزال رحيما۔

પછી ફર્માવ્યું, છઠ્ઠા દિવસે પણ એ જ સમયે એ જ ક્રમથી પઢે.

## ઝિલ્ હજ્જના અશરા (૧૦ દિવસો)ની ફઝીલત

પછી ફર્માવ્યું કે ઝિલ્ હજ્જના અશરા મુતબર્રકામાં વિત્રો

પછી અને સૂતા પહેલાં બે રકાત નમાઝ આ પ્રમાણે અદા કરે કે દરેક રકાતમાં "સૂરએ ફાતિહા" એકવાર અને અને "ઈન્ના અઅ્તય્નાક" અને "કુલ્હુવલ્લાહ શરીફ" એક એક વાર પઢે તો અલ્લાહ તઆલા તેને એટલા પ્રમાણમાં સવાબ આપે છે કે અલ્લાહ સિવાય તેની સંખ્યા કોઈ નથી જાણતુ. આ નમાઝ પઢનાર મરતાં પહેલાં પોતાની જગા જન્નતમાં જોઈ લે છે.

ત્યાર બાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ શૈખ સઅ્દુદ્દીન હમ્વિયહ رحمۃ اللہ علیہને ખ્વાબમાં જોઈને પૂછયું કે શું હાલત છે ? ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મને બખ્શી આપ્યો અને દરેક ઘડીના બદલામાં એ જ અંદાજા પ્રમાણે સવાબ આપ્યો. પરંતુ જે બે રકાત નમાઝ ઝિલ્ હજ્જના અશરા (દસ દિવસોમાં) અદા કરતો હતો એનો સવાબ એટલો મળ્યો કે જેને અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું.

ત્યાર બાદ ફર્માવ્યું કે જુમેરાત તથા જુમ્આ જે આ દસ દિવસોમાં આવે છે, બંને દિવસ છ રકાત નમાઝ એ રીતે અદા કરે કે દરેક રકાતમાં "અલ્હમ્દુ શરીફ" એકવાર અને "કુલ્હુવલ્લાહ" ૧૫ વાર પઢે. સલામ ફેરવ્યા બાદ આ કલેમા કહે لاالٰہ الا اللہ الملك الحق المبین તો હક્ક્ તઆલા તેને એટલા પ્રમાણમાં સવાબ આપે છે જેની કોઈ સીમા નથી અને બીજા વરસ સુધી ગુનાહ નથી લખવામાં આવતા.

ત્યાર બાદ ફર્માવ્યું કે મઝારો એક દોસ્ત ખૂબ જ નેક બંદો હતો. તે નમાઝ પઢયા કરતો હતો. જ્યારે મૃત્યુ પામ્યો તો ખ્વાબમાં તેને પૂછયું કે હક્ક્ તઆલાએ તારી સાથે કેવો સુલૂક કર્યો ? કહ્યું, શૈખુલ ઈસ્લામ મુઈનુદ્દીન સંજરી ચિશ્તી قُدِّسَ سِرُّہٗ الْعَزِیْزના

અવરાદમાં લખેલું જોયું હતું કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે જે શખ્સ ઝિલ હજજના દિવસોમાં "સૂરએ ફજૂર" પઢે તેને અલ્લાહ તઆલા દોઝખની આગથી બચાવી લે છે.

પછી ફર્માવ્યું કે વફાત બાદ શૈખુલ ઈસ્લામ સૈયદ મુઈનુદ્દીન હસન સંજરી قُدِّسَ سِرُّهُ الْعَزِیْز ને ખ્વાબમાં જોયા અને મૃત્યુ, કબર તથા મુન્કર નકીરના હાલાત પૂછયા તો ફર્માવ્યું, અલ્લાહ તઆલાના ફઝ્લથી સર્વ કાંઈ આસાન થઈ ગયું. પરંતુ જયારે મને અર્શની નીચે લઈ ગયા તો મેં સજદામાં સર રાખ્યું. અવાજ આવ્યો, મુઈનુદ્દીન ! સર ઉઠાવો ! ઉઠાવ્યું તો હુકમ આવ્યો, તમે આટલા શા માટે ડરો છો ?! અર્ઝ કરી, તારી જબ્બારી તથા કહ્હારીના ડરથી ! હુકમ થયો, જે શખ્સ અમારા કામમાં મશગૂલ રહે છે અમે તેના કામમાં મશગૂલ છીએ. અને જેણે ઝિલ્ હજજના દસ દિવસોમાં "સૂરએ ફજૂર" પઢી તેને ડરથી શો વાસ્તો ?! જા ! અમે તને બખ્શી આપ્યો ! અને તને અમારો વાસિલ (મળનાર) બનાવ્યો.

## અરફાની રાતના અમલો

પછી ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે જે શખ્સ અરફાના દિવસે છ રકાત નમાઝ એ પ્રમાણે અદા કરે કે પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા પછી "વલ્અસ્ર" એકવાર. બીજીમાં સૂરએ ફાતિહા પછી "લિ ઈલાફિ કુરૈશ" એક વાર. ત્રીજીમાં સૂરએ ફાતિહા પછી સૂરએ કાફિરૂન એકવાર. ચોથીમાં સૂરએ ફાતિહા પછી "ઈઝાજાઅ નસ્રુલ્લાહ" એકવાર. પછી સલામ ફેરવે ત્યાર બાદ બે રકાત એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી

સૂરએ ઈખ્લાસ ત્રણ વાર પઢે. જો તમામ મખ્લૂક પણ ભેગી મળીને તેની ફઝીલત વર્ણવે તો પણ નથી વર્ણવી શકતી.

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ ઝિલહજ્જની અરફાની રાતમાં બે રકાત નમાઝ અદા કરે અને દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી આયતુલ કુર્સી સો વાર પઢે. તો હક્ક તઆલા હુકમ આપે છે કે હજાર હજનો સવાબ તેના આમાલનામામાં લખવામાં આવશે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું અજમેરમાં અમુક સમય હઝરત શૈખુલ ઈસ્લામ ખ્વાજા મુઈનુદ્દીન સંજરી قدس سرہٗના રોઝા મુબારક પર મોઅતકિફ હતો તો મને આ સદનસીબી હાંસલ થઈ. જેમ કે અરફાની એક રાતે રોઝા મુબારકની પાસે નમાઝ અદા કરી અને ત્યાં જ કલામુલ્લાહમાં મશગૂલ થઈ ગયો. થોડી રાત પસાર થઈ હતી એટલામાં મેં પંદર પારા ખત્મ કરી લીધા. મને બરાબર યાદ નથી, સૂરએ કહફમાં કે સૂરએ મરયમમાં મારાથી એક હરફ છૂટી ગયો. હઝરત મખ્દૂમના રોઝાએ મુબારકથી અવાજ આવ્યો કે આ હર્ફ છોડી ચૂક્યા છો, એને ફરી પઢો ! બીજીવાર અવાજ આવ્યો, તું ઉમદા પઢી રહ્યો છે, ખલફુર્રશીદ આવું જ કર્યા કરે છે. જ્યારે હું કુર્આન શરીફ ખત્મ કરી ચૂક્યો તો ખ્વાજા સાહબની પાયતી ચૂમીને રડીને દુઆ કરી, મને ખબર નથી કે હું ક્યા ગિરોહ (ગૃપ)થી છું. એ જ ફિકરમાં હતા કે રોઝએ મુબારકથી અવાજ આવ્યો, મૌલાના ! જે શખ્સ નમાઝ પઢે છે હકીકતમાં બખ્શાયેલાઓમાંથી છે. ફરી ખ્વાજા સાહબની બારગાહમાં ઝુકી ગયો તો જાણવા મળ્યું કે હું બરાબર એ જ ગિરોહમાંથી છું જેવું કે ફર્માવ્યું હતું. થોડીકવાર પછી હું ત્યાંથી

નીકળ્યો અને ઘણી બધી નેઅમતો હાંસલ કરીને પરત ચાલ્યો આવ્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ અરફાના દિવસે ચાર રકાત નમાઝ ઝોહર બાદ અને અસરથી પહેલાં એ રીતે અદા કરે છે કે દરેક રકાતમાં ૫૦ વાર સૂરએ ઈખ્લાસ પઢે અને ફારિગ થઈને હજાર વાર સૂરએ ઈખ્લાસ પઢે તો અલ્લાહ તઆલાથી જે કાંઈ માગે તે એને મળી જાય છે.

પછી ફર્માવ્યું કે અરફાના દિવસે આ કલેમા સો વાર પઢે :–

بِسمِ اللّٰهِ ما شاء الله لا موت الخير الاالله۔ بِسمِ اللّٰهِ
ماشاء الله الخير كلمه بيد الله۔ بِسمِ اللّٰهِ ماشاء الله لا
يصرف السوءِ الا الله۔ بِسمِ اللّٰهِ ما هنامن نغمة فمن
الله۔ بِسمِ اللّٰهِ ماشاء الله لا حول ولاقوة الابالله۔

સરકારે કાઈનાત ﷺ ફર્માવે છે કે જે શખ્સ અરફાના દિવસે સૂર્યાસ્ત પહેલાં આ કલેમાને ૧૦૦ વાર પઢે તો અલ્લાહ તઆલા એ વાતની મુનાદી (એલાન) કરાવે છે કે હે બંદા ! તેં મને ખુશ કર્યો, હવે જે ચાહે છે તે મારાથી માગ ! જે બંદો આ કલેમાને સૂતી વખતે અથવા જાગતી વખતે પઢે તો અલ્લાહ તઆલા તેને બલાઓથી મેહફૂઝ રાખે છે અને તે શૈતાનની બુરાઈથી હિફાઝતમાં રહે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈદે અદ્હાની રાતમાં બાર રકાત નમાઝ અદા કરવાનો હુકમ આવ્યો છે. દરેક રકાતમાં સૂ. ફાતિહા એકવાર, સૂરએ ઈખ્લાસ પાંચ વાર પઢે. એનો સવાબ બેહદ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈદે અદ્‌હાના દિવસે નમાઝથી ફારિગ થાય તો ખુત્બો સાંભળ, અને ખુત્બા બાદ ચાર રકાત નમાઝ એ રીતે પઢ કે પહેલી રકાતમાં સૂ. ફાતિહા પછી "અલમ નશ્રહ્" એકવાર, બીજી રકાતમાં સૂ. ફાતિહા બાદ "વલ્મુરસલાત" એકવાર, ત્રીજી રકાતમાં સૂ. ફાતિહા બાદ "વદ્‌દુહ્ા" એકવાર, ચોથીમાં સૂ. ફાતિહા બાદ સૂ. ઈખ્લાસ એકવાર પઢે.

ત્યારબાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ હઝરત શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہના અવરાદમાં લખ્યું છે કે પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે જે શખ્સ ઈદે અદ્‌હાના પછી બે રકાત નમાઝ પોતાના ઘરમાં અદા કરશે અને દરેક રકાતમાં સૂ. ફાતિહા પછી "વલ્મુરસલાત" પાંચવાર પઢશે તે હજ, ઉમરા તથા હાજીઓની દુઆઓમાં સામેલ થશે, અને સમજવામાં આવશે કે તેણે તવાફમાં કોશિશ કરી છે, અને હક્ક તઆલા તેના માલમાં બરકત આપશે.

ત્યારબાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ લખેલું જોયું છે કે વરસના છેલ્લા અને ઝીલ હજ્જના છેલ્લા દિવસે જે શખ્સ આ દુઆ પઢશે તેને અલ્લાહ તઆલા વરસભર પોતાના હિફ્ઝો અમાનમાં રાખશે. દુઆ આ છે :–

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ۔ اللّٰهم ما عملت من عمل
فى هذه السنة ممانهيتى عنه ولم ترضه ولم نسية ولم
تنه وحملت على بعد قدرتك عَلٰى عقوبتى دعوتنى
الى التوبة بعد حرا الٰى عليك اللهم انى فا ستغفر
بك فيها ياغفرو فا غفرلى وما عملت من عمل ترضاه

عـنـى وعد تنى الثواب نتقلة منى ولا تقطع رجائى يا عـظيم الـرجاء اللّٰهم ارزقنى خير هٰذه النسه وما فيها برحمتكَ يٰارحم الرحمين

પછી ફર્માવ્યું કે મારા ભાઈ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ ઝીલહજજના મહિનાના છેવટમાં બે રકાત નમાઝ એવી રીતે અદા કરે છે કે દરેક રકાતમાં સૂ. ફાતિહા પછી અમુક થોડુક કુર્આન શરીફ પઢે અને સલામ પછી આ દુઆ સાત વાર પઢે તો અલ્લાહ તઆલા તેના તે વરસના ગુનાહ માફ કરી આપે છે. શૈખુલ ઈસ્લામ હજી એ જ ફવાઈદમાં હતા કે નમાઝની અઝાન થઈ તો આપ નમાઝમાં મશગૂલ થઈ ગયા અને હું તથા લોકો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## મઝહબ (મસ્લક)ના બારામાં ચર્ચા

૭–માહે ઝિલ હજ્જ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. મઝહબના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે પ્રથમ મઝહબ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો, બીજો મઝહબ ઈમામ શાફઈ رضی اللہ عنہનો, ત્રીજો મઝહબ ઈમામ માલિક رضی اللہ عنہનો અને ચોથો મઝહબ ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہનો. તો લોકોએ જોઈએ કે ચારેવ મઝહબોમાં શક ન કરે જેથી સુન્ની મુસલમાન રહે, અને એ વાતનું યકીન કરે કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો મઝહબ બાકી ત્રણથી અફઝલ છે, કેમ કે બાકીના ત્રણેવથી પહેલાં આ જ મઝહબ (હનફી) રિવાજ પામેલ

હતો. **والفضل المتقدم** અલ્લાહ તઆલાની નજીક હક્ક મઝહબ એક જ છે જે મઝહબમાં આપણે છીએ. તે અબૂ હનીફા رضی اللہ عنہનો મઝહબ છે. આ મઝહબ બિલકુલ દુરુસ્ત છે. એમાં ખતાઓની સંભાવના સુધ્ધાં નથી.

## ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો મકામ તથા મર્તબો

ત્યાર બાદ ફર્માવ્યું કે ફતાવા ઝહીરીમાં કિતાબ લેખક લખે છે કે જ્યારે મુસલમાનોના ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہએ છેલ્લી વખતે હજ કરી તો દિલમાં વિચાર્યું કે કદાચ ફરી હજ કરવા શક્તિમાન ન થઈ શકું, ખાનએ કાબાના દરવાનને ફર્માવ્યું કે દરવાજો ખોલી આપો અને એ વાતની ઈજાઝત આપો કે અલ્લાહ તઆલાની ઈબાદત કરી લઉં. કહ્યું, આપના પહેલાં કોઈને નસીબ નથી થયું, જો ઈલ્મમાં લોકો આપનું અનુસરણ કરે તો હું દરવાજો ખોલી દઈશ, છેવટે દરવાજો ખોલવામાં આવ્યો. આપ અંદર ગયા બંનેવ થાંભલાઓની વચ્ચે ડાબા પગને જમણા પગ પર રાખીને અડધુ કુર્આન શરીફ ખત્મ કર્યું. સલામના પછી દુઆ કરી કે પરવરદિગાર ! મેં જેવો કે હક્ક છે તેવી ઈબાદત નથી કરી, અને ન તો જેવો પહેચાનવાનો હક્ક છે તને નથી પહેચાન્યો. મારી ખિદમતની કમી પર તારી કમાલની મઅરેફતના સબબે દરગુઝર કર. ગેબી અવાજ આપનારે અવાજ આપ્યો, હે અબૂ હનીફા ! ખરેખર તેં મારી ઈબાદત કરી અને મને પહેચાન્યો. મેં તને બખ્શી આપ્યો તેમજ તેમને જઓ કયામત સુધી તારા મઝહબના અનુયાયી થશે. જ્યારે શૈખુલ ઈસ્લામ આ ફવાઈદ વર્ણવી ચૂક્યા તો ફર્માવ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! આપણે એમના જ મઝહબમાં (હનફી) છીએ.

પછી ફર્માવ્યું કે રિવાયતથી ઈસ્માઈલ બુખારી رضی اللہ عنہ ફર્માવે છે કે મેં મુહમ્મદહુસૈન શયબાની رحمۃ اللہ علیہ ને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે કેવો વર્તાવ કર્યો ? કહ્યું, મને બખ્શી દીધો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, જો હું ચાહત તો તને અઝાબ કરત એ શર્તે કે તું ઈલ્મ બયાન ન કરતો. ઈસ્માઈલ કહે છે, મેં પૂછયું કે, ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ક્યાં સુધી (કયા મર્તબે) છે ? ફર્માવ્યું, ઈલ્લીય્યીનમાં છે.

## બુઝુર્ગોની ઈબાદત તથા તેમનું ઈમાન

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર કાઝી હમીદુદ્દીન નાગોરી, શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, શયખ જમાલુદ્દીન તબરેઝી તથા શયખ બદરુદ્દીન ગઝનવી رحمۃ اللہ علیہم اجمعین દિલ્હીની જામા મસ્જિદમાં થોડાક દિવસ મોઅતકિફ રહ્યા. દરેકે બે ખત્મ દર રોજ વઝીફો નિશ્ચિત કર્યો. એક રાતે એકબીજાને કહ્યું કે જો શક્ય હોય તો આપણે એક પગ પર ઉભા રહીને ઈબાદત કરીએ એટલે કે બે રકાતમાં જ દિવસ ચઢાવી દઈએ. સૌએ કહ્યું, બેહતર છે. જેથી કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ ઈમામ બન્યા અને બાકીના મુક્તદી રહ્યા. સૌ એક પગ પર ઉભા થયા. કાઝી સાહબે એક પગ પર ઉભા રહીને કુર્આન ખત્મ કર્યું અને ચાર સિપારા પઢયા. અને બીજી રકાતમાં બીજીવાર કુર્આન ખત્મ કર્યું. પછી સલામ ફેરવીને ઈલ્તેજા કરી કે પરવરદિગાર ! જેવો કે ઈબાદતનો હક્ક છે તેવો અમારાથી અદા નથી થઈ શક્યો, બસ ! અમને બખ્શી આપ, અને અમારી ખિદમતથી તારી મઅરેફતના કમાલના સબબે દરગુઝર ફર્માવ. ખૂણામાંથી અવાજ આવ્યો કે, હે અમારા દોસ્તો !

તમોએ મને સારી રીતે ઓળખ્યો અને ઉમદા ફર્માંબરદારી કરી, તો તમને બખ્શ્યા અને જે તમારી માગણી છે તે (બખ્શિશ) તમને આપી. પછી ત્યાંથી વિખેરાય ગયા અને સફર અપનાવ્યો.

## મઝહબના શજરાની પણ જાણકારી રાખો

ત્યારબાદ ફર્માવ્યું કે મઝહબના સજરાથી જરૂર વાકેફ થવું જોઈએ. પછી ફર્માવ્યું કે જેવી રીતે મુરીદે પોતાના પીરનો શજરો જાણવો જરૂરી છે એવી જ રીતે મઝહબનો શજરો જાણવો પણ જરૂરી છે કે પરવરદિગારથી કઈ રીતે મળવાનું છે.

પછી ફર્માવ્યું કે જો સવાલ કરવામાં આવે કે તું કોના મઝહબમાં છે ? તો કહો કે ઈમામે આ'ઝમ કૂફી رضی اللہ عنہના મઝહબમાં. ઈમામે આ'ઝમ ઈબ્રાહીમ અલ્કમાના મઝહબમાં. અલ્કમા ઈબ્રાહીમ નજફીના મઝહબમાં. ઈમામ નજફી ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہના મઝહબમાં, ઈમામ મસઊદ અબૂ હુરૈરહ رضی اللہ عنہના મઝહબમાં. અબૂ હુરૈરહ رضی اللہ عنہ રસૂલે ખુદા علیہ الصلوٰۃ والسلامના મઝહબમાં. રસૂલે ખુદા ﷺ ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامના મઝહબમાં. ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام હઝરત નૂહ નજીયુલ્લાહ علیہ السلامના મઝહબમાં. હઝરત નૂહ હઝરત શીષ علیہ السلامના મઝહબમાં. હઝરત શીષ હઝરત આદમ علیہ السلامના મઝહબમાં. હઝરત આદમ علیہ السلام હઝરત જિબ્રઈલ علیہ السلامના મઝહબમાં. હઝરત જિબ્રઈલ علیہ السلام હઝરત મીકાઈલ علیہ السلامના મઝહબમાં. હઝરત મીકાઈલ علیہ السلام હઝરત ઈસ્રાફીલ علیہ السلامના મઝહબમાં. હઝરત ઈસ્રાફીલ علیہ السلام હઝરત ઈઝરાઈલ علیہ السلامના મઝહબમાં. અને ઈઝરાઈલ علیہ السلام અહદીષે સમદિયતના મઝહબમાં. આગળ ખુદાને જ માલૂમ છે અન્ય કોઈને માલૂમ નથી.

પછી કુર્આનની તિલાવત તથા દુઆએ માષૂરાના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે માણસે દુઆ તથા કુર્આની આયતોથી ખાલી ન હોવું જોઈએ, હમેશાં એ કામમાં લાગેલો રહે જેથી અલ્લાહ તઆલાની આયતમાં રહે.

## દર્દમાં સપડાવાનો સબબ

પછી ફર્માવ્યું કે તહજ્જુદથી નમાઝ રસૂલે ખુદા ﷺ પર ફર્ઝ છે અને આપણા માટે સુન્નત છે એમાં આઠ રકાત સહરીની નજીક અદા કરવામાં આવે. એ રકાતોમાં જેટલા પ્રમાણમાં કુર્આન જાણતો હોય તે પઢે, અલ્બત્ત ક઼િરાઅત લાંબી હોવી જોઈએ, કેમ કે રસૂલે ખુદા ﷺ લાંબી ક઼િરાઅત કર્યા કરતા હતા.

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ ઈબ્ને શયખ કુત્બુદ્દીન નામથી જે ખૂબ જ વૃધ્ધ હતા. તેમનાથી તહજ્જુદની નમાઝ એકવાર છૂટી ગઈ. આપને જાંગમાં દર્દ શરૂ થયું. થોડાક દિવસ એ જ દર્દમાં સપડાયેલા રહ્યા. છેવટે જાણવા ચાહ્યું કે દર્દ શા માટે છે ? અવાજ આવ્યો, હે બુઝુર્ગ ! તેં તહજ્જુદની નમાઝ છોડી આપી એના કારણે તું દર્દમાં સપડાયેલ છે !

(અહીં મુસીબતમાં સપડાયેલા વિચારે કે જ્યારે તહજ્જુદના આદી તેને છોડે તો આ મુસીબત આવી શકે છે તો જેઓ ફર્ઝો પણ છોડે છે અને ગુનાહો પણ કરે છે તે ક્યા મોઢે શિકાયત કરી શકે કે અમારા પર મુસીબતો શાથી આવી ? જવાબ એ જ છે કે એ તમારા હાથોની કમાઈ છે ! – *અનુવાદક*)

## ઘરમાં શૈતાન નથી આવતો

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِ الْعَظِیْمِ "લા હૌલ વલા

**કુવ્વત ઈલ્લાહ બિલ્લાહિલ અલીય્યીલ અઝીમ.''** ત્યારબાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ મોઈનુદ્દીન હસન સંજરી قدس سرہના અવરાદમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની રિવાયતના પ્રમાણે લખેલું જાયું છે કે જે શખ્સ સૂરએ બક્રહની દસ આયતો એ ક્રમથી પઢે કે ચાર આયતો આયતુલ કુર્સીથી પહેલાંની અને ચાર બાદની અને બે સૂરએ બક્રહની છેલ્લી પઢે તો એ ઘરમાં સાંજ સુધી શૈતાન નથી આવતો.

## ગરીબી દૂર કરવાનો ઈલાજ

ફર્માવ્યું કે ગરીબીમાં સપડાય તે, **لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ''લા હૌલ વલા કુવ્વત ઈલ્લાહ બિલ્લાહિલ અલીય્યીલ અઝીમ.''** પુષ્કળ પઢે. પછી ફર્માવ્યું કે એકવાર શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી قدس سرہ ની ખિદમતમાં હાજર હતો. એક શખ્સે આવીને સલામ કરી. હુકમ થયો બેસી જા. બેસી ગયો. અર્ઝ કરી કે રોજીમાં તંગી છે. આપે તરત જ હુકમ ફર્માવ્યો કે શું તું **لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ** નથી પઢતો ?! અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, પયગંબરે ખુદા ﷺએ ફર્માવ્યું : જે શખ્સ આ કલેમાને ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે છે તેને અલ્લાહ તઆલા મુફલીસીની તકલીફથી બચાવીને રાખે છે.

## આયતે કરીમાની ફઝીલત તથા ફાયદા

ત્યારબાદ ફર્માવ્યું કે ખત્મુલ મુજતહિદીન અબુલ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہની કિતાબ બકિય્યહમાં લખેલું જોયું છે કે મને

એ વાતનું ઘણુ આશ્ચર્ય છે કે ચાર ચીજોથી ચાર ગિરોહ ગાફેલ છે : એક તે ગિરોહ જે ગમમાં સપડાયેલ હોય તેમ છતાં لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ (**લાઈલાહ ઈલ્લા અન્ત સુબ્હ઼ાનક ઈન્ની કુન્તુ મિનઝ઼્ઝાલિમીન.** ''કોઈ મઅબૂદ નથી તારા સિવાય, પાકી છે તને. બેશક ! મારાથી અયોગ્ય થયું. સૂ. *અંબિયા,* ૨/૮૭) ન કહે. એ વાસ્તે કે અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :–

فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَ نَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ؕ وَ كَذٰلِكَ نُـْۨجِي الْمُؤْمِنِيْنَ ۝

''તો અમે એની પોકાર સાંભળી લીધી અને તેને ગમથી નજાત બખ્શી અને એવી જ નજાત આપીશું મુસલમાનોને.''

*(સૂ. અંબિયા, ૨૧/૮૮)*

## ગમ દૂર કરવાનો ઈલાજ

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે હઝરત ઐયૂબ عليه السلام બીમારીની બલામાં સપડાયા તો ૪૦ વરસો સુધી તકલીફ ઉઠાવી. જ્યારે નજાતનો સમય નજીક આવ્યો તો દુઆ કરી. હુકમ થયો કે لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ખૂબ જ પઢ. થોડાક દિવસ આ કલમો પઢયો તો હક્ક઼ તઆલાએ આપને આ મુસીબતથી નજાત ઈનાયત કરી.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર એક યુવાનને હારૂન રશીદે કુસૂરના સબબે કૈદ કરી દીધો. પછી તેને હલાક કરવા ચાહયો. એક બુઝુર્ગે તેને ખૂબ જ ગમગીન જોઈને હાલ પૂછયો. હાલત

અર્ઝ કરી તો ફર્માવ્યું કે આ આયત પઢયા કરો. થોડાક દિવસ પઢી તો તે મુક્ત થઈ ગયો અને ખાસ સન્માનથી નવાઝવામાં આવ્યો.

## દરેક પ્રકારના નુકસાનથી બચવાનો ઈલાજ

ત્યારબાદ ફર્માવ્યું, બીજો તે ગિરોહ જે કોઈનાથી ડરે છે પરંતુ حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ **હસ્બુનલ્લાહુ વનિઅમલ વકીલ.** "અલ્લાહ અમારા માટે પૂરતો છે અને કેટલો સારો કામ બનાવનાર." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૭૩)* નથી કહેતો. એટલા માટે કે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું છે : فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ سُوْٓءٌ "તો પલટયા અલ્લાહના એહસાન તથા ફઝ્લથી કે તેમને કોઈ બુરાઈ ન પહોંચી." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૭૪)*

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર એક બાદશાહે જે પાગલ થઈ ગયો હતો તેણે ખુદાઈનો દાવો કર્યો. તેણે વિચાર્યું કે હું શું હીલો કરું તો મારા પગ જામી જાય. તેનો વઝીર ધોકાબાઝ હતો તેણે કહ્યું કે શહેરમાંના દાનિશમંદ લોકોને પબ્લિકમાંથી કેદ કરી લો તો કોઈ ઉલઝન નહીં રહે. એ જ અરસામાં ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہના મુરીદોમાંથી એક બુઝુર્ગ ગિરફતાર થઈને આવ્યા. તે આ કલ્મો ખૂબ જ અધિક પ્રમાણમાં કહ્યા કરતા હતા. બાદશાહ તેમને જોતાં જ તખ્ત પટથી ઉતરી આવ્યો અને માફી માગી અને કહ્યું, એને છોડી દો ! અને માન સન્માનથી વિદાય કર્યા. એ બાદશાહે કહ્યું કે જયારે એ બુઝુર્ગને લાવવામાં આવ્યા તો તેમના ડાબે જમણે બે અજગરો મને જોવા મળ્યા, જેમનો એક હોઠ જમીન પર અને બીજો આસ્માન પર હતો અને મોઢેથી આગ વેરી રહ્યા

હતા. તેમણે મને ગળી જવા ચાહ્યું. મેં આજિઝી વર્તી. કહેવામાં આવ્યું કે એ બુઝુર્ગથી દૂર રહેજે નહીં તો અમે તમને હલાક કરી દઈશું. જ્યારે એ બુઝુર્ગને પૂછવામાં આવ્યું કે આપ કેવી રીતે મુક્ત થયા ? તો ફર્માવ્યું કે :–

حَسْبُنَا اللّٰهُ وَ نِعْمَ الْوَكِيْلُ۔ نِعْمَ الْمَوْلٰى وَ نِعْمَ النَّصِيْرُ

ઘણી જ વેળા પઢયા કરતો હતો. જે શખ્સ આ કલમાને ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે છે તેને કોઈ ચીજ નુકસાન નથી કરતી.

## કોઈના ડર તથા ધોકાથી બચવાનો ઈલાજ

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ત્રીજો ગિરોહ તે છે જે લોકોના ધોકાથી ડરે અને

وَاُفَوِّضُ اَمْرِيْٓ اِلَى اللّٰهِ اِنَّ اللّٰهَ بَصِيْرٌۢ بِالْعِبَادِ ۝

**"ઉફવ્વિદુ અમ્રિ ઈલલ્લાહિ ઈન્નલ્લાહ બસીરુમ બિલ્ઈબાદ."** "હું મારાં કામ અલ્લાહને સોંપુ છું. બેશક ! અલ્લાહ બંદાઓને જુએ છે" *(સૂ. ગાફિર, ૪૦/૪૪)* ન પઢે. એટલા માટે કે કુર્આને કરીમમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَوَقٰىهُ اللّٰهُ سَيِّاٰتِ مَا مَكَرُوْا "તો અલ્લાહે એને બચાવી લીધો એના ધોકાની બુરાઈઓથી." *(સૂ. ગાફિર, ૪૦/૪૫)*

પછી શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ જ્યારે હજ્જાજ ઈબ્ને યૂસુફની પાસે જતા તો આ આયત પઢતા. હજ્જાજ ઈબ્ને યૂસુફ સોગંદ ખાઈને કહેતો હતો કે મને કોઈનાથી એટલો ડર નથી લાગતો જેટલો ખ્વાજા હસન બસરીથી લાગે છે.

જ્યારે તે ચહેરો જ દેખાડે છે તો હું કાંપી ઉઠુ છું. તેમની સાથે બે સિંહો આવે છે તે જાણે મને હમણા જ ફાડી ખાશે એવું લાગે છે.

## માશા અલ્લાહ કલમાની ફઝીલત

ત્યારબાદ ફર્માવ્યું કે ચોથો ગિરોહ તે જે બહિશ્ત (જન્નત)ની તરફ વળેલો છે પણ مَا شَآءَ اللّٰهُ ۙ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ۚ **(માશા અલ્લાહુ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.** ''જે ચાહે અલ્લાહ, અમારામાં કોઈ જોર નથી પણ અલ્લાહની મદદનું.'' *–સૂરએ કહફ, ૧૮/૩૯)* નથી કહેતો. રબ ફર્માવે છે : فَعَسٰی رَبِّیْۤ اَنْ یُّؤْتِیَنِ خَیْرًا مِّنْ جَنَّتِكَ ''તો નજીક છે કે મારો રબ મને તારા બાગ કરતાં સારો આપે.'' *(સૂ. કહફ, ૧૮/૪૦)*

ત્યારબાદ ફર્માવ્યું કે તાબઈનના આષારમાં લખેલું જોયું છે કે એકવાર એક યુવાન અતિ ફાસિક઼ હમેશાં બદકારીમાં મશગૂલ રહેતો પરંતું સૂતી વખતે આ કલમાને ઘણીવાર પઢયા કરતો હતો. જ્યારે મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોયો કે જન્નતમાં ટહેલી રહ્યો છે. આશ્ચર્ય પામીને પૂછયું તો કહ્યું, જો કે હું એ કામ કરતો હતો, પરંતુ સવાર સાંજ આ કલમા مَا شَآءَ اللّٰهُ ۙ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ۚ ખૂબ જ પ્રમાણમાં પઢયા કરતો હતો. મને જે સઆદત નસીબ થઈ તે એના જ સબબે થઈ છે.

## ક઼બ્રના અઝાબથી છૂટકારાનો અમલ

ત્યારબાદ ક઼બ્રના ડરના બારામાં ચર્ચા ચાલી તો ફર્માવ્યું કે એક શખ્સે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને એના વિશે પૂછયું તો ફર્માવ્યું કે હું એક એવી ચીજ બતાવું છું કે જો તું કરીશ તો

ડરીશ નહીં. ફર્માવ્યું, જે શખ્સ જુમેરાતે બે રકાત નમાઝ અદા કરે અને દરેક રકાતમાં અલ્હમ્દુ શરીફ પછી ૫૦ વાર કુલ્હુવલ્લાહ શરીફ પઢે તો મુન્કર નકીરથી સલામત રહેશે.

ત્યારબાદ ફર્માવ્યું કે તે શખ્સે બે રકાત નમાઝ અદા કરવાની આદત બનાવી લીધી. શરહે અવલિયામાં લખેલું જોયું છે કે જ્યારે તે શખ્સ મરી ગયો તો ખ્વાબમાં તેને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ તારી સાથે કેવો વર્તાવ કર્યો ? અને મુન્કર નકીરથી કેવી રીતે છૂટકારો મેળવ્યો ? તેણે કહ્યું, જ્યારે મુન્કર નકીરે આવી મને પૂછયું અને હું જવાબ ન આપી શકયો તો મને અઝાબ કરવા ચાહ્યું. હુકમ થયો કે આ બંદાથી હાથ ઉઠાવી લો ! જેથી મને છોડી મૂક્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે એક શખ્સે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછયું કે તમારી પાસે કોઈ એવી ચીજ છે જે ક઼બ્રના અઝાબથી છૂટકારો અપાવે ? ફર્માવ્યું, હા ! જે શખ્સ બે રકાત નમાઝ અદા કરે અને દરેક રકાતમાં અલ્હમ્દુ શરીફ એકવાર અને ઈઝાઝુલ્ઝિલત ૧૫ વાર પઢે, તે અલ્લાહની એનાયતથી ક઼બ્રના અઝાબથી છૂટકારો પામશે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رضی اللہ عنہ ની ખિદમતમાં બેઠો હતો અને ઘણા બધા બુઝુર્ગ તથા મશાઈખ ખિદમતમાં હાજર હતા અને વાત ક઼બ્રના ડરના બારામાં થઈ રહી હતી. મૌલાના શહાબુદ્દીન કુરૈશી પણ હતા જે દિલ્હીના મુફતી હતા. ફર્માવ્યું, જે આ પાંચ સૂરતોને લખીને દરરોજ પઢયા કરે તે ક઼બ્રના અઝાબથી સલામત રહેશે. તે પાંચ

સૂરતો આ છે : સૂરએ મુઝ્ઝમ્મિલ, વશ્શમ્સ, વદુહા, વલ્લૈલ તથા અલમ નશ્રહ.

ત્યારબાદ મેં કહ્યું કે ખાનદાને ચિશ્તના એક દરવેશ વિસાલ પામ્યા. જ્યારે તેમને દફન કરવામાં આવ્યા તો એ જ વખતે ફરિશ્તાઓએ આવીને સવાલ કર્યો. એ દરવેશે સહીહ જવાબ આપ્યો. એ જ વખતે એની કબ્રથી રોશની જાહેર થઈ. તેમને ખ્વાબમાં જોઈને હાલ પૂછયો કે અલ્લાહ તઆલાએ તમારી સાથે કેવો વર્તાવ કર્યો ? કહ્યું, બખ્શી આપ્યો અને ખૂબ જ મહેરબાની કરી કે જેની કોઈ સીમા નથી. હુકમ થયો કે તને આ દુઆ (પાંચ સૂરતો)ના બદલામાં અમે બખ્શી દીધો.

## ત્રણ નેઅમતો અર્પણ થશે

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હદીષોમાં લખ્યું છે કે જે શખ્સ ફર્ઝ નમાઝ પઢયા બાદ ત્રણવાર સૂરએ ઈખ્લાસ અને ત્રણવાર દુરૂદ શરીફ પઢે. ત્યારબાદ એકવાર આ આયત પઢે :–

وَ مَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۙ﴿۲﴾ وَّ يَرْزُقْهُ مِنْ
حَيْثُ لَا يَحْتَسِبُ ؕ وَ مَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ ؕ
اِنَّ اللّٰهَ بَالِغُ اَمْرِهٖ ؕ قَدْ جَعَلَ اللّٰهُ لِكُلِّ شَيْءٍ قَدْرًا ﴿۳﴾

"અને જે અલ્લાહથી ડરે, અલ્લાહ એના માટે નજાતની રાહ કાઢી આપશે. અને તેને ત્યાંથી રોજી આપશે જ્યાં એનું ગુમાન ન હોય. અને જે અલ્લાહ પર ભરોસો કરે તો તે તેને પૂરતો છે. બેશક ! અલ્લાહ પોતાનું કામ પૂર્ણ કરનાર છે. બેશક ! અલ્લાહે દરેક ચીજનો એક અંદાજો રાખ્યો છે." *(સૂ. તલાક઼, ૬૫/૨,૩)* અને

આસ્માનની તરફ ફૂંકે તો હક્ક તઆલા એ બંદાને ત્રણ નેઅમતો અર્પણ કરે છે, એક લાંબી ઉમરની, બીજી માલમાં અધિકતા, ત્રીજી નેકનસીબી કે જન્નતમાં વિના હિસાબે દાખલ થશે.

શયખુલ ઈસ્લામ આ જ હિકાયત વર્ણવી રહ્યા હતા એવામાં નમાઝની અઝાન થઈ. આપ નમાઝમાં મશગૂલ થયા અને હું તથા લોકો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

આ જ મહિનાની ૨૦ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. ચાશતના સમયે જમાઅતખાનામાં બેઠેલા હતા અને ઘણા દુરવેશો ખિદમતમાં હાજર હતા. હું આદાબ બજાવી લાવ્યો, તો ફર્માવ્યું કે હે ખુદાના દોસ્ત ! બેસી જા ! હું બેસી ગયો. હાજરજનોને સંબોધીને ફર્માવ્યું કે મેં અલ્લાહ તઆલાથી એ ઈલ્તિજા (અરજ) કરી છે કે મૌલાના નિઝામુદ્દીન જે કાંઈ અલ્લાહથી તલબ કરે તે એમને મળી જાય.

## દુરૂદ શરીફના વઝીફાની બરકત

ત્યારબાદ દુરૂદના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે આષારે મશાઈખમાં આવ્યું છે અને મેં લખેલુ પણ જોયું છે કે, જે શખ્સ રસૂલે ખુદા ﷺ પર એકવાર દુરૂદ મોકલે છે તે ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે હમણા માના પેટે જનમ્યો અને એક લાખ નેકી એના આમાલનામામાં લખવામાં આવે છે અને તેને અવલિયા અલ્લાહમાંથી પોકારવામાં આવે છે.

## વઝીફો છૂટવા પર અફસોસ !

ત્યારબાદ ફર્માવ્યું કે સહાબા, તાબઈન તથા મશાઈખમાંથી

દરેકે એને પોતાનો વઝીફો નિશ્ચિત કર્યો છે. જો કોઈ રાતે એ વઝીફામાં એમનાથી ગેપ થઈ જતી તો પોતાને પોતે મુડદુ ખયાલ કરતા અને પોતાનું માતમ કરતા કે આજે રાતે અમે મુર્દા છીએ ! જો જીવતા હોત તો ખ્વાજાએ કાઈનાત ﷺના દુરૂદમાં ગેપ ન પાડતા.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા યહ્યા મઆઝ رضی اللہ عنہથી દુરૂદ શરીફનો વઝીફો છૂટી ગયો. દરરોજ ત્રણ હજાર વખત દુરૂદ શરીફ પઢયા કરતા હતા. દિવસ થયો તો પોતાનું માતમ કર્યુ અને જેવી રીતે કોઈ મુડદાના માતમના માટે બેસે છે એ રીતે બેસી ગયા. લોકોએ આવીને હાલત પૂછી કે શું સબબ છે ? ફર્માવ્યું, આજે રાત્રે વઝીફામાં મારાથી ગેપ રહી ગઈ છે, આ એનું જ માતમ છે, કેમ કે હું આ જહાનની સઆદત (નેક નસીબી)થી વંચિત રહી ગયો છું. ખ્વાજા મઆઝ રાઝી رضی اللہ عنہ આ જ વાત કરી રહ્યા હતા એવામાં ગેબી ફરિશ્તાએ અવાજ આપ્યો કે હે યહ્યા ! જેટલા પ્રમાણમાં સવાબ દરરોજ રાત્રે મળ્યા કરતો હતો એનાથી કેટલાક સો ગણો ગઈ રાતે સવાબ આપવામાં આવ્યો ! અને તારું નામ દુરૂદ મોકલનારાઓમાં લખવામાં આવ્યું.

(વિચારવાની વાત છે કે આજે આપણે ગુનાહો કરીને પણ માતમ (રંજ) નથી કરતા જ્યારે બુઝુર્ગો મુસ્તહબ નેકી છૂટી જવા પર માતમ કરતા હતા ! આપણને સૌને અલ્લાહ નેક તૌફીક આપે. આમીન –*અનુવાદક*)

પછી શૈખુલ ઈસ્લામ રડયા અને ફર્માવ્યું કે ખ્વાજાએ ષાની رضی اللہ عنہએ સરવરે કાઈનાત ﷺને ખ્વાબમાં જોયા કે ખ્વાજા

સાહબથી ચેહરો મુબારક છુપાવી લીધો. ખ્વાજા સાહબે દોડીને કદમોનો બોસો લીધો અને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મારી જાન આપના પર ફિદા છે ! કયા કારણે ચહેરો મુબારક મારાથી છુપાવી લીધો ? બગલમાં લઈને ફર્માવ્યું કે તેં દુરૂદ શરીફ મોકલીને મારી એટલા પ્રમાણમાં પ્રશંસા કરી કે હવે હું શર્મિંદો છું કે મઅઝેરત કરું ?!

ત્યારબાદ શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડયા અને ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! અલ્લાહ તઆલાના એવા બંદાઓ પણ છે કે જેમનાથી અતિ અધિક પ્રમાણમાં દુરૂદને કારણે સરવરે કાઈનાત ﷺ શર્મિંદા થતા હતા ! તેમની જાન પર હજારો રહમતો વરસે જેઓ આ સવાબને હાંસલ કરે છે અને એ જ હાલતમાં મરે છે, અને એ જ હાલતમાં એમનો હશ્ર થાય છે. (એમની બખ્શિશ નિશ્ચિત છે)

## દુરૂદ શરીફ પઢી ફૂંક મારવાની બરકતો

પછી ફર્માવ્યું કે એકવાર યહૂદીઓનો એક ગિરોહ બેઠો હતો. એક મુસલમાન દુરવેશે આવીને એમની પાસે કાંઈક માગ્યું. તેમણે ઠટ્ઠો મશ્કરી કરતાં કહ્યું કે હમણા શાહે જવાં મર્દાં આવી રહ્યા છે તે તને કાંઈ આપશે ! તેણે આપનો દસ્તે મુબારક પકડીને સલામ કરી અને પોતાની તંગી જાહેર કરી. જ્યારે આપે જોયું તો કાંઈ ન પામ્યું પણ દાનાઈના કારણે સમજી ગયા કે યહૂદીઓએ એને આજમાઈશના માટે મોકલ્યો છે. તેનો હાથ પકડીને તેની હથેળી પર દસવાર દુરૂદ શરીફ પઢીને ફૂંક મારી અને ફર્માવ્યું, મુટ્ઠી બંધ કરી લે ! જ્યારે તેમની પાસે આવ્યો તો પૂછયું કે શું

મળ્યું ? કહ્યું, દસવાર દુરૂદ શરીફ પઢીને મુટ્ઠી પર ફૂંક મારી. તેમણે કહ્યું, ખોલ ! જ્યારે મુટ્ઠી ખોલી તો દીનારોથી ભરેલી હતી. એ દિવસે કેટલાય યહૂદી મુસલમાન થઈ ગયા.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હારૂન રશીદ લગભગ છ મહિના બીમાર રહીને મરવાની અણીએ પહોંચી ગયો. સંજોગોવસાત શયખ અબૂ બક્ર શિબ્લી رضی اللہ عنہ તેની નજીકથી પસાર થયા. જ્યારે તેણે સાંભળ્યું તો કોઈને બોલાવવા મોકલ્યો. જ્યારે આપે આવીને જોયું તો કહ્યું, ઈત્મિનાન રાખો, આજે જ બીમારી દૂર થઈ જશે. એકવાર દુરૂદ શરીફ પઢીને એના પર હાથ ફેરવ્યો તો તરત જ તે સાજો થઈ ગયો. જાણવા મળ્યું કે તંદુરસ્તી એ જ દુરૂદ શરીફની બરકતથી પ્રાપ્ત થઈ.

## દુરૂદ શરીફની ફઝીલત

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ આ દુરૂદ પઢે બેહતર છે, પરંતુ નમાઝમાં ઔર અધિક બેહતર છે. સારાંશ કે સર્વ દુરૂદ એક સમાન છે પણ ફઝીલતમાં થોડો થોડો ફરક઼ છે. તે પંજ દુરૂદ આ છે :–

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۔ اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ
بِعَدَدِ مَنۡ صَلّٰی عَلَیۡہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ بِعَدَدِ مَنۡ لَّمۡ
یُصَلِّ عَلَیۡہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ کَمَا تُحِبُّ وَتَرۡضٰی اَنۡ
تُصَلّٰی عَلَیۡہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ کَمَا یَنۡبَغِی الصَّلٰوۃُ
عَلَیۡہِ وَصَلِّ عَلٰی مُحَمَّدٍ کَمَا اَمَرۡتَنَا بِالصَّلٰوۃِ عَلَیۡہِ ۔

પછી શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે એ જ સબબ છે કે મૌલાના

કુતુબુલ હસન મન્દુસી رحمۃ اللہ علیہએ રોઝા મુબારકમાં દુરૂદની બાબત લખ્યું છે કે (૧) ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને ખ્વાબમાં જોઈને પૂછયું કે અલ્લાહ તઆલાએ તમારી સાથે કેવો સુલૂક કર્યો ? ફર્માવ્યું, પંજ દુરૂદના સબબે બખ્શી આપ્યો. (૨) બીજી ફઝીલત એ છે કે એક દિવસે સરવરે કાઈનાત ﷺ બેઠેલા હતા અને આસપાસ સહાબાએ કિરામ હતા. એટલામાં એક શખ્સ આવ્યો. ફર્માવ્યું, અબૂબક્ર رضی اللہ عنہથી ઉપર બેસો ! અબૂ બક્ર વિચારમાં પડી ગયા. સાથીઓએ વિચાર્યું કે કદાચ જિબ્રઈલ علیہ السلام છે, નહીં તો અન્ય કોઈને આ મર્તબો હાંસલ નથી થઈ શકતો. સરવરે કાઈનાત ﷺએ અબૂબક્ર رضی اللہ عنہની તરફ સંબોધન કરતાં ફર્માવ્યું કે આ શખ્સે મારા પર એટલા પ્રમાણ દુરૂદ મોકલ્યું છે કે કોઈએ નથી મોકલ્યું. અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કદાચ એ ખાવા પીવા નથી ખાતો પીતો અને ન તો કોઈ અન્ય કામમાં મશગૂલ થાય છે. ફર્માવ્યું, ખાય પીએ પણ છે અને કામ પણ કરે છે, કેવળ એકવાર દિવસમાં અને એકવાર રાતમાં ઉપર મુજબનું દુરૂદ મોકલે છે.

શયખુલ ઈસ્લામ હજી આ જ ફવાઈદ વર્ણવી રહ્યા હતા એટલામાં પાંચ દુરવેશ આવી પહોંચ્યા. આદાબ બજાવી લાવ્યા. હુકમ થયો, બેસી જાવ ! બેસી ગયા તો અર્ઝ કરી કે અમો મુસાફિર છીએ, ખાનાએ કા'બાની ઝિયારતનો ઈરાદો છે પરંતુ ખર્ચ નથી તો કાંઈ એનાયત કરો જેથી ઉદાર દિલીથી અમે સફર કરી શકીએ. શૈખુલ ઈસ્લામ આ સાંભળીને વિચારમાં પડી ગયા. મુરાકેબો કરીને ખજૂરોના થોડાક ઠળીયા લીધા અને કાંઈક પઢીને તેમના પર ફૂંક મારીને તેમને આપી દીધા. દુરવેશો આશ્ચર્યમાં પડી ગયા.

શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જુઓ ! જ્યારે જોયું તો તે તે દીનાર હતા. છેવટે શયખ બદરુદીન ઈસ્હાક઼ رحمۃ اللہ علیہથી જાણવા મળ્યું કે શૈખુલ ઈસ્લામે દુરૂદ પઢીને એમના પર દમ કર્યો હતો. આ દુરૂદની બરકતથી તે દીનાર થઈ ગયા હતા.

## આયતુલ કુર્સીની બરકતો

પછી આયતુલ કુર્સીના બારામાં ચર્ચા શરૂ થઈ. જે દિવસે આયતુલ કુર્સી નાઝિલ થઈ તો સિત્તેર હજાર મુક઼ર્રબ ફરિશ્તાઓ કુર્સીની આસપાસ જિબ્રઈલ علیہ السلام સાથે સરવરે કાઈનાત رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા કે એને ઘણી જ તાઝીમો તકરીમ સાથે લો અને માથે ચડાવો. જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અલ્લાહનો હુકમ એ પ્રમાણે છે કે જે મારો બંદો મુક઼ર્રમ આયતુલ કુર્સી પઢશે તો **દરેક હર્ફના બદલામાં હજાર વરસનો સવાબ તેના નામે લખવામાં આવશે.** અને આ કુર્સીની આસપાસના હજાર ફરિશ્તા પોતાનો હજાર સવાબ તેને આપશે અને તેને પોતાનો મુક઼ર્રબ બનાવી લેશે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે **જે શખ્સ આયતુલ કુર્સી પઢીને ઘરમાં દાખલ થાય, અલ્લાહ તઆલા ઘરથી મુફલિસી દૂર કરે છે.**

ત્યારબાદ ફર્માવ્યું કે જામિઉલ હિકાયાતમાં લખેલુ જોયું છે કે એકવાર કોઈ દુરવેશના ઘરમાં એક રાતે દસ માણસો ચોરી કરવા ઘુસી ગયા અને આંધળા થઈ ગયા કેમ કે એ દુરવેશે આયતુલ કુર્સી પઢીને બહાર દમ કરી આપ્યો હતો. તે ચોરો આંધળા થઈ

ગયા. દુરવેશે ઉઠીને આ હાલત જોયી તો પૂછયું કે કોણ છો ? કહ્યું, અમે ચોર છીએ અને ચોરી કરવાના હેતુથી આપના ઘરે આવ્યા હતા, પણ આંધળા થઈ ગયા. હવે દુઆ કરો કે અમને આંખો મળી જાય, અમે એ કામથી તૌબા કરી લીધી છે અને આપના હાથ પર મુસલમાન થયા. એ બુઝુર્ગે મુસ્કુરાઈને ફર્માવ્યું, આંખો ખોલો ! અલ્લાહના હુકમથી જોતા થઈ ગયા. અને સૌ તૌબા કરીને મુસલમાન થઈ ગયા. **اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ**

## વિવિધ અકસીર દુઆઓ

એ જ મહિનાની સત્તાવીસમી હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. દુઆના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે ઈમામ મુહમ્મદ શયબાની رحمۃ اللہ علیہની કિતાબમાં ઈમામ જઅફર સાદિક رحمۃ اللہ علیہની રિવાયતના પ્રમાણે લખેલું જોયું છે કે પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે **જેને કોઈ ઉલઝન કે ગમ પેશ આવે** અથવા કોઈ એવું કામ ઉપસ્થિત થાય જે સુધરે તેમ ન હોય તો સવારની નમાઝ બાદ સો વાર :–

**بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۔ لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِا**
**للّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ۔ يَا حَيُّ يَا قَيُّوْمُ يَا فَرْدُ وَ يَا وَتْرُ يَا**
**اَحَدُ يَا صَمَدُ فَاِنْ لَّمْ يَصْلُحْ فَدُ لَّنَا عَلَى الْهُدٰى ۔**

પઢે. ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે એકવાર હું શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની ખિદમતમાં હતો. આપ દુઆના બારામાં ફર્માવી રહ્યા હતા કે **જેને રોજીમાં તંગી હોય તે** રોજીમાં વધારા માટે આ દુઆ પઢે :–

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡم ۔ یَا دَائِمَ الۡعِزِّ وَ الۡمُلۡکِ وَ الۡبَقَاءِ یَا ذَاالۡمجۡدِ وَ الۡعَطَاءِ یَا وَدُوۡدُ ذَاالۡعَرۡشِ الۡمَجِیۡدِ فَعَّالٌ لِمَا یُرِیۡدُ۔

બાદમાં ફર્માવ્યું કે જે શખ્સ આજિઝીના સમયે (કોઈ મક્સદ માટે) આ નામોને હજારવાર પઢે તો તેની તે જરૂરત જરૂર પૂરી થશે. અને તે અસ્મા (નામો) આ છે :–

اَقۡوٰی مُعِیۡنٍ وَ اَھۡدٰی دَلِیۡلٍ بِحَقِّ اِیَّاکَ نَعۡبُدُ وَاِیَّاکَ نَسۡتَعِیۡنُ۔

ત્યારબાદ ફર્માવ્યું કે ઈમામ ઝાહિદ رحمۃاللہعلیہની તફસીરમાં મેં લખેલું જોયું છે કે જે શખ્સ ચાહે કે તેના અમલો કબૂલ થાય તે આ દુઆ પઢે :–

رَبَّنَا تَقَبَّلۡ مِنَّا اِنَّکَ اَنۡتَ السَّمِیۡعُ الۡعَلِیۡمُ۔

જ્યારે દુનિયા તથા આખેરતની તંગી (મુફલિસી)થી છુટકારો ચાહે અને દોઝખથી મુક્તિ તો આ આયત પઢે :–

رَبَّنَآ اٰتِنَا فِیۡ الدُّنۡیَا حَسَنَۃً وَّ فِیۡ الۡاٰخِرَۃِ حَسَنَۃً وَ قِنَا عَذَابَ النَّارِ ۔

અને જ્યારે દરેક હાલતમાં સાબિર બનવા ચાહે અને દરેક કામમાં અડગ રહેવા ચાહે અને દુશ્મનો પર ફતહયાબ થવા ચાહે તો આ આયત પઢે :–

رَبَّنَا اَفۡرِغۡ عَلَیۡنَا صَبۡرًا وَثَبِّتۡ اَقۡدَامَنَا وَ انۡصُرۡنَا عَلَی الۡقَوۡمِ الۡکٰفِرِیۡنَ ۔

જ્યારે ચાહે કે દિલ અમ્નો અમાનમાં અને બાઈમાન રહે,

અને અલ્લાહ તઆલાની રહમત તેના પર નિછાવર થાય તો આ આયત પઢે :–

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَ هَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ۔

## દિલ ઈમાનથી મુત્મઈન કરવાનો ઈલાજ

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર પયગંબરે ખુદા ﷺ બેસેલા હતા અને આસપાસ સહાબાએ કિરામ બેઠેલા હતા, અને આગલા પયગંબરોની બાબત ચર્ચા થઈ રહી હતી. એ દરમ્યાન એક સાથીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારું દિલ ઈમાનથી કઈ રીતે અયમન (મુત્મઈન) થાય ? હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખામોશ રહ્યા. જિબ્રઈલ علیہ السلام એ આવીને અર્ઝ કરી કે હું આ આયત લાવ્યો છું જે એને હમેશાં પઢતો રહેશે તેનું દિલ ઈમાનથી મુત્મઈન રહેશે, અને ઉમ્મીદ છે કે દુનિયાથી બાઈમાન જશે.

શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે આ આયત (ઉપર મુજબની) તે સમયે નાઝિલ થઈ જ્યારે સહાબાએ કિરામે આ અરજ કરી હતી.

## અલ્લાહના દોસ્તોથી મળવાનો અમલ

એ જ મોકા પર ફર્માવ્યું કે જે અલ્લાહ તઆલાના દોસ્તોથી મળવા ચાહે તો આ આયત ખૂબ જ પ્રમાણમાં પઢે :–

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ۭ اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ ۝

"હે અમારા રબ ! બેશક ! તું સર્વ લોકોને એકત્ર કરનાર છે

એ દિવસના માટે જેમાં કોઈ શક નથી. બેશક ! અલ્લાહનો વાયદો નથી બદલાતો.'' *–(સૂરએ આલે ઈમરાન, ૩/૯)*

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે કોઈ શખ્સ આ આયત ક઼ાયમી રીતે પઢયા કરે તે જરૂર અલ્લાહ તઆલાના દોસ્તોથી મળે છે. આવી નેકબખ્તીથી આપણે પોતાને મેહરૂમ ન રાખવું જોઈએ.

## નેક પુત્ર મેળવવાનો અમલ

પછી ફર્માવ્યું કે જો કોઈ નેક પુત્ર મેળવવા ચાહે અથવા તેનો ગુલામ નાસી છુટયો હોય અથવા તેને કોઈ કામ ઉપસ્થિત થયું હોય તો આ આયત પઢે :

رَبِّ هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ﴿٣٨﴾

''હે મારા રબ ! મને તારી પાસેથી આપ સુથરી ઔલાદ, બેશક ! તું જ છે દુઆ સાંભળનાર.''*–(સૂરએ આલે ઈમરાન, ૩/૩૮)*

ત્યારબાદ ફર્માવ્યું કે હઝરત ઝકરિયા عليه السلام મુનાજાતમાં આ જ આયત પઢયા કરતા હતા. તો અલ્લાહ તઆલાએ દુઆ ક઼બૂલ ફર્માવીને યહયા (عليه السلام) જેવા ફરઝંદ અતા કર્યા. જે જવાની તથા બચપનમાં ખૌફે ખુદાથી એટલા પ્રમાણમાં રડયા કે આપના ચહેરા પરનો સઘળો ગોશ્ત તથા ચામડી પીગળી ગઈ. આપનાં વાલિદૈન પણ રડયાં કે બેટા ! તું હજી બાળક છે, તું શા માટે રડે છે ? અર્ઝ કરી કે વાલિદા સાહેબા ! જ્યારે તમે ચૂલામાં આગ સળગાવવા ચાહો છો તો પ્રથમ નાની લાકડીઓ નીચે રાખીને ઉપર મોટી લાકડીઓ રાખો છો, એટલા માટે હું ડરું છું કે કદાચ દોઝખમાં પ્રથમ નાનાઓને નાખવામાં આવે અને બાદમાં મોટાઓને.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું સીવિસ્તાનની તરફ મુસાફર હતો. ત્યાંના ઔલિયા તથા બુઝુર્ગો સાથે મુલાકાત કરી. એક દિવસ શયખ મુહમ્મદ સીવિસ્તાનીની ખિદમતમાં હાજર હતો જે સાહિબે વિલાયત બુઝુર્ગ હતા. સુલૂકના બારામાં ચર્ચા શરૂ થઈ. દુરવેશ આપસમાં ચર્ચા કરી રહ્યા હતા એટલામાં એક શખ્સ આવીને આદાબ બજાવી લાવ્યો અને બેસી ગયો. ખ્વાજા મુહમ્મદ સીવિસ્તાનીએ એના તરફ જોતાં જ દુરવેશોને ફર્માવ્યું કે હાજતમંદ આવ્યો છે. તે શખ્સે હા પાડી તો ફર્માવ્યું કે જાવ ! આ આયત (ઉપર મુજબની) પઢયા કરો. કેટલાક સમય બાદ તેના ત્યાં પુત્ર પેદા થયો જેણે ઉઘાડા પગે ૭૦ હજો કરી અને સાહિબે સજ્જાદા બન્યો.

## કયામતમાં નેકોની સફમાં જગા મેળવો

ત્યારબાદ ફર્માવ્યું કે કશ્શાફમાં મેં લખેલું જોયું છે કે જ્યારે કોઈ શખ્સ નેક મર્દોના વર્તુળમાં કયામતના રોજ પહોંચવા ચાહે તો આ આયત ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે :–

رَبَّنَا وَ اٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَ لَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿١٩٤﴾

"હે અમારા રબ ! અને અમને આપ તે જેનો તેં અમને વાયદો કર્યો છે તારા રસૂલોના થકી, અને અમને કયામતના દિવસે બેઈજ્જત ન કર. બેશક ! તું વાદાખિલાફી નથી કરતો."

*–(સૂરએ આલે ઈમરાન, ૩/૧૯૪)*

પછી એક હિકાયત વર્ણવી કે એક શખ્સ બુખારામાં ખૂબ જ બદ્કાર હતો. જ્યારે મરી ગયો તો ખ્વાબમાં તેને લોકોએ જોયો કે

અલ્લાહ તઆલાના દોસ્તો તથા અવલિયામાં ઉભેલો છે. આશ્ચર્ય પામીને કારણ પૂછયું તો કહ્યું કે તફસીરે કશ્શાફમાં લખેલું જોયું હતું કે જે શખ્સ આ આયત પઢે (ઉપરવાળી) તો અલ્લાહ તઆલા નેક મર્દોથી મેળવી દે છે. મેં સાચી નિય્યતથી આ આયત પઢી હતી, તો અલ્લાહ તઆલાએ જે ખૂબ જ માફ કરનારો છે તેણે મારી આ ફર્માંબરદારી કૃબૂલ કરી લીધી અને મને બખ્શી આપ્યો અને હુકમ થયો કે એમનામાં જઈને ભળી જાવ.

## જાલિમોની ચુંગાલથી બચવા માટે

પછી ફર્માવ્યું કે જ્યારે કોઈ જાલિમોની સોહબતથી નજાત પામવા ચાહે તો તેણે આ આયત ખૂબ જ અધિક પ્રમાણમાં પઢવી જોઈએ :–

رَبَّنَآ اَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَا ۚ وَاجْعَلْ
لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا ۚ وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا ﴿٧٥﴾

"હે અમારા રબ ! અમને આ વસ્તીથી કાઢ જેના લોકો જાલિમ છે અને અમને તારી પાસેથી કોઈ હિમાયતી આપી દે, અને અમને તારી પાસેથી કોઈ મદદગાર આપી દે." *( સૂરએ નિસાઅ, ૪/૭૫)* આ આયત પઢનારાઓને પોતાના દોસ્તોની સોહબતની નેઅમત અર્પણ કરે છે અને હમેશાં ફતહ તથા નુસ્રત નસીબ કરે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ગુલ બયાબાનીની જંગમાં આજિઝ આવી ગયા તો પયગંબરે ખુદા ﷺની તરફ લખ્યું કે જે જંગની શરતો હતી તે

સર્વ પર મેં અમલ કર્યો છે. જ્યારે આ પત્ર પહોંચ્યો તો આં હઝરત ﷺ રંઝીદા થયા. તરત જ જિબ્રઈલ علیہ السلام આ આયત (ઉપર મુજબની) લઈને આવ્યા. આં હઝરત ﷺએ એ આયત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને લખી મોકલી કે સતત એને પઢયા કરો. અલ્લાહ તઆલાએ એ આયતની બરકતથી ફતહ તથા નુસ્રત અતા કરી જેથી ગુલ બયાબાનીને બીજા દિવસે જીવતો મદીનામાં પકડી લાવ્યા.

## રોજીમાં બરકત તથા રહમત પામો

પછી ફર્માવ્યું કે મૌલાના બુરહાનુદ્દીનની તફસીરમાં સાહિબે હિદાયા લખે છે કે જ્યારે કોઈ શખ્સ ચાહે કે તેના પર બરકત તથા રહમત નાઝિલ થાય, રોજીમાં વૃદ્ધિ થાય, અને કોઈનો મોહતાજ ન થાય તો આ આયત પઢે :–

اَللّٰهُمَّ رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً مِّنْكَ ۚ وَارْزُقْنَا وَاَنْتَ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿١١٤﴾

"હે અમારા રબ ! અમારા પર આસ્માનથી એક ખ્વાન ઉતાર કે તે અમારા માટે ઈદ બને અમારા આગલા પાછલાઓની, અને તારી તરફથી નિશાની. અને અમને રોજી આપ અને તું સૌથી બેહતર રોજી આપનારો છે." *(સૂરએ માઈદા, ૫/૧૧૪)*

ત્યારબાદ ફર્માવ્યું કે આ આયત મૂસા علیہ السلامની કૌમના હક્કમાં હતી. સૌ ગુમરાહીના કારણે નાશુક્ર ગુઝાર થયા તો અલ્લાહ તઆલાએ તેમને સુવ્વર તથા રીંછની શકલમાં ફેરવી દીધા.

## જાલિમોથી બચવાનો અમલ

ત્યારબાદ ફર્માવ્યું કે જયારે કોઈ શખ્સ દુનિયા તથા આખેરતમાં જુલ્મવાળાઓથી મળવા ન ચાહે તો આ આયત :

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٨٥﴾

''ઈલાહી! અમને જાલિમ લોકોના માટે આઝમાઈશ ન બનાવ.'' *(સૂરએ યૂનુસ, ૧૦/૮૫)*

પછી ફર્માવ્યું, જે શખ્સ ચાહે કે તેની જિંદગી ખૈર તથા સલામતી તથા ઈમાનની સાથે પસાર થાય તો આ આયત પઢે :–

رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّ ثَبِّتْ اَقْدَامَنَا وَ انْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٥٠﴾

''હે અમારા રબ ! અમારા પર સબ્ર નાખ અને અમારા પગો જામેલા રાખ, કાફિર લોકો પર અમારી મદદ કર.''

*(સૂરએ બક્રહ, ૨/૨૫૦)*

ત્યારબાદ ફર્માવ્યું કે એક મર્દ કોઈ જાલિમના હાથે ગિરફતાર થયો અને તેણે આ આયત પઢી :–

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٨٥﴾ وَ نَجِّنَا بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٨٦﴾

''ઈલાહી ! અમને જાલિમ લોકોના માટે આઝમાઈશ ન બનાવ. અને પોતાની રહમત ફર્માવીને અમને કાફિરોથી નજાત આપ.''*(સૂરએ યૂનુસ, ૧૦/૮૫, ૮૬)* તો નજાત મળી. જયારે ચાહે

કે મુસલમાન થઈને મરે અને પોતે નેક મર્દોમાં મળે તો આ આયત :

فَاطِرَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ اَنْتَ وَلِيّٖ فِي الدُّنْيَا وَ الْاٰخِرَةِ ۚ تَوَفَّنِيْ مُسْلِمًا وَّ اَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ۝

''હે આસ્માનો તથા જમીનને બનાવનારા ! તું મારું કામ બનાવનારો છે દુનિયા, તથા આખેરતમાં, મને મુસલમાન ઉઠાડ, અને એમની સાથે મિલાવ જે ખાસ કરી નઝદીકીના લાયક છે.''

–(સૂરએ યૂસુફ, ૧૨/૧૦૧)

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે યૂસુફ عليه السلام તથા યાકૂબ عليه السلام ભેગા થયા તો થોડીવાર પછી યૂસુફ عليه السلامએ સજદામાં પડીને આ પ્રમાણે પઢયું : (આયત ઉપર મુજબની) અને ચોધાર આંસૂંએ રડવા લાગ્યા અને અર્ઝ કરી કે મને બાદશાહી તો અર્પણ કરી છે, પરંતુ એ મારી ખ્વાહિશ ન હતી એ તારી મરજી હતી. હે પરવરદિગાર ! ક઼યામતના દિવસે મને બાદશાહોમાં ન ઉઠાવતો, મુઝ બિચારામાં એ શક્તિ નથી કે તું મારો હશ્ર બાદશાહોમાં કરે.

## શૈતાન જિન તથા શિર્કથી બચવાનો અમલ

જો કોઈ શખ્સ ભૂતપ્રેત (શૈતાન જિન)થી તથા દુશ્મનોની બુરાઈથી અમ્નમાં રહેવા ચાહે અને મૂર્તિપૂજામાં સપડાવાથી (શિર્કથી) બચવા ચાહે તો આ આયત ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે :–

رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ اٰمِنًا وَّ اجْنُبْنِيْ وَ بَنِيَّ اَنْ نَّعْبُدَ الْاَصْنَامَ ۝

''મારા રબ ! આ શહેરને અમાનવાળુ કરી આપ, અને મને

તથા મારા પુત્રોને મૂર્તિપૂજાથી બચાવ.'' *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૩૫)*

ત્યારબાદ ફર્માવ્યું કે, આ આયત એ રીતે નાઝિલ થઈ કે એકવાર રસૂલે ખુદા ﷺ સહાબાએ કિરામને નસીહત કરી રહ્યા હતા એ અરસામાં એક ગામડાવાસી આવ્યા અને સલામ પછી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને કોઈ એવી વાત બતાવો જેના સબબે હું તથા મારી ઔલાદ મૂર્તિપૂજાથી બચી જઈએ. આં હઝરત ﷺ ખામોશ રહ્યા, એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلام આ આયત (ઉપરોક્ત) લઈને આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુકમ થયો છે કે આ આયત તે ગામડાવાસીને આપો જેથી યાદ કરીને ખૂબ જ અધિક પ્રમાણમાં પઢયા કરે, અલ્લાહ તઆલા તેને મૂર્તિપૂજાથી બચાવશે.

## કાફિરોના પ્રભાવથી બચવા માટે

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ કાફિરોના પ્રભાવથી બચવા ચાહે તે આ આયત પઢે :–

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِيْنَ كَفَرُوْا وَ اغْفِرْ لَنَا رَبَّنَا ۚ
اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝

''હે અમારા રબ ! અમને કાફિરોની આઝમાઈશમાં ન નાખ, અને અમને બખ્શી આપ. હે અમારા રબ ! બેશક ! તું જ ઈજ્જત તથા હિકમતવાળો છે.'' *(સૂ. મુમ્તહિના, ૬૦/૫)*

અને જ્યારે ચાહે ઈમાની નૂર એના દિલમાં કામિલ થઈ જાય તો આ આયત ખૂબ જ અધિક પ્રમાણે પઢે :–

رَبَّنَآ اَتۡمِمۡ لَنَا نُوۡرَنَا وَ اغۡفِرۡ لَنَا اِنَّكَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ﴿۸﴾

"હે અમારા રબ ! અમારા માટે અમારુ નૂર પૂર્ણ કરી દે, અને અમને બખ્શી આપ. બેશક ! તને દરેક ચીજ પર કુદરત છે." *(સૂ. તહરીમ, ૬૬/૮)*

ત્યારબાદ મારી તરફ સંબોધીને ફર્માવ્યું કે આ સર્વ કાંઈ તમારા પ્રોત્સાહન માટે છે કે પીર મુરીદને સંવારનારો હોય છે. જ્યાં સુધી મુરીદને સંપૂર્ણપણે સર્વ ગંદકીઓની સાફ ન કરે અને તરીકૃતની રાહ પર ચાલવા માટે તેને પાક ન કરે ત્યાં સુધી સમજી લો કે તે બીચારો ગુમરાહીમાં રહેશે અને કદાપિ તેમાંથી નીકળી શકશે નહીં.

## જન્નતી થવાની દુઆ

ત્યારબાદ ફર્માવ્યું કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે જે શખ્સ આ દુઆને દિવસમાં એકવાર પઢે, જો એ દિવસે મરી જાય તો બહિશ્તી (જન્નતી) થશે અને એ રાતે પણ મરે તો બહિશ્તી થશે. તે દુઆ આ છે :–

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ۔ لَا اِلٰهَ اِلَّا اَنۡتَ خَلَقۡتَنِىۡ وَاَنَا عَبۡدُكَ وَاَنَا عَلٰى عَهۡدِكَ وَوَعۡدِكَ مَا اسۡتَطَعۡتُ اَعُوۡذُبِكَ مِنۡ شَرِّ مَا صَنَعۡتُ اَبُوۡءُ لَكَ ۔ بِذَ نۡبِىۡ فَاغۡفِرۡلِىۡ فَاِنَّهٗ لَا يَغۡفِرُ الذُّنُوۡبَ اِلَّا اَنۡتَ بِرَحۡمَتِكَ يَا اَرۡحَمَ الرّٰحِمِيۡنَ ۔

ત્યારબાદ ફર્માવ્યું કે અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં આ

દુઆ બાબતે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે. દરેક ફર્ઝ નમાઝ પઢી અચૂક પઢું છું.

પછી ફર્માવ્યું કે વફાત બાદ લોકોએ ખ્વાબમાં જોઈને આપને પૂછયું કે અલ્લાહ તઆલાએ આપની સાથે કેવો સુલૂક કર્યો ? ફર્માવ્યું, બખ્શી આપ્યો અને એ દુઆની બરકતથી જે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવી હતી મને જન્નત અતા ફર્માવી.

## બલાઓથી બચવાની દુઆ

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ દરરોજ રાત સુધી આ દુઆ પઢે તો એની બરકતથી એ દિવસની બલાઓ એનાથી દૂર થઈ જશે. જ્યારે મુસીબત આસમાનથી નાઝિલ થાય છે તો આ દુઆ પઢવાવાળાથી દૂર જ રહે છે. જો તે શખ્સમાં સચ્ચાઈ તથા ઈખ્લાસ ન હોય તો દુઆને રદ કરીને એ શખ્સ પર નાઝિલ થાય છે. મેં આ ખાસ શૈખુલ ઈસ્લામ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہથી સાંભળ્યું છે કે માણસે કોઈ પણ હાલતમાં દુઆ કરવા અને શફીઅ બનાવવાથી ખાલી ન રહેવું જોઈએ.

પછી ફર્માવ્યું કે અબૂ તાલિબની કુવ્વતુલ કુલૂબમાં લખેલું છે કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે જે શખ્સ આ દુઆને પઢે તો રાત સુધી તેને કોઈ મુસીબત નથી પહોંચતી. તે દુઆ આ છે :–

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمَ ۔ اَنۡتَ رَبِّىۡ لَااِلٰهَ اِلَّا اَنۡتَ
عَلَيۡكَ تَوَكَّلۡ وَاَنۡتَ رَبُّ الۡعَرۡشِ الۡعَظِيۡمِ مَاشَاءَ اللّٰهُ كَانَ
وَلَمۡ يَشَاءۡ لَمۡ يَكُنۡ اَشۡهَدُ اَنۡ لَّا اِلٰهَ اِلَّا للّٰهُ وَاعۡلَمۡ اَنَ اللّٰهَ
عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٍ ۔ وَاَنَ اللّٰهَ قَدۡ اَحَاطَ لِكُلِّ شَىۡءٍ

عِلْمًا وَاَحْصٰ كُلَّ شَىْءٍ عَدَدًا وَاِنِّىْ اَعُوْذُبِكَ مِنْ شَرِّ نَفْسِىْ وَمِنْ شَرِّ غَيْرِىْ وَمِنْ شَرِّ كُلِّ دَابَّةٍ اَنْتَ اَخَذَ بِنَا صِيَتِهَا اِنَّ رَبِّىْ عَلٰى صِرَاطٍ مُسْتَقِيْمٍ۔

## ઝહેર પણ અસર કરશે નહીં !

ત્યારબાદ ફર્માવ્યું કે કાઝી ઈમામ શઅબી رحمۃ اللہ علیہ પોતાના કિફાયહમાં લખે છે કે બની ઈસ્રાઈલના એક બુઝુર્ગને ત્યાં એક યુવાન લોંડી હતી અને તે પોતે વૃધ્ધ હતો. તે લોંડીએ તેનાથી આજિઝ આવીને ઘણીવાર લોકોને શિકાયત કરી કે હું શું તદબીર કરું જેના સબબથી આ વૃધ્ધથી મુક્ત થાઉં. તેની પડોસમાં એક વૃધ્ધા રહેતી હતી. તેણીએ કહ્યું, હું એ મકસદના માટે તને હળાહળ ઝહેર આપીશ તેને કૂજામાં નાખીને ઈફતારના સમયે તેને આપી દેજે. તે લોંડી રાહ જોતી રહી કે હમણા વૃધ્ધ ઝાહિદ મરી જશે, હમણા મરશે. જ્યારે દિવસ થયો તો લોંડીએ અતિ વ્યાકૂળપણે આ હકીકત ઝાહિદ સંભળાવી દીધી કે ચાહે રાખ ચાહે માર ! કે મેં તો તને ઝહેર આપ્યું હતું પરંતું એણે કાંઈ અસર ન કરી ?! ઝાહિદે સસ્મિત વદને ફર્માવ્યું, હું એક દુઆ પઢુ છું, જે એને પઢે છે સર્વ બલાઓથી બચેલો રહે છે. તે દુઆ આ છે :–

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۔ بِسْمِ اللّٰهِ خَيْرًا لَا سَمَاءِ بِسْمِ اللّٰهِ رَبِّ الْاَرْضِ وَرَبِّ السَّمَآءِ بِسْمِ اللّٰهِ الَّذِىْ لَا يَضُرُّ مَعَ اِسْمِهٖ شَىْءٌ فِى الْاَرْضِ وَلَا فِى السَّمَآءِ وَهُوَا السَّمِيْعُ الْعَلِيْمُ۔

## દુઆની કબૂલિયતની શરતો

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે દુઆની શરતો ઘણી છે. **પ્રથમ** શર્ત એ છે કે અલ્લાહના નામ સાથે શરૂ કરે, કેમ કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે, كُلُّ اَمْرٍذِی بَالٍ لَمْ يُبْدَأْ فِيهِ بِسْمِ اللّٰهِ فَهُوَاَبْتَرَ દરેક કામ પહેલાં બિસ્મિલ્લાહ પઢવી જોઈએ.

**બીજી** શર્ત એ છે કે પોતાનાં ઘરવાળાંઓને પાયલ (પગનાં ઝાંઝર)ના અવાજથી મના કરે★, કેમ કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે :–

اِنَّ اللّٰهَ لَا يَسْتَجِيْبُ دُعَاءِ قَوْمٍ يَرْضَوْنَ مِنْ نِّسَآءِ هِمْ
يَلْبُوْنَ خَا الْخَالَ مَعَ الصَّوْتِ۔

**(ભાવાર્થ)** : અલ્લાહ તઆલા તે કૌમની દુઆ નથી કબૂલ કરતો જેમની સ્ત્રીઓ અવાજ કરતા ઝાંઝર (પાયલ) પહેરે છે

**ત્રીજી** શર્ત એ છે કે તેના શરૂ તથા અંતમાં સદકો આપે. જેમ કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના સંબંધે રિવાયત છે કે આપને કાંઈક જરૂરત હતી જેના માટે આપ બાદશાહની પાસે ગયા. એક દુરવેશને સદકો આપીને ફર્માવ્યું કે દુઆ કરો મારી હાજત પૂરી થાય. એટલા માટે શર્ત એ છે કે જે શખ્સ બાદશાહની પાસે જાય

*★ જ્યારે પગના ઝાંઝરનો અવાજ ગૈર મર્દ સુધી ન જાય એની મના કરી તો ઔરતોનો ખુદનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે, અને તેણીનું શરીર પણ છુપાવવાની ચીજ છે. તો હવે જે ઘરની સ્ત્રીઓ બેપર્દા રહી ગૈર મેહરમો સામે આવતી હોય, બજારોમાં, શાદીના ફંકશનોમાં અંગપ્રદર્શન કરતી હોય તો પછી દુઆઓ કબૂલ કઈ રીતે થાય ?! અલ્લાહ નેક તૌફીક આપે. (આમીન)*

તે દરવાનને કાંઈક આપે. કેમ કે દુરવેશ અલ્લાહ તઆલાના દરવાન હોય છે, જ્યારે તેઓ ખુશ થશે તો હાજત પૂરી થઈ જશે. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

૧–મુહર્રમ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. અજોધન સર્વ રહેવાસીઓ નાના મોટા, મશાઈખ દુરવેશ તથા મિસ્કીન આવીને આપના દસ્તે મુબારક પર બોસો આપતા હતા. શેખ સાહબ મુસલ્લાની નીચે હાથ રાખીને જે કાંઈ કોઈની કિસ્મત હોતી તે આપતા. લોકો જે શીરીની લાવ્યા તેનો ઢગલો વળી ગયો. તેમાંથી થોડી થોડી દુરવેશોને આપતા. એ દિવસે શહેરનો કોઈ ગરીબ તથા મિસ્કીન ખાલી ન ગયો. આપની એ આદત હતી કે દર મહિનાની પહેલીએ આ રીતે કરતા.

ત્યારબાદ મુહમ્મદ અહમદ બલ્ખી જે વાસિલે હક્ક હતા તેમણે આવીને સલામ કરી અને બેસી ગયા. શયખુલ ઈસ્લામ મુરાકેબામાં હતા. એ જ વખતે ઝિક્ર કરવા લાગ્યા. એટલા પ્રમાણમાં ઝિક્ર કર્યો કે બેહોશ થઈને પડી ગયા. શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہનો ખિર્કો લાવીને આપના પર નાખવામાં આવ્યો. મોડેથી હોશમાં આવ્યા.

## મુહર્રમની ૧લી તારીખની ફઝીલત

પછી મોહરમની પહેલી બરકતવાળી તારીખની ફઝીલતના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે આ અશરા (દસ દિવસ)માં કોઈ અન્ય કામમાં મશગૂલ ન થવું જોઈએ. કેવળ ઈતાઅત, તિલાવત, દુઆ તથા નમાઝમાં રહેવું, એટલા માટે કે અશરામાં કહેર થયો છે અને ઘણી રહમતો પણ નાઝિલ થઈ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે શું તને ખબર નથી કે આ અશરામાં રસૂલે ખુદા ﷺ પર શું ગુજર્યું ? અને આં હઝરત ﷺના ફરઝંદ કેવી બેરહમીથી શહીદ કરવામાં આવ્યા. અમુક તરસની હાલતમાં શહીદ થયા અને બેદીનોએ તેમને પાણીનું એક ટીપુ પણ ન આપ્યું. જ્યારે શૈખુલ ઈસ્લામ આ ફર્માવી ચૂક્યા તો નારો મારી બેહોશ થઈને પડી ગયા. જ્યારે હોશમાં આવ્યા તો ફર્માવ્યું કે કેવા પાષાણ હૃદયી, બેદીન, બેઆકેબત, બેસઆદત તથા નિર્દયી હતા, જ્યારે કે તેમને ખબર હતી કે આ દીન તથા દુનિયા તથા આખેરતના બાદશાહના ફરઝંદ હતા છતાં તેમને ઘણી બેરહમીથી શહીદ કરવામાં આવ્યા. તેમને એ ખયાલ ન આવ્યો કે કયામતના દિવસે આ મોઢું રસૂલુલ્લાહ ﷺને કેવી રીતે દેખાડીશું ! પછી ફર્માવ્યું કે માહે મુહર્રમના શરૂમાં આ દુઆના માટે હુકમ થયો છે :–

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ـ اَللّٰهُمَّ اَنْتَ اللّٰهُ الْاَبَدِیُّ الْقَدِيْمُ وَهٰذِهٖ سَنَةٌ جَدِيْدَةٌ اَسْئَلُكَ فِيْهِ الْعِصْمَةَ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ وَالْاَمَانَ مِنَ الشَّيْطٰنِ وَمِنْ كُلِّ شَرِّدِيْنٍ وَمِنَ الْبَلَايَا وَالْاٰفَاتِ فَذٰلِكَ وَنَسْئَلُكَ الْعَوْنَ وَالْعَدَلَ عَلٰی هٰذِهِ النَّفْسِ الْاَمَّارَةِ بِالسُّوْءِ وَالْاِشْتِغَالَ بِمَا يُقَرِّبُنِیْ اِلَيْكَ يَا بَرُّ يَا رَؤُفُ يَا رَحِيْمُ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ـ

## ૭ રકાત નફલ નમાઝની ફઝીલત

પછી ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ મુઈનુદ્દીન હસન સંજરી

قدس سرہના અવરાદમાં લખેલું જોયું છે કે જે શખ્સ માહે મુહર્રમની પહેલી રાતે છ રકાત નમાઝ એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ ઈખ્લાસ દસવાર, સાહિબિય્યહ સહીહિયહની રિવાયત પ્રમાણે બે રકાત નમાઝ એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ યાસીન એકવાર પઢે તો અલ્લાહ તઆલા તેને જન્નતમાં બે હજાર મહેલ એવા અતા કરશે જેમાં દરેકમાં યાકૂતના બે હજાર દરવાજા હશે અને દરેક દરવાજા પર ઝબરજદના તખ્ત પર હૂર બેઠી હશે. તેના આમાલનામામાં લખવામાં આવે છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ઈમામ શઅબી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ના કિફાયહમાં લખેલુ જોયું છે કે જે શખ્સ આશૂરાના દિવસે ૧૦૦ વાર આ કલમો કહે અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી આઝાદ કરી આપે છે :–

لَآ اِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ يُحْيِى وَ يُمِيتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتَ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىءٍ قَدِيْرٌ لَا مَانِعَ بِمَا اَعْطَيْتَ وَلَا مُعْطِىَ لِمَا مَنَعْتَ وَ لَا رَادَّ لِمَاقَضَيْتَ وَلا يَنْفَعُ ذَالْجَدِّ مِنْكَ الْجَدُّ۔

અને પછી હાથ ચહેરા પર ફેરવે તો હક્ક઼ તઆલા તેને ગુનાહોથી એ રીતે પાક કરી દે છે કે જાણે હમણા માના પેટથી પેદા થયો છે. શયખુલ ઈસ્લામ આ જ ફવાઈદમાં હતા એવામાં નમાઝની અઝાન થઈ. આપ નમાઝમાં મશ્ગૂલ થઈ ગયા અને હું તથા લોકો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## આશૂરાના રોઝાની ફઝીલત

એ જ મહિનાની ૧૦ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદમ બોસીનો શરફ હાંસલ થયો. શખ્સે દહર શયખ જલાલુદ્દીન હાંસવી, શયખ બદરૂદ્દીન ગઝનવી અને અઝીઝ ખિદમતમાં હાજર હતા. આશૂરાના રોઝાની ફઝીલતના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આશૂરાના રોઝામાં જંગલની હરણીઓ રસૂલે ખુદા ﷺના ખાનદાનની દોસ્તીના સબબે પોતાનાં બચ્ચાંને દૂધ નથી આપતી, પછી શાથી એ રોઝાને ત્યજવામાં આવે ! જ્યારે પ્રાણીઓની આ હાલત છે તો આપણે શું કરવું જોઈએ ?!

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આશૂરાની રાતે ચાર રકાત નમાઝનો હુકમ છે. દરેક રકાતમાં સૂ. ફાતિહા એકવાર, આયતુલ કુર્સી ત્રણવાર અને સૂરએ ઈખ્લાસ ૧૦ વાર પઢવી જોઈએ. નમાઝથી ફારિગ થઈને ૧૦૦ વાર સૂરએ ઈખ્લાસ પઢવી જોઈએ.

## જે હાજત માગશે તે પામશે

ત્યારબાદ ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ શયખ ઉષ્માન હારૂની رحمة الله عليهના અવરાદમાં હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهની રિવાયતના પ્રમાણે આવ્યું છે કે આશૂરામાં સૂરજ નીકળતી વખતે બે રકાત નમાઝ અદા કરવી જોઈએ, અને જેટલા પ્રમાણમાં બની શકે એ રકાતોમાં પઢવું જોઈએ. એનો સવાબ બેહદ છે, ત્યારબાદ આ દુઆ પઢવી જોઈએ :–

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۔ یا اَوَّلَ الاَ وَّلِیۡنَ یَااٰخِرَ
الاٰخِرِیۡنَ لَا اِلٰہَ اِلَّااَنۡتَ اَوَّلُ مَا خَلَقۡتَ فِیۡ ھٰذَ الۡیَوۡمَ
وَتَخۡلُقُ اٰخِرَ مَا تَخۡلُقُ فِیۡ ھٰذَ الۡیَوۡمَ اَعۡطِنِیۡ فِیۡہِ خَیۡرًا
مَا اَوۡلَیۡتَ مَافِیۡہِ بِاَنۡبِیَائِکَ وَاَصۡفِیَائِکَ مِنَ التَّوَائِبِ
وَالۡبَلَایَاوَاَعۡطِنِیۡ مَا اَعۡطَانِیۡ فِیۡہِ مِنَ الۡکَرَامَۃِ بِحَقِّ
مُحَمَّدٍ عَلَیۡہِ السَّلَامُ۔

ત્યારબાદ ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃاللہعلیہના અવરાદમાં આપના હસ્તલિખિત જોયું છે કે આશૂરાના દિવસે છ રકાત નમાઝ આ ઝુલજિલત, સૂ. ઈખ્લાસ મુઅવ્વઝતૈન સૌ એક એકવાર પઢે. નમાઝથી ફારિગ થઈને સજદામાં માથુ રાખીને સૂરએ કાફિરૂન પઢે, જે હાજત માગશે તે પામશે.

ત્યારબાદ ફર્માવ્યું કે ત્યાં એ પણ લખેલું જોયું કે આશૂરામાં ૭૦ વાર :–

حَسۡبُنَا اللّٰہُ وَنِعۡمَ الۡوَکِیۡلُ۔ نِعۡمَ الۡمَوۡلٰی وَنِعۡمَ النَّصِیۡرُ

*(હસ્બિયલ્લાહુ વ નિઅ્મલ વકીલ નિઅ્મલ મૌલા વ નિઅ્મન્ નસ઼ીર)* કહે તો અલ્લાહ તઆલા તેને બખ્શી દેશે અને તેનું નામ અવલિયા તથા મશાઈખે કેબારમાં લખશે.

## કફનચોરની ઝબાની કબ્રોવાળાઓની કહાની

પછી એ મોકા પર ફર્માવ્યું કે પહેલાંના જમાના એક કફન ચોર જેણે લગભગ બે હજાર બસો માણસોનાં કફનો ચોર્યાં. છેવટે જ્યારે એ કામથી તૌબા કરી તો ખ્વાજા હસન બસરી رحمۃاللہعلیہના

હાથ પર તૌબા કરી. ખ્વાજા સાહબે પૂછયું કે જેમનાં તેં કફનો ચોર્યાં તેમની હાલત વર્ણન કર. અર્ઝ કરી, જો સર્વનું વર્ણન કરીશ તો લાંબુ ચાલશે જેથી અમુકનો હાલ જણાવી આપુ છું. અર્ઝ કરી, જ્યારે એક કબર મેં ખોદી તો તેમાં કાળા ચહેરાવાળો માણસ હતો. જોયું કે તેના પગોમાં આગની બેડીઓ તથા હાથકડીઓ છે અને તેની જીભથી લોહી તથા પરુ વહે છે અને તેના પેટથી ગંદકીની એટલા પ્રમાણમાં દુર્ગંધ આવે છે લોકો નફરત કરે. જ્યારે હું ત્યાંથી પરત થયો તો એ માણસે અવાજ આપ્યો કે ક્યાં જાવ છો, જરા મારો હાલ સાંભળતા જાવ કે હું શું કરતો હતો કે જેના લીધે આ મુસીબતમાં સપડાયેલો છું. હું પાછો વળ્યો તો ફરિશ્તા અઝાબની સાંકળો લગાડીને બેઠા હતા. મેં એનો હાલ પૂછયો કે તું કોણ છે ? કહ્યું, **હું મુસલમાન છું પરંતું ઝિનાખોર તથા શરાબી હતો.** કેમ કે દુનિયામાં મસ્ત રહેતો હતો એટલા માટે મારી આ હાલત છે.

## બેનમાઝી તથા નાફર્માનની કબરનો મન્ઝર !

પછી બીજા એક દિવસે એક કબર ખોદી તો મુડદાને જોયું કે કાળા મોઢાવાળો ઉભો છે અને તેની આસપાસ આગ છે જેમાં એને સળગાવવામાં આવી રહ્યો છે. તેની જીભ બહાર નીકળેલી હતી અને તેની ગરદનમાં ઝંજીરો પડેલી હતી. જેવો મને જોયો તો કહેવા લાગ્યો, ખ્વાજા ! મને થોડુ સરખુ પાણી આપજો કે હું તરસનો માર્યો તંગ આવી ગયો છું. મેં મદદ કરવા ચાહ્યું તો ફરિશ્તાઓએ લલકાર્યુ કે ખબરદાર ! એને પાણી ન આપશો ! આ નમાઝોને ત્યજનારો છે ! અલ્લાહ તઆલાનો હુકમ છે કે તેને પાણી આપવામાં ન આવે. પછી મેં તેને પૂછયું કે દુનિયામાં તું શું કામ

કરતો હતો ? કહ્યું, હતો તો મુસલમાન ! પરંતું મેં કદી અલ્લાહ તઆલાના હુકમોનું પાલન નથી કર્યું.

## આશૂરામાં નમાઝ પઢવાની બરકત

એ જ પ્રમાણે અન્ય મુડદાંને પણ મેં અઝાબમાં સપડાયેલાં જોયાં. ત્યારબાદ એક અન્ય કબર ખોદી તો એક અતિશય ખૂબસૂરત યુવાન જોયો જેની આસપાસ હરીયાળી ઉગેલી છે અને પાણીની નહેરો વહે છે, અને તેની સામે જન્નતી હૂરો તખ્ત પર બેઠેલી છે. મેં પૂછયું, હે જવાન ! તું કોણ છે અને દુનિયામાં શું શું કરતો હતો ? અને આ દરજો તને કયા સબબે મળ્યો છે ? કહ્યું, હે ખ્વાજા ! હું તારી જેમ હતો, પરંતું એક ઝાકિરથી મેં સાંભળ્યું કે જે શખ્સ માહે મુહર્રમમાં આશૂરાના રોજ છ રકાત નમાઝ અદા કરે, તો અલ્લાહ તઆલા તેને બખ્શી આપે છે. મેં એ નમાઝ ત્યારબાદ હમેશાં અદા કરી તો અલ્લાહ તઆલાએ તેની બરકતથી મને બખ્શી આપ્યો.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલે ખુદા ફર્માવે છે કે જે શખ્સ આશૂરાના દિવસે કે રાતે ચાર રકાત નમાઝ રબ તઆલાની ખુશ્નુદીના માટે અદા કરે છે તેને અલ્લાહ તઆલા મુન્કર નકીરના સવાલોથી બચાવી લે છે, અને તેને ખુશ કરે છે.

## મુજાહિદાના વિશે ચર્ચા

૨૭ સફર હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. મુજાહિદાના બારામાં ચર્ચા થઈ રહી હતી. અઝીઝાને અહલે સુલૂક ખિદમતમાં હાજર હતા. જેમ કે શયખ બુરહાનુદ્દીન તોંસવી, તહૂર લાહોરી, શયખ જમાલુદ્દીન હાંસવી رحمۃ اللہ علیہم اجمعین અને ખાનદાને

ચિશ્તના કેટલાક સૂફી આવેલા હતા. ફર્માવ્યું કે જ્યારે ખ્વાજા બાયઝીદ رحمۃ اللہ علیہથી મુજાહિદાના બારામાં પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે હું ૨૦ વરસો સુધી આલમે તફક્કુર (વજદાની કૈફિયત)માં આસમાનની તરફ આંખો લગાડી ઉભેલો રહ્યો, અને વીસ વરસમાં મને યાદ નથી કે હું બેઠો, ઉઠયો કે સૂતો છું. (જો કે આ કૈફિયતવાળા બુઝુર્ગો નમાઝના સમયે હોશમાં આવી નમાઝ પઢતા હોય છે જેવું કે કિતાબોમાં આવેલું છે. –અનુવાદક) જેથી પગોમાંથી લોહી વહેવા લાગ્યું અને પગની પીઠ ફાટી ગઈ. ત્યારબાદ બે વરસ અધિક આલમે મહ્વમાં રહ્યો. આ બે વરસમાં નફસને પેટ ભરીને પાણી ન આપ્યું. હા ! અઠવાડિયે મહિને બે દિરહમ જેટલુ પાણી આપતો. ત્યારબાદ જ્યારે મારું કામ કમાલ પર પહોંચ્યું તો ફરી દસ વરસો સુધી પેટ ભરીને પાણી ન આપ્યું. ત્યારબાદ નફસને મીઠી દાડમની ઈચ્છા થઈ તો હું વાયદામાં ટાળતો રહ્યો. જેથી નફસ દસ વરસ સુધી એ જ ઈચ્છા કરતો રહ્યો અને ફરિયાદ કરતો રહ્યો કે તું મને હજી ક્યાં સુધી મારીશ ? મેં કહ્યું, મારા અંતિમ શ્વાસ સુધી ! જો હું મારો મુજાહિદો વર્ણવું તો તમારામાં સાંભળવાની શક્તિ નથી. જે મામલાઓ મેં મારા નફસ સાથે કર્યા તે કહેવાથી સંપૂર્ણપણે વર્ણન નથી થઈ શકતા. સારાંશ કે જ્યારે ૭૦ વરસો આ રસ્તામાં પસાર થઈ ગયાં તો પછી હિજાબ (પર્દા) દરમ્યાનથી ઉઠી ગયો, અવાજ આવ્યો અંદર આવી જાવ ! તેં અમારા કામમાં કોઈ ઉણપ નથી કરી હવે અમારા પર વાજિબ છે કે તારા પર તજલ્લી કરીએ જ્યારે આ અવાજ સાંભળ્યો તો નારો મારીને જાન યારના હવાલે કરી.

ત્યારબાદ શયખુલ ઈસ્લામ قدس سرہએ ફર્માવ્યું કે ખ્વાજા

બાયઝીદ બુસ્તામી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ની જાન આપવાની કૈફિયત આ જ હતી. પછી ફર્માવ્યું કે જે મુજાહિદો કરે છે તે મુશાહિદો (અનુભવ) પણ કરે છે. ત્યારબાદ આ શેઅર પણ પઢયો :–

*દર કૂએ આશિકાં ચુનાં જાન બદહન્દ*
*કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ*

ત્યારબાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગને પૂછવામાં આવ્યું કે મુજાહિદા શું છે ? ફર્માવ્યું, નફસને બુરી હાલતમાં તરસાવી તરસાવીને મારવું, એટલે કે જે તેની ખ્વાહિશ હોય તે એને ન આપવામાં આવે. જે એની આરઝૂ હોય તે પૂરી કરવામાં ન આવે, બલ્કે તરસાવવામાં આવે. અને જે તાઅત (આજ્ઞાપાલન) પર નફસ રાજી ન હોય તે જ તાઅત કરે.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા યૂસુફ પુશ્તી قدس سره પોતાના નફસને કહ્યા કરતા હતા કે હે નફસ! જો તું આજની રાત મારી વાત માને તો બે રકાતમાં કુર્આન મજીદ ખત્મ કરી લઉં. એક દિવસ નફસને કહ્યું તો ન માન્યું. બીજા દિવસે દુઆ કરી અને નિશ્ચય કરી લીધો કે ૨૦ વરસ સુધી નફસને પેટ ભરીને પાણી આપીશ નહીં. એ રાતે આળસ એટલા માટે કર્યું કે નફસને પેટ ભરીને પાણી આપવામાં આવ્યું હતું.

પછી ફર્માવ્યું કે શાહ શુજાઅ કિર્માની رحمۃ اللہ علیہ ૪૦ વરસો સુધી ન સૂતા ત્યાર બાદ એક રાત સૂતા તો હઝરતે ઝુલ જલાલનો ખ્વાબમાં દીદાર કર્યો. ત્યારબાદ જ્યાં જતા ખ્વાબનાં કપડાં સાથે લઈ જતા અને સૂઈ જતા કે એ દૌલત ફરી નસીબ થાય. ગયબથી

અવાજ આવ્યો., હે શાહ શુજાઅ ! એ ૪૦ વરસોની બેદારી (જાગીને ઈબાદત)નું ફળ હતું, જેવું પહેલાં કર્યું હતું તેવું જ કર તો ફરી તમને એ દૌલત નસીબ થશે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે અશ્રુમય ચહેરે ફર્માવ્યું કે, ''જ્યારે ખ્વાજા શાહ શુજાઅ رحمۃ اللہ علیہનો અંતિમ સમય નજીક થયો તો જે દિવસે આપનો ઈન્તેક઼ાલ થવાનો હતો તે દિવસે હજાર રકાત નમાઝ અદા કરી અને મુસલ્લા પર સૂઈ ગયા અને હઝરત ઝુલજલાલનો બે વાર દીદાર થયો કે શાહ શુજાઅ ! હમણા આવવા ચાહો છો કે કેટલાક દિવસ રોકાવા ચાહો છો ? અર્ઝ કરી, યા ઈલાહી ! હવે રહેવાની જગા નથી, હું આવવા ચાહું છું, એ જ અરસામાં આંખ ખુલી તો વુઝૂ કરીને બે રકાત અદા કરી. ઈશાનો સમય હતો. માથુ સજદામાં રાખીને અલ્લાહની રહમતમાં પહોંચી ગયા.'' શયખુલ ઈસ્લામ નારો મારીને બહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો આ શેઅર પઢયો :

***દર કૂએ આશિકાં ચુનાં જાન બહન્દ***
***કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ***

## બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો મુજાહિદો

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે તમારા મુજાહિદા બાબતે કોઈ વાત સંભળાવો ! ફર્માવ્યું, જો હું મારા મુજાહિદાના બારામાં સર્વ કાંઈ સંભળાવું તો સાંભળી નહીં શકો ! અલ્બત્ત જે મામલો મેં નફસ સાથે કર્યો છે એમાંથી થોડુક સરખુ સંભળાવું છું. તે એ કે એક રાતે નફસને મેં

ઈબાદત માટે કહ્યું તો તેણે સુસ્તી કરી. તેનું કારણ એ હતું કે એ દિવસે આદતથી વધુ ખજૂરો ખાય ગયો હતો. ટૂંકમાં એ કે નફસે કહ્યું ન માન્યું. જ્યારે દિવસ થયો તો મેં નિશ્ચય કરી લીધો કે હું અમુક મુદ્દત સુધી ખજૂરો ખાઈશ નહીં. જેથી પંદર વરસો સુધી નફસને કાંઈ ન આપ્યું અને આરઝૂમાં જ રહ્યો. ત્યારબાદ નફસે કહ્યું કે જે કાંઈ તું કહીશ હું પાલન કરીશ ! તે વખતે મેં તેને ખજૂર આપી તો એવો ફર્માંબરદાર થઈ ગયો કે જે કાંઈ તેને કહેતો તેનું પાલન કરતો બલ્કે એનાથી અધિક અમલ કરતો.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہ ને લોકોએ પૂછયું કે મુજાહિદામાં આપે ક્યાં સુધી પ્રગતિ કરી છે ? ફર્માવ્યું બે બે ત્રણ ત્રણ વરસો સુધી નફસને પાણી ન આપ્યું. દસ વરસો ગુજરી ગયા છે, કદી નફસને પેટ ભરીને પાણી નથી આપ્યું. અને રાતે જ્યાં સુધી બે વાર કુર્આન ખત્મ નથી કરી લેતો ત્યાં સુધી અન્ય કામમાં મશગૂલ નથી થતો.

ત્યારબાદ ખ્વાજા ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہ ની બાબતે ફર્માવ્યું કે ખ્વાજા સાહબ એક રોજ સાથીઓ સાથે બેઠેલા હતા અને અવલિયાના મૃત્યુના બારામાં ચર્ચા શરૂ થઈ. એટલા એક ખૂબસૂરત જવાન લીલા પોશાકમાં એક સફરજન લઈને આવ્યો અને આદાબ પેશ કરીને બેસી ગયો. ખ્વાજા સાહબ ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہ દરેક વખતે ફર્માવતા કે, ''ખુશ આમદી વ નેકોઆમદી વસાફા આમદી''. થોડીવાર પછી તે સફરજન ખ્વાજા સાહબને આપ્યું. ખ્વાજા સાહબે બંનેવ હાથો વડે સફરજન લીધું અને સ્મિત કરીને કહ્યું કે તમે ચાલ્યા જાવ. હવે તે ચાલ્યો ગયો તો લોકોને પણ વિદાય કર્યા. કેટલીક વાર પછી કિ઼બ્લા તરફ મોં કરીને કુર્આન

મજીદ પઢવાનું શરૂ કર્યું. જેવું કુર્આન મજીદ ખત્મ કર્યું અને તે સફરજનને સૂંઘ્યું અને જાન અલ્લાહના માર્ગમાં સુપરત કરી દીધી.

ત્યારબાદ આપનો જનાઝો મસ્જિદ પાસે લાવવામાં આવ્યો જેથી નમાઝે જનાઝા અદા કરવામાં આવે. તે વખતે અઝાન થઈ રહી હતી. જ્યારે મોઅઝ્ઝિન اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ "અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ) પર પહોંચ્યો તો ખ્વાજા સાહબે કફનથી હાથ બહાર કાઢીને શહાદતની આંગળી ઉઠાવીને ફર્માવ્યું, اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ "અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ" આંગળી મુબારક ઉભી રહી. લોકોએ ખૂબ જોર લગાડયું કે કોઈ રીતે નીચી થાય પણ ન થઈ શકી. અવાજ આવ્યો કે જે આંગળીને ઝુન્નૂને હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના નામ પર ઉભી કરી છે તે જ્યાં સુધી આં હઝરત ﷺનો દસ્તે મુબારક પકડી નહીં લે ત્યાં સુધી નીચે નહીં થાય. ત્યારબાદ શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડયા અને આ શેઅર પઢયો :–

*દર કૂએ આશિકાં ચુનાં જાન બહન્દ*
*કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ*

## ઈસ્લામનો વિરોધી યહૂદી મુસલમાન બની ગયો

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જ્યારે ખ્વાજા સહલ તુસ્તરી બિન અબ્દુલ્લાહ તુસ્તરી رحمۃ اللہ علیہ વિસાલ પામ્યા તો જનાઝો બહાર લાવવામાં આવ્યો. યહૂદીઓના ગિરોહનો એક સરદાર જે ખૂબ જ મુન્કિર (ઈસ્લામનો વિરોધી) હતો. તે ઉઘાડા

પગે જનાઝાની નજીક આવ્યો અને કહ્યું, જનાઝો નીચે ઉતારો જેથી હું મુસલમાન બનું. જેથી જ્યારે જનાઝો નીચે ઉતારવામાં આવ્યો તો તે યહૂદી હઝરત ખ્વાજા તુસ્તરીની પાસે ઉભો થઈ ગયો અને અર્ઝ કરી કે ખ્વાજા સાહબ ! મને કલમાની તલ્કીન કરો જેથી હું મુસલમાન થઈ જાઉં. તે સરદાર અન્ય યહૂદીઓની સાથે આવ્યો હતો. આ સાંભળીને ખ્વાજા સાહબે કફનથી હાથ બહાર કાઢયો અને આંખ ખોલીને ફર્માવ્યું :

اَشْهَدُاَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ
مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ

કહો ! જેવું તેણે કહ્યું તો ફરી કફનમાં હાથ કરી લીધો અને આંખો મીચી લીધી. યહૂદી મુસલમાન થઈ ગયો તો લોકોએ તેને કારણ પૂછયું તો કહ્યું, "જે વખતે તમો જનાઝો લઈને બહાર આવી રહ્યા હતા, મેં આસ્માન તરફ જોયું તો સખત અવાજ સાંભળ્યો. મેં કહ્યું કે આ કેવો અવાજ છે ? જ્યારે બીજી બાજુ આસ્માન તરફ જોયું તો માલૂમ પડયું કે આસ્માનના સર્વ ફરિશ્તા નૂરાની તબાક઼ હાથોમાં લઈને ટોળીઓમાં નીચે આવી રહ્યા છે અને ખ્વાજા તુસ્તરીના જનાઝા પર નિછાવર કરી રહ્યા છે. હું એ કારણે મુસલમાન થયો છું કે દીને મુહમ્મદી ﷺમાં આવા લોકો પણ છે." પછી શયખુલ ઈસ્લામ ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને આલમે તફક્કુરમાં આ શેઅર પઢયો :

*દર કૂએ આશિકાં ચુનાં જાન બહન્દ*
*કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ*

## બાયઝીદ رحمۃاللہ علیہનો જનાઝો અર્શે ખુદા છે !

પછી એ જ મૌકા હેઠળ ફર્માવ્યું કે એકવાર શયખ અલી رحمۃاللہ علیہએ ખ્વાબમાં જોયું કે અર્શ માથા પર ઉઠાવીને જઈ રહ્યો છું. જ્યારે દિવસ થયો તો વિચારવા લાગ્યો કે આ ખ્વાબ કોની સમક્ષ વર્ણન કરું ? પછી ખયાલ આવ્યો કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃاللہ علیہના સિવાય કોણ છે જે એની તઅબીર કરી શકે ?! જ્યારે ગયા તો જોયું કે મુસલમાનોમાં કોહરામ મચેલો છે, આશ્ચર્યમાં પડીને પૂછ્યું કે આ કોહરામનું કારણ શું છે ? જાણવા મળ્યું કે ખ્વાજા બાયઝીદ رحمۃاللہ علیہ ઈન્તેકાલ કરી ચૂક્યા છે. શયખ અલી નારો મારતા રવાના થયા. જ્યારે જનાઝાની નજીક આવ્યા તો જનાઝો શહેરની બહાર નીકળી ચૂક્યો હતો, અને આમ પબ્લિક હતી. આપ ભીડને ચીરતા જનાઝાની પાસે આવી પહોંચ્યા અને જનાઝો માથા પર ઉઠાવ્યો. અર્ઝ કરી," હે ખ્વાજા બાયઝીદ ! હું તો ખ્વાબની તાબીર પૂછવા આવ્યો હતો. ફર્માવ્યું, હે અલી ! જે ખ્વાબ તેં જોયો હતો એની તાબીર આ જ છે. આ જ બાયઝીદનો જનાઝો અર્શે ખુદા છે જેને તું માથા પર ઉઠાવીને જઈ રહ્યો છે."

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હું ત્રીસ વરસ મુજાહિદાના આલમમાં રહ્યો. મને દિવસ રાતના કોઈ તમીઝ ન હતી. અલ્બત્ત નમાઝના સમયે નમાઝ અદા કરી લેતો હતો અને એ જ આલમમાં મશ્ગૂલ થઈ જતો.

## ખ્વાજા કુત્બુદ્દીનનો જનાઝો ફરિશ્તા ઉઠાવીને જતા જોયા

પછી ફર્માવ્યું કે જે દિવસે ખ્વાજા કુત્બુદ્દીન મૌદૂદ ચિશ્તી

قدس سره એ ઈન્તેક઼ાલ કર્યો તે દિવસે આપનુ શરીર મુબારક કમજોર થઈ ગયું હતું. સાથીઓ સાથે બેઠેલા હતા એવામાં એક શખ્સ રેશમી કાગળ હાથમાં લઈને ખિદમતમાં હાજર થયો અને સલામ કરીને કાગળ દેખાડયો. જેવું ખ્વાજા સાહબે એના પર બિસ્મિલ્લાહ લખેલું જોયું તુરત જ ઈન્તેક઼ાલ કરી ગયા. શોર મચી ગયો કે ખ્વાજા કુત્બુદ્દીન رحمۃ اللہ علیہ ઈન્તેક઼ાલ કરી ગયા. ગુસ્લ આપીને જનાઝો તૈયાર કર્યો. કોઈની મજાલ ન હતી કે ઉઠાવે, સૌ હેરાન હતા. કેટલીક વાર પછી અવાજ આવ્યો તો લોકોએ નમાઝ અદા કરી. જ્યારે ચાહ્યું કે જનાઝો ઉઠાવીએ તો અલ્લાહના હુકમથી આપોઆપ હવામાં આગળ આગળ રવાના થયો અને લોકો પાછળ પાછળ ચાલવા લાગ્યા. જેટલા બેદીન હતા સૌ આવીને મુસલમાન બન્યા. તેમને પૂછવામાં આવ્યું કે ક્યા સબબે તમો મુસલમાન બન્યા ? અમે અમારી આંખો વડે જોયું કે ખ્વાજા સાહબનો જનાઝો ફરિશ્તા ઉઠાવીને લઈ જઈ રહ્યા છે. જ્યારે શયખુલ ઈસ્લામે આ હિકાયત ખત્મ કરી તો નારો મારીને ગબડી પડયા અને આ શેઅર પઢયો :–

*દર કૂએ આશિકાં ચુનાં જાન બહન્દ*
*કઇંજા મલકુલ મૌત નગન્જદ હરગિઝ*

એ અરસામાં મોઅઝઝિને અઝાન આપી, આપ નમાઝમાં મશગૂલ થયા અને હું તથા લોકો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

૨–માહે રબીઉલ અવ્વલ હિ.સ. ૬૫૬ના રોજ ક઼દમ બોસીનો શરફ હાંસલ થયો. આ બંદાને ખિલ્અતે ખાસથી મુશર્રફ કર્યા અને અઝીઝો સાથીઓ ખિદમતમાં હાજર હતા. ઝબાન

મુબારકથી ફર્માવ્યું કે મૌલાના નિઝામુદ્દીન ! તમને અમે હિંદુસ્તાનની વિલાયત આપી અને સાહિબે સજ્જાદા કર્યા. જેવું આવું ફર્માવ્યું મેં બેવાર (બારગાહે રબમાં) સજદો કર્યો. હુકમ થયો, હે જહાંગીરે આલમ ! માથુ ઉઠાવો ! આપે શયખ કુત્બુદ્દીનની જે દસ્તાર માથા પર રાખી હતી તે અર્પણ કરી અને અસો (લાકડી) આપ્યો અને ખિર્કો પોતાના હાથ વડે પહેરાવ્યો અને ફર્માવ્યું, બે રકાત અદા કર ! જ્યારે ક઼િબ્લા તરફ મેં ચહેરો કર્યો તો હાથ પકડીને આસ્માનની તરફ કરીને ફર્માવ્યું કે તને ખુદાને સોંપ્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે આ સર્વ કાંઈ હું તને આપું છું એટલા માટે કે તું અંતિમ સમયે મારી પાસે નહીં હોય. ફર્માવ્યું કે હું પણ મારા શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ ના ઈન્તેક઼ાલ વખતે હાજર ન હતો. તે વખતે હું હાંસી હતો.

## વિસાલ વેળા પણ હુઝૂરની ફિક્રે ઉમ્મત

ત્યારબાદ ફર્માવ્યું (હુઝૂર ﷺના વિસાલ બારામાં) કે જ્યારે તકલીફ હદથી અધિક વધી ગઈ તો સરવરે કાઈનાત ﷺ ત્રણ દિવસ સુધી મસ્જિદમાં તશરીફ ન લાવી શકયા. ત્રીજા દિવસે હઝરત બિલાલ رضی اللہ عنہ રસૂલે ખુદા ﷺના હુજરા મુબારકના દરવાજા પાસે આવ્યા અને અવાજ આપ્યો : અસ્સલાત યા રસૂલલ્લાહ ! રસૂલે ખુદા ﷺ ઉઠયા અને ફર્માવ્યું, બિલાલને કહો કે અબૂબક્ર તથા ઉમર આવે જેથી મને મસ્જિદ લઈ જાય. અબૂ બક્ર, ઉમર, ઉષ્માન તથા અલી (رضی اللہ عنہم) આવ્યા અને રસૂલે ખુદા ﷺ તેમના ખભાઓ પર હાથ મુબારક રાખીને મસ્જિદમાં તશરીફ લાવ્યા. ઈમામત કરવા ચાહી પણ ન કરી શકયા. અબૂ

બક્ર رضی اللہ عنہનો હાથ પકડીને આગળ ઉભા કર્યા. આ હાલત જોઈને સહાબા નારો મારવા લાગ્યા, નજીક હતું કે સહાબા ભાવનાના આવેશમાં રડી પડે. છેવટે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હુજરામાં પરત તશરીફ લાવ્યા, અને સૂઈ ગયા.

ત્યારબાદ મલકૂત મૌત તથા હઝરત જિબ્રઈલ علیہ السلામના આવવાનું વર્ણન કયું.) જિબ્રઈલ علیہ السلامએ આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આસ્માનોના ફરિશ્તા નૂરના થાળો હાથમાં લઈને જનાબના આગમનના મુન્તઝિર છે અને જન્નત તથા આસ્માનના દરવાજાઓ ખોલી દેવામાં આવ્યા છે અને અંબિયાની રૂહો મુન્તઝિર છે. બહિશ્તી હૂરો દીદારની મુન્તઝિર છે. રિઝવાને બહિશ્ત સજાવી છે કે જેથી આપ તશરીફ લાવો. ફર્માવ્યું, એ નથી પૂછતો, એ કહો કે મારા ઈન્તેક઼ાલ બાદ મારી ઉમ્મતનો શો હાલ થશે ? અર્ઝ કરી, હુકમ થયો છે કે આપ આપની ઉમ્મતને ખુદા તઆલાના હવાલે કરી દો. ફર્માવ્યું, મારો મક઼સદ પણ એ જ હતો.

ત્યારબાદ મલકૂલ મૌતને ઈજાઝત આપી. પાણીનો ભરેલો પ્યાલો આં હઝરત صلی اللہ علیہ وسلمની પાસે હતો એ વખતે દસ્ત મુબારક તેનાથી તર કરીને સીના પર ફેરવતા હતા અને ફર્માવતા હતા : اللّٰهم هون سكرات الموت હે અલ્લાહ ! મૌતની સખ્તીને આસાન કર ! જ્યારે સમય તદ્દન નજીક આવી ગયો તો આપ લબ મુબારક હલાવતા હતા. હઝરત ફાતિમા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં કાન લગાડીને સાંભળ્યું કે ફર્માવી રહ્યા હતા, હે અલ્લાહ ! મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ના જાન દેવાની હુર્મતથી મારા ઉમ્મતીઓ પર રહમ ફર્માવ. આખરી સમય સુધી એ જ ફર્માવતા રહ્યા.

જ્યારે શયખુલ ઈસ્લામ એ ખત્મ કરી ચૂક્યા તો તમામ હાઝરીને મજલિસથી નારો ઉઠયો અને શયખુલ ઈસ્લામ બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો મારા તરફ સંબોધીને ફર્માવ્યું, જેના ખાતર તમામ મખ્લૂક઼ાત પેદા કરવામાં આવી અને જેની દોસ્તીના ખાતર હક્ક઼ તઆલાએ પોતાની સલ્તનત જાહેર કરી, તેમને દુનિયાથી ઉઠાવી લેવામાં આવ્યા તો પછી હું અને તમે કઈ ગણત્રીમાં છીએ ! જેથી આપણે આપણને પણ મુર્દામાં ખયાલ કરવો જોઈએ અને ગફલત તથા વાતોચીતોમાં મશ્ગૂલ ન થવું જોઈએ જેથી કરીને ક઼યામતના દિવસે શર્મિંદગી ન ઉઠાવવી પડે.

જ્યારે શયખુલ ઈસ્લામ આ ખત્મ કરી ચૂક્યા તો શમ્એ દબીર આદાબ બજાવી લાવ્યો અને અર્ઝ કરી કે ખ્વાજા નિઝામીની નઝમ યાદ છે, જો ઈજાઝત હોય તો પઢું. ફર્માવ્યું, પઢો : જ્યારે નઝમ પઢી તો શયખુલ ઈસ્લામમાં જાણે જાન આવી ગઈ. એક પહોર સુધી એ જ હાલત રહી.

નઝમ બાદ તિલાવતમાં મશગૂલ થયા. મેં લોકોથી સાંભળ્યું છે કે પછી ઈન્તેક઼ાલ સુધી કોઈની સાથે વાતચીત નથી કરી, કેવળ યાદે ઈલાહીમાં વ્યસ્ત રહ્યા. અલ્લાહ બેહતર જાણનાર છે. નઝમ જે શમ્સ દબીરે પઢી હતી તે આ છે :–

جہان چیست بگذر ز نیرنگ او — رہائے بجنگ آر از چنگ او
مقیمے نہ بینی دریں باغ کس — تماشا کند ہر یکے یک نفس
دریں چارسو ہیچ بیگانہ نیست — کہ کیسہ بہ ہر مرد خودکامہ نیست
درو ہر شے نو برسے میرسد — یکے میرود دیگرے میرسد

جہاں گرچہ آرام گاہے خوش است — شتابندہ را نعل در آتش است
دو در دارد ایں باغ آراستہ — در و بند ایں ہر دو برخواستہ
درآ از در باغ بنگر تمام — ز دیگر در باغ بیروں خرام
اگر زیرکی با گلے خو مگیر — کہ باشد بجا ماندنش ناگزیر
دریں دم کہ داری بشادی بسیچ — کہ آیندہ در زیر ہیبت و پیچ
یکے مے در آرد بہ ہنگامہ تیز — دگر راز ہنگامہ گوید کہ خیز

نظامی سبکباریاراں شدند
تو ماندی بغم غمگساراں شدند

---

## નઝમનો ભાવાર્થ

૦૧. દુનિયાની હકીકત શું છે એના ધોકાથી તું બચીને રહે અને તેના ધોકાબાઝ પંજાથી સંપૂર્ણ આઝાદી હાંસલ કરી લે.

૦૨. આ બાગમાં (દુનિયામાં) તું કોઈને હમેશાં રહેનારો જોઈશ નહીં એક એક કરીને સર્વ લોકો તમાશો કરે છે અને ચાલ્યા જાય છે.

૦૩. આ દુનિયામાં ચોતરફ કોઈ ચીજ અજનબી તથા નવી નથી એટલે કે દરેક બાજુ ઈબ્રત (બોધ લેવાના) નમૂના મૌજૂદ છે. કેમ કે જુઓ ખુદ માણસનું ગજુ કામનું નથી.

૦૪. એમાં દરેક સમયે એક નવું ફાલ (બાળક સ્વરૂપે) આવે છે એક આવે છે અને બીજો ચાલ્યો જાય છે.

૦૫. દુનિયા જો કે એક સારી આરામગાહ છે.

૦૬. આ ખૂબસૂરત બાગના બે દરવાજા છે. અને એ બંનેવના કિવાડ ખુલેલા છે.

૦૭. બાગના એક દરવાજાથી અંદર દાખલ થા (અને કુદરતનો નઝારો કર) અને બાગના બીજા દરવાજાથી બહાર થઈ જા (આખેરતની તરફ સફર કર).

૦૮. જો તું બુદ્ધિશાળી છે તો સારા ફૂલ (નેક લોકો)ની સોહબત અપનાવ એટલા માટે કે યક઼ીનન ! તું એની જેવો થઈ જઈશ.

૦૯. આ જ ફુરસદ તારી પાસે છે (એટલે બાક઼ી રહેલી જિંદગી) એમાં ખુશીથી તૈયારી કરી લે. કેમ કે (ક઼યામતના દિવસે) મુશ્કેલી તથા મુસીબતમાં એ (સારી તૈયારી) પણ કમ છે.

૧૦. અય 'નિઝામી' દોસ્ત તથા સંબંધીઓ ફારિગ થઈ ગયાં (અને જન્નતમાં ચાલ્યા ગયાં) તું ગમઝદા રહી ગયો અને તેઓ ગમખ્વાર થઈ ગયા.

## ખ્વાજાએ હિંદ વો દરબાર હૈ આ'લા તેરા

*અઝ : હઝરત હસન રઝા બરેલ્વી رضی اللہ عنہ*

ખ્વાજાએ હિંદ વોહ દરબાર હૈ આ'લા તેરા
કભી મેહરૂમ નહીં માંગનેવાલા તેરા

હૈ તેરી ઝાત અજબ બહ્‌રે હક઼ીક઼ત પ્યારે
કિસી તૈરાકને પાયા ન કિનારા તેરા

ગુલશને હિંદ કે શાદાબ કલેજે ઠંડે
વાહ રે ! અબ્રે કરમ રોઝ બરસના તેરા

તેરે ઝર્રે પે મઆસીકી ઘટા છાઈ હૈ
ઈસ તરહ ભી કભી ઐ મેહર હો જલ્વા તેરા

ફિર મુઝે અપના દરે પાક દિખા દે પ્યારે
આંખેં પુરનૂર હોં ફિર દેખકે જલ્વા તેરા

કયૂં ન બગદાદ મેં જારી હો તેરા ચશ્મા એ ફૈઝ
બહ્‌રે બગદાદ હી કી નહેર હૈ દરયા તેરા

જબસે તૂને ક઼દમે ગૌષ લિયા હૈ સર પર
ઔલિયા સર પે ક઼દમ લેતે હૈં શાહા તેરા

મુહયુદ્દીન ગૌષ હંય ઔર ખ્વાજા મુઈનુદ્દીન
ઐ 'હસન' કયૂં ન હો મેહફૂઝ અક઼ીદા તેરા

☆ ☆ ☆